કુમાર

સળંગ અંક ૧૦૮



તંત્રી : રવિશંકર રાવળ

આસો

અમળજી • ફોટો : કનુ દેસાઈ



મુદ્રક: ભુચુભાઇ પોપટભાઇ રાવત: તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી—કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

'કુમાર'નું વાર્ષિક લવાજમ, આ વર્ષ પૂરતું વાર્ષિક રૂ. ૮ (પરદેશના ૧૫ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધીએ છીએ: ગ્રાહક થનારને પાછલા બધા અંકો મળશે.

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ: તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



મસૂરીમાંથી હિમગિરિદર્શન

ઑઈલ સ્કેચ · રવિશંકર રાવળ

બિન્દુ

• પૃથ્વી •

શમે સમદરે જઇ સલિલબિન્દુ, મૌક્તિકદલે
લસે, ઘુતિ ઝીલે, મહાસમરભેરીના તાનમાં
કરે પ્રલયનર્તનો તડિતતાણ્ડવે છોળતાં;
ખુએ સુહૃદ સાથમાં મળી જતાં જરી વ્યક્તિતા?
અરે, નહિ; ધરી રહે અમિત શક્તિઓ સિંધુની.
ઉડે અનિલલ્હેરમાં અહીંતહીં અણુ રેણુનો,
અતિ તરલ ક્ષુદ્ર શો? પણ મળી જતાં મેરુમાં
ધરે અડગના પ્રવાત, ઘનવૃષ્ટિને ડારતી.

વિરાટ જનસાગરે મળી જતાં, પ્રભો, હું લહું
કહો ક્યમ પછી ઉરે લગીર સ્વાર્થચિંતા? ચહું
અણુઅણુનું ઐક્ય, ઊર્મિદ્રવઊર્મિસંગાથમાં
દમેદમ ભરૂં વિરાટ ઉરના વિભુપ્રાણમાં;
ત્યજી જડ અહમ્ શમાવી દઉં ક્ષુદ્ર વ્યક્તિત્વને,
અનંત ધબકારના અનુભવું મહાતાનને.

રતિલાલ શુકલ



જર્મન પ્રજાસત્તાકના પ્રમુખ હિન્ડન્બુર્ગનો હરીફ

ઍડૉલ્ફ હિટ્લર



છેલ્લા મહાયુદ્ધના જગવિખ્યાત જર્મન સેનાપતિ હિન્ડન્બુર્ગે, યુદ્ધના અંતે સર્વનાશનાં ખાડામાં પડતા જર્મનીને જે દેશપ્રેમ, ધીટતા અને દક્ષતાથી બચાવી લીધું અને આજ લગી તેની રાજનૌકાનું સુકાન સલામત સાચવ્યા કર્યું તેને લીધે એ વીર યોદ્ધાનું સ્થાન જર્મન પ્રજાના હૃદયમાં આરાધ્યસ્થાને છે. એકેએક જર્મનનો આજે એ હૃદયનાથ છે ને તે દિવસથી તે હમણાં સુધી એ જર્મન પ્રજાસત્તાનો પ્રમુખ રહ્યો છે. પણ જર્મનીની 'રીશટૅગ' (પાર્લામેન્ટ)ની છેલ્લી ચૂંટણીઓમાં હમણાં હમણાં, એ વીર હિન્ડન્બુર્ગની સામે એક જબરદસ્ત પ્રતિસ્પર્ધી ઊભો થયો છે. વયે અને અનુભવે તો તે હિન્ડન્બુર્ગના કરતાં અરધો છે. છતાં છેલ્લાં સાત વર્ષમાં એણે જર્મન પ્રજાહૃદય પર અસાધારણ આધિપત્ય જમાવ્યું છે. ૮૪ વર્ષની વયના હિન્ડન્બુર્ગ જેવા મુત્સદ્દીની સામે હરીફાઇ કરવાને ઉભા થએલા એ ૪૪ વર્ષના જુવાન હિટ્લરની જીવનકથા જાણવાજેવી છે.

આજકાલ જર્મનીમાં મહાત્મા ગાંધીજીની, અહીંની સ્વાતંત્ર્ય લડતના નેતા હિટ્લર સાથે અનેક વાર સરખામણી થતી સાંભળવામાં આવે છે. આ સંબંધમાં કાંઇક અજવાળું પાડવાના જ નહિ પરંતુ આવતી કાલના જર્મનીના એ ઘડનારના જીવન તથા જીવનધ્યેય સંબંધે માહિતી આપવાના હેતુથી 'કુમાર'ના વાચકોને માટે આ લખું છું. રાજનીતિને બાજુએ મૂકીએ તોપણ આ જર્મન નેતાનું જીવન એટલું પ્રેરણાપ્રદ છે કે યુવકોની સમક્ષ એ મુકાવું જ જોઇએ. વારસામાં મળેલી મહત્તા કે દ્રવ્ય દ્વારા સાંપડેલી સત્તા યુવાનોના હૃદયતરંગોને શા ખપની? યુવાવસ્થા તો 'उत्तमा आत्मनः ख्याताः।' એ ન્યાયે સંકટોનો સામનો કરી વિજયી બનનાર વીરોને જ આદર્શ તરીકે સ્વીકારે. હિટ્લરની એ વિશિષ્ટતા છે કે અકીર્તિના અંધારામાંથી એ કીર્તિના ઉજ્વલ કળશે પહોંચ્યો છે, કેવળ પોતાના જ પરિશ્રમથી.

આજે જર્મન પ્રજાનું ભાવી ખિસ્સામાં રાખી ફરનાર હિટ્લરનો જન્મ લગભગ ૪૪ વર્ષ પહેલાં ઑસ્ટ્રિઆના કોઇ નાનકડા ગામડામાં થએલો. મધ્યમ કુટુંબમાં અવતરેલો આ બાળક પોતાની ભાવિ મહત્તાના ઝબકારા એની બાલ્યાવસ્થામાં બતાવી શક્યો હોય એમ જણાતું નથી. સંજોગો એવા બન્યા કે કુમારાવસ્થાએ પહોંચતાં જ તે માતાપિતા ગુમાવી બેઠો. અનાથ બનેલો પંદર વર્ષનો આ જુવાનીઓ મૂઠી ધાન માટે ઑસ્ટ્રિઆના મુખ્ય શહેર વિએનામાં ધંધો શોધવા આવ્યો ત્યારે 'આ ભાવિ જર્મનીનો મુસૉલિની થશે' એ કલ્પના પણ કોઇને નહિ આવી હોય. કેળવણીની કાંઈ વિશિષ્ટતાના અભાવે એને ધંધાની શોધમાં યે ઠીક ગોથાં ખાવાં પડ્યાં. કોઈ વાર કામ મળે, કોઇ વાર ન યે મળે, એવી સ્થિતિમાં કડીઆનું કામ કરતાં 'હાથમાં તેટલું મોંમાં' જેવી દશામાં એણે જીવનનાં પાંચ છ વર્ષ વીતાડ્યાં. જાણે આ રીતે ગરીબ અને મજૂરવર્ગનાં જીવન તથા માનસમાં ઉંડા ઊતરવાની તક એને વિધાતાએ ન આપી હોય! આ કામમાંથી અચાનક ખસીને તે જર્મનીમાં બૅવેરીઆના મુખ્ય શહેર મ્યૂનિચમાં આવી વસ્યો. આ કળાપૂજક શહેરમાં એણે પોતાના કડિયાના કામને તિલાંજલી આપી અને ચિત્રાલેખન દ્વારા નિર્વાહ ચલાવવા માંડ્યો.

(અનુસંધાન આગળ પાન ૫૭૫-અ)

જેણે માત્ર પાંચ જ વર્ષમાં

અફાટ વેરાન ખેતરોમાંથી અનગળ પાક ઉતાર્યા
સુક્કાં મેદાનોમાં જંગી કારખાનાં ધમધમતાં કરી મૂક્યાં
બરફ છાએલી મરુભૂમિમાં જટાજૂથ માનવવસ્તી જમાવી
પછાત સ્ત્રીવર્ગ અને અજ્ઞાન આમવર્ગને સંસ્કારસમૃદ્ધ કર્યાં
ભૂખે મરતા ખેડૂતો અને કંગાલ કામદારોને પુષ્ટ અને પ્રસન્ન નાગરિકો બનાવ્યા
દલિતો અને પીડિતોને અંધારગર્તમાંથી ઉગારી પ્રગતિનો પ્રકાશ બતાવ્યો-બલ્કે
પૃથ્વીના ભૂમિવિસ્તારના છઠ્ઠા ભાગની—જગતની વસ્તીના અગિયારમા ભાગની

પાંચ વર્ષમાં કાયાપલટ

કરી નાખી તે, રશિયાની જંગી પાંચવર્ષી યોજનાનું શબ્દો જેટલું જ ચિત્રોમાં વર્ણન આપતો લેખ.

જગતસમસ્તની બત્રીશીએ ચડેલો રશિયાનો પાંચવર્ષી કાર્યક્રમ (five-year plan) આજકાલ જગતના ઇતિહાસનો એક મહા પ્રસંગ લેખાય છે. અને એ શબ્દ આજે રશિયાની સોવીએટ સરહદની યે પાર દૂર દૂરના દેશોના છેડા સુધી એક મંત્રોચ્ચારણ સમો ધ્વનિ ફૂરી રહ્યો છે; કારણકે તે મારફત જગતની સંસ્કૃતિ અને આર્થિક નીતિનાં નવાં પગરણ મંડાય છે.

ચારચાર વર્ષનાં પરદેશનાં તેમજ અંદરઅંદરનાં યુદ્ધો કરી તથા શાહીવાદને નેસ્તનાબૂદ કરી પરવારતાં સોવીએટ યૂનિયનનું બળમાત્ર ખપી ગયું હતું. છતાં મધ્યયુગની આંધળી અર્થનીતિનો વારસો ઘસી નાખી તેણે વીસમી સદીનાં નવાં રૂપો નભાવી શકે એવી એક આર્થિક અને ઔદ્યોગિક ઘટનાનો સમારંભ ઉપાડ્યો. તે જ આ પાંચવર્ષી કાર્યક્રમ.



યૂનિયન ઑફ સોશ્યલિસ્ટ સોવીએટ રિપબ્લિક્સ (U. S. S. R)નું સમગ્ર રાજ્ય બતાવતો નકશો
જેમાં યુરોપી અને એશિયાઈ તુર્કસ્તાન તથા સાઇબીરિયાના વિશાળ પ્રદેશોનો સમાવેશ થાય છે.



ત્રણ વરસ પહેલાં સાઇબીરિયાના જે વેરાન શુષ્ક પ્રદેશમાં બર્ચનાં રડ્યાંખડ્યાં ઝાડ સિવાય કશું નજરે નહોતું પડતું તેની→

એ યોજનામાં મોટી નફાખોરી માટે હરીફાઇ કરી રહેલા યુરોપ અમેરિકાના દ્રવ્યાર્થીઓની રાક્ષસી ધમાલ નથી, પણ મહેનતુ વર્ગના જીવનની પરિપૂર્ણતા નિભાવી સંતોષમય સમાજ માટે પૂરતા ઉદ્યોગો અને કામગરી ચાલુ રાખવાની ગોઠવણ છે. એમાં કાથળીઓ ખડકી ગણાવવાનો ઉદ્દેશ નથી, પણ દેશના એકેએક વ્યક્તિને દેશની સંપત્તિનો, પૂરામાં પૂરો લાભ, સરખે હિસ્સે પહોંચતો કરવાની સાધના છે. અને એના પરિણામો એવાં તો લક્ષ્યદર્શી આવ્યાં છે કે આ યોજના વહેલી મોડી દુનિયાના એકેએક દેશ તથા મનુષ્યને સ્પર્શ કરીને નવીન યુગરચના તરફ આકર્ષ્યા વિના રહેશે નહિ.

વિરાટ દેશ

આજનું રશિયા એટલે તમે શું સમજો છો? દુનિયાનો નકશો જોશો તો ખાતરી થશે કે પૃથ્વીના છઠ્ઠા ભાગના વિસ્તારની જમીન રોકતો એ પ્રચંડ ભૂમિવિસ્તાર અનેક પ્રજાઓ અને પ્રદેશોનો, વાતાવરણ અને રાજસંસ્થાઓનો એક જંગી ઝુમખો બની રહ્યા છે. એની ઉત્તર કિનાર પર બારે માસ હિમાચ્છાદિત દેશો વિસ્તરેલા છે. મહાન સરોવરો, નદીઓ, પહાડો, ખેતરાઉ ભૂમિ, ગરમ પ્રદેશો અને પચરંગી માનવજાતો, એવી વિવિધ નિસર્ગલીલા અને જીવસૃષ્ટિ તેની સરહદમાં છે. હજી પાંચ જ વરસ પર એના વિશાળ પ્રદેશો ઉજ્જડ શૂન્ય પડ્યા હતા. આજે એ જ ભૂમિમાં માત્ર પાંચ જ વર્ષમાં—કેવળ સાઠ જ મહિનામાં—જંગી ઉદ્યોગ-કારખાનાં અને વીજળીનાં પાવર સ્ટેશનો, ધાતુની ભઠ્ઠીઓ, તેલના કૂવાઓ, પૂલો, વીજળીક રેલવેઓ અને બીજાં વાહનો—બધું એકદમ નવું જ તૈયાર કરેલું—પથરાઇ રહ્યું છે. માઇલોના માઇલો સુધી વિસ્તરી રહેલાં લચાલૂમ ખેતરો, તેનાં યાંત્રિક હળો, વાવણી અને કાપણીનાં યંત્રો તથા અનગળ પાકના ગંજ, સમૃદ્ધિનાં હાસ્ય જેવાં ત્યાં છાઈ રહ્યાં છે. ઇસ્પિતાલો, નિશાળો, બગીચાઓ, વિનોદાલયો, આરોગ્યભવનો ને મંડળોનો તો કાંઇ શુમાર નથી. અને એ બધું કરવા પાછળ મંડી પડેલી અસાધારણ માનવમેદની; (જાતિવિવિધતાને કારણે અસાધારણ નહિ, પણ અકલ્પ્ય અને અવનવી જોશભરી ઊર્મિઓ દર્શાવતા ચહેરાથી જ અસાધારણ એવી માનવમેદની) જોઇને આશ્ચર્યચકિત જ થઇ જઇએ. એ લોકો જ આજનું નવું રશિયા. એ દેશનું ખરૂં નામ તો યુનિયન ઑફ સોશ્યલિસ્ટ સોવીએટ રિપબ્લિક્સ જેને ટુંકાવીને U.S.S.R.ના નામથી દુનિયા આજે ઓળખે છે. સોળ કરોડ પ્રજાજનોનું એ શાસન.

આત્મોદ્ધાર માટેની એ પાંચવર્ષી યોજનાથી એ પ્રજા નવામાં નવી ઢબનાં રાક્ષસી કારખાનાં અને માઇલોનાં ખેતરો જમાવી એવી સુખી અને ઉદ્યમપરાયણ બની છે કે તેવી સ્થિતિ મેળવીને કોઇ પણ દેશ સગર્વ રહી શકે. રોજરોજ નવાં જંગી કારખાનાં જ્યાં ચાલુ થતાં હોય, મોટરનાં હળો નવાનવા વણ-



પાંચવર્ષી યોજનાને પ્રતાપે અનગળ દ્રવ્ય ઉપજાવતાં અફાટ ખેતરોમાંનું મૉસ્કો પરગણાનું એક ખેતર.



આજે પાંચવર્ષી યોજનાને પરિણામે કાયાપલટ થઇ ગઇ છે. આજે ત્યાં કુસ્નેઝત્રોઇનાં જંગી કારખાનાં ધમધમી રહ્યાં છે.

ખેડવા વિસ્તાર ખેડી રસાળ ભૂમિ તૈયાર કરી આપતા હોય, કોટયાનકોટિ લોકો નવી આશા અને નવાં સુખ ભોગવતા જીવન માણતા હોય, બેકારીનો ત્રાસ માત્ર જ્યાંથી અદશ્ય થયો હોય, એવા દેશની વાત નવી અને ચમત્કારિક લાગ્યા વિના રહેશે નહિ.

ગણત્રીબંધ નિરધાર

'પાંચ વર્ષનો કાર્યક્રમ' એ શબ્દ આજ જે સર્વને મોઢે બોલાતો થયો છે, તે મૂળે રશિયાની આર્થિક પુનર્ઘટનાનો પ્રયાસ કરતાં જન્મ પામ્યો છે. આજે તો હવે બધા દેશો તેનો પ્રયોગ કરે છે. અને સૌ દેશોએ એ પરથી એટલું સ્વીકાર્યું પણ છે કે આપણાં દુઃખ દૂર કરવાને ગણત્રીબંધ આર્થિક ઉન્નતિની યોજના જ તરણોપાય છે. ઇ. ૧૯૨૭માં રશિયાની સરકારે કેટલાક હોશિયાર માણસોની મંડળીને રશિયાની આર્થિક આંકણી અને તપાસ કરવાનું કામ સોંપ્યું તે વખતે બધે ખળભળાટ થઇ ગયો હતો. અમેરિકાના એક પત્રકારે લખ્યું કે 'કોઇ એકાએક વૉશીંગ્ટનની રાજગાદી પરથી એક પેન્સિલ વડે બધી રેલવે કંપનીઓ, પાવર કંપનીઓ, ખાણોવાળા, જથ્થાબંધ વેપારીઓ, ખેડૂતો, આડતિયાઓ, બેંકો વગેરે પર હુકમ કાઢે કે આવતી કાલથી પાંચ વર્ષ માટે તમારે તમારો માલ, વહીવટ વગેરે અમુક જ રીતે ઉત્પન્ન કરવાનાં તથા ચલાવવાનાં છે તો હેત્રી ફૉર્ડ જેવા પણ એ વટહુકમ આગળ ઠંડાગાર થઇ જાય! છતાં એવો જ વટહુકમ અમેરિકા કરતાં એ મોટા વિસ્તારના અને વિવિધ જાતિઓથી વસાએલા અટપટા મુલકમાં કાઢવાની હિંમત બતાવનારા રાજતંત્રીઓ પડયા છે!' મિ. ચેઝને આવી ટકોર લખ્યાને એ આજ ચાર વર્ષ વીતી ગયાં અને પાંચવર્ષી સાધનાએ એટલાં વર્ષનું કામ પણ પૂરૂં કરી બતાવ્યું છે.

માત્ર સોળ હોશિયાર માણસોની મંડળીના હાથમાં સત્તા મૂકી છેલ્લાં ચાર વર્ષોમાં એ સોવીએટ યૂનિયને બતાવી આપ્યું છે કે પ્રજાના અગ્રણીઓ જો પ્રજાની ઇચ્છાના હમેશના રક્ષકો થઇને જ વર્તે અને રાજકીય તથા આર્થિક બંધારણની લગામો પ્રજાનું ભાવિ સુધારવા પૂરતી સત્તાથી ચલાવે તો તેનો અમલ કરવામાં સમસ્ત પ્રજાનો ટેકો અને સહકાર મળે જ છે. એ યોજનામંડળના સોળ સભ્યો તો તેમના હુકમના સંચાલકો જ માત્ર હતા.



એ જ પાંચવર્ષી યોજનાએ બાકુમાં ઘાસતેલના કૂવાનાં કારખાનાંનું આવું જટાજૂટ જંગલ ખડું કરી દીધું છે.

ભૂમિકા

વળી કેવળ ગણત્રીબાજોની બુદ્ધિ કે કુશળતાથી જ આવી યોજનાનો અમલ થઇ શકે એવું કોઇ ધારે તો ભૂલ થશે. સમસ્ત સમાજના કલ્યાણની આવી યોજનાનું ગણિત અમલમાં લાવવા પૂર્વે કેટલીક ભૂમિકા તૈયાર જોઇએ. અને તે સૌશ્યલીઝમ અથવા સમાજવાદથી જ સારી થઇ શકે. રશિયાની ક્રાંતિપ્રસંગે જે સમાજવાદ પ્રકટ થયો તે સિવાય આવી ગણત્રીબંધ આર્થિક



પાકની : ગુણોના ગંજ : અનગળ ધાન્યસમૃદ્ધિ




બુખારાનો સાદડી ગૂંથનારો. આવો સમગ્ર આમવર્ગ આજે પાંચવર્ષી યોજનાનાં સુફળ ભોગવી રહ્યો છે.

યોજના શક્ય ન જ થાત.

નીચે જણાવેલી સ્થિતિ સમાજમાં હોય તો જ પાંચવર્ષી યોજના જેવી યોજના સફળ થઈ શકે.

૧ દેશની, અંતરથી પ્રગતિ ચાહતા શ્રમપરાયણ પ્રજાવર્ગની ઈચ્છાઓની જ દર્શક અને સાધન રૂપ રાજસત્તા હોવી જોઇએ.

૨ જમીન, કારખાનાં, ઉદ્યોગો, બેંકો, ખનીજક્ષેત્રો



રબરનાં કારખાનાંના કારીગરોનું મૉસ્કોનું આ આલીશાં કલબ-હાઉસ બતાવી આપે છે કે પાંચવર્ષી યોજનાએ સમૃદ્ધિની સમાન વહેંચણી સાથે સંસ્કાર તથા આનંદવિનોદનો પણ સમાન હક્ક છેક આમવર્ગના નીચલા થર સુધી પહોંચાડયો છે.

ને વ્યવહારનાં સાધનો પ્રજાસમસ્તનાં બનવાં જોઇએ.

૩ પરદેશના વેપાર પર રાજતંત્રનો કાબુ હોવો જોઇએ અને આર્થિક યોજનાનાં સાહસોની અનુકૂળતા ઉતારવાને દેશબહાર માલ લેવા તથા વેચવાની સત્તા પણ તે સાથે રહેવી જોઇએ.

૪ પોતાના જાતિબંધુઓની મહેનત પર કાબુ રાખી નિર્વાહ કરનારા વર્ગો અને તત્ત્વો પર અંકુશ અથવા સત્તાફેર થવો જોઇએ;–ખાસ કરીને ખેતીની બાબતમાં.

૫ શ્રમનિર્વાહી જનતાની સર્જક શક્તિઓને સમસ્ત કલ્યાણમાં યોજવી.

૬ જનતાની આર્થિક, સામાજિક અને સંસ્કારપ્રદ સંસ્થાઓ માટે એક સુદૃઢ બંધારણ ઘડવું જોઇએ અને તેના મુખ્ય સંચાલકો તરીકે સૌથી વધુ સેવાપરાયણ, નિઃસ્વાર્થી અને આર્ષદૃષ્ટા પુરુષોનું જ મંડળ રાખવામાં આવે.

સોવીએટ યૂનિયન તેની પાંચવર્ષી યોજનામાં સફળ થયું તે ઉપરની સ્થિતિ તેના સમાજમાં પૂર્ણપણે સ્થાપિત હોવાને કારણે જ. એવી ભૂમિકા વિના ઘડેલી યોજનામાત્ર નિષ્ફળતા પામવાની.



કામ પર જતા આ કારીગરો જેટલાં
પ્રસન્ન આપણાં કારીગરો દેખાય છે ?

પાંચવર્ષી સાધનાની મુદત ૧૯૨૮થી ૧૯૩૩ સુધીની છે. તે દરમિયાન થએલું આ કામ તો ભવિષ્યના ઘણી મોટી યોજનાઓનું પ્રથમ પગથિયું માત્ર ગણાશે, કારણકે રશિયા હજુ ઘણી યોજનાઓ આદરવાનું છે.એ આખી યે યોજનામાળાને સમાજઘટનાની મહાસાધના કહીશકાય.

પાંચનો આંકડો કોઇ આકસ્મિક જાદુઇ સૂચન નથી, પણ દેશની સાદી સીધી જરૂરિયાત વિચારીને નક્કી કરવામાં આવ્યો છે. એકાદ માણસ પોતાના ઘરની જ સ્થિતિ સરખી કરવા કંઇ વિચાર કરે તો પણ બહુ લાંબી કે બહુ ટૂંકી મુદત ન જ બાંધે. આવક-ખર્ચની પાકી તપાસ લઇ ભવિષ્યની ચોક્કસ ખર્ચ-બંધી ઘડવાને પાંચ વર્ષ બહુ જ અનુકૂળ મુદત ગણાય. આવા જ કેટલાંક ધોરણો પર સોવીએટ સરકારે પાંચ વર્ષનો કાર્યક્રમ પાંચ વર્ષ માટે જુદાજુદા ખંડોમાં વહેંચી નાખ્યો છે તથા દરેક વર્ષનું કામ હિસાબ પ્રમાણે ઉતારવાનો પ્રયત્ન થયો છે. એ રીતે કામ કરતાંકરતાં વચ્ચે ભવિષ્યના સુધારાવધારા પણ સૂઝતા જાય છે અને દર વર્ષના કામનો તાગ મળતો જાય છે.

યોજનાનું સ્વરૂપ

ઇ.સ. ૧૯૨૧માં મહાયુદ્ધ અને પછીના આંતર-




ધાતુકામ કરનારો : પુષ્ટ અને પ્રસન્ન કારીગર

વિગ્રહોને કારણે રશિયાનું આર્થિક સત્ત્વ તદ્દન ચુસાઇ ગયું હતું. દેશની ઉત્પન્ન કરવાની શક્તિ ક્ષીણ થઇ ગઇ હતી. આવી સ્થિતિમાંથી દેશ તારીને ઉપર લાવવા તે પછીનાં પાંચ વર્ષમાં ૧૯૨૬ સુધી રાજ્યની મહેનતથી ખૂબ પ્રયત્નો થયા અને તેને પરિણામે યુદ્ધ સમયના પહેલાં કરતાં પણ ઉત્પન્નનો આંક ચડ્યો. તે પછી



નાની જમીનોવાળા ખેડુતોનું રાજ્ય તરફથી સંગઠન કરીને ખેડુતસંઘ સ્થાપવામાં આવ્યો છે. તેમની જમીન સાંચાવાળા હળોથી એકસામટી ખેડાય ને ઉત્પન્ન સરખે ભાગે વહેંચાઇ જાય. એવા એક સંઘનું રસોડું, જ્યાં સૌ સાથે જ જમે છે.



કારખાનાંઓ માટે વીજળી પૂરી પાડવા સારૂ સમરકંદ પાસે આવેલો પાણીનો જંગી બંધ



મૉસ્કોમાં 'ઈઝ્વેસ્ટિયા' પત્રની ઑફિસ : છેલ્લામાં છેલ્લી ઢબના સ્થાપત્ય અનુસાર એ બંધાએલી છે.

એ અખતરાઓને દેશભરમાં વ્યાપક અને એકસરખા લાભદાયક બનાવવાનું મહાભારત કામ ૧૯૨૭ની તપાસ-મંડળીએ ઉઠાવ્યું. તેણે એક જંગી કાયમી યોજના ઘડી કાઢી અને તેના પ્રથમ પાદ તરીકેનો પહેલો પાંચવર્ષી સમારંભ ઠરાવ્યો, જેની વિગત આપણે ઉપર જાણી ગયા: એ યોજનાનું ગણિત મૂકતાં એમને જણાયું કે દેશ નવી જ સામાજિક પરિસ્થિતિમાં પ્રવેશી ચૂક્યો છે અને બધે એકસરખો આર્થિક સમભાવ કરવાને કેટલીક મોટી યોજનાઓ તુરત હાથ ઉપાડવી જોઇએ. દાખલા તરીકે કેટલાક કારણો વિચારતાં રાજ્યતંત્રને લાગ્યું કે સાઇબીરિયાથી તુર્કસ્તાન સુધી એક નવી જ રેલવે લાઇન બાંધવી જોઇએ. હવે ૧૪૦૦ કીલોમીટરની લંબાઇની એ સડક નાખવાને લાકડાના પાટડા, લોખંડના પાટા, પથરા, ઈંટ, રેલવે સ્ટેશનોના બાંધકામનાં ઇમારતી સાધનો, સ્ટીમ ઍંજિનો અને ફેરવણીનાં સાધનો પહેલાં તૈયાર હોવાં જોઇએ. અને આ બધું ક્યાંથી પૂરૂં પડે? તેના સહજ ખુલાસા રૂપે કારખાનાં, ખાણો, ઇંટભઠ્ઠાઓ વગેરેની જરૂરિયાત ઊભી થાય છે. વળી એ બધાંમાંથી ઉત્પન્ન થતા તૈયાર માલની ફેરવણીનો ખર્ચ બચાવવા માટે જ્યાંજ્યાં બાંધકામ થવાનું હોય તેની નજીકમાં જ એ કારખાનાં થવાં જોઇએ; એટલે કે યૂરલ પ્રદેશમાં અને સાઇબીરિયામાં જ. તે સાથે વળી કારખાના માટે લોખંડનાં યંત્રો, સાધનો પૂરાં પાડવાને લોઢા તથા કોલસાની ખાણો, જંગલો, વીજળીની પાવર હાઉસો (કે જેના વિના બાંધકામનાં સાધનો બનાવવાં અશક્ય થઈ પડે) તે બધાંનો વિચાર ઊભો થયો. એટલે પ્રશ્ન આવ્યો મજૂરીનો. અને માણસો સિવાય તો કશું બને જ નહિ, વળી માલ વધારે ઉતારવા વધારે માણસો, વધારે યંત્રો અને વધારે કારખાનાં ઊભાં કરવાં જ પડે. નવા કામદારોને ભેગા કર્યાથી જ માત્ર ચાલે નહિ. તેમને તાલીમ પણ મળવી જોઇએ. તેના સાથે વળી ખોરાકી અને કારીગરોની કેળવણીનો પ્રશ્ન પણ ડોકું ઉંચકે છે. તે સાથે જ આરોગ્ય અને મનુષ્યની સાંસ્કૃતિક જરૂરિયાતોનો વિચાર પણ છોડી શકાય નહિ. કારણકે આ કામદારોનું જીવન માત્ર ગુલામો જેવું ન રાખતાં પૂરતા આરોગ્ય, આનંદ અને આરામમય બનાવવાનું ધ્યેય છે.

આમ, માત્ર એક રેલવે બાંધવામાં જ આટ[illegible]



પનિહારી

ચિત્રકાર • રસિકલાલ પરીખ



અગાશીના તડકાછાયા

ફોટો • બળવન્ત ભટ્ટ

બધા વિચાર કરવાના હોય છે. તે જ રીતે બીજી બધી યોજનાઓમાં. પરિણામે આજે ત્યાં બીજી કેટલી યે સાહસિક પ્રવૃત્તિઓ હારોહાર યોજવામાં આવી છે અને ધમધોકાર આગળ ધપી રહી છે. યંત્ર, કોલસા, લોઢું, વહેવાર, આરોગ્ય, વીજળી અને જ્ઞાન-સંસ્કાર પ્રચારનારાં ખાતાં પર દબાણ વધતું જ જાય છે.

પૈસાનું શું?

આવાં સાહસો ઉપાડનારી સંસ્થાએ પૈસાનો વેંત તો પહેલો જ કરી લેવો જોઇએ. રશિયાની યોજનાસમિતિએ તે બાબતમાં અગત્યનો ખરડો પહેલો જ ઘડી કાઢ્યો હતો કેમકે એને બહારના મુલકો પર જરા યે આધાર રાખવાનો નહોતો. સોવીએટ સરકારને બીજા દેશોની પેઠે લાંબી મુદતની લોનો મળે એમ નહોતું, એટલે તેને તો પોતાની આવક પર જ નભવાનું હતું.

પણ મજૂરો અને ખેડુતોની એ સરકાર બીજી સરકારો પેઠે ખાનગી મિલકતો, ધંધાઓ, બંદર કે બેંકથી મળતી આવક પર નિર્ભર નથી. તેના હાથમાં તો દેશ આખાનું ઉત્પન્ન સીધું જ આવી જાય છે. સોવીએટ સરકારની મહેસુલ વસુલાતમાં ખાનગી મિલકતના વેરા ગૌણ પદ ભોગવે છે; એટલેકે કામદાર વર્ગ દરેક જાતના વેરાથી મુક્ત છે. તેમની મજૂરીથી આવેલી આવકનો વધારો ફરીફરી દેશના ધંધા તર કરવામાં જ ખર્ચાય છે. ખાનગી જમીન ધરાવતા ખેડુતોનો વેરો ઠીક પ્રમાણમાં આવે છે, છતાં ગરીબ ખેડુતોને વેરાથી મુક્ત રાખવામાં આવ્યા છે. દેશના લગભગ એવા પાંત્રીસ ટકા જેટલા ખાનગી ખેડુતો વેરાથી મુક્ત છે.

આમ, આ ઉદ્યોગ-સમારંભ માટે જોઇતાં નાણાં થોડાં ખેડુતો પાસેથી મળે છે, થોડાં લોકોની બચત બેંકમાં આવે તેમાંથી મળે છે અને થોડાં ચાલુ ઉદ્યોગની કમાણી રૂપે મળે છે. આ આવકમાં ઉત્તરોત્તર વધારો થતો જ આવે છે. તો પણ આવી ગંજાવર યોજનાના હિસાબે એ આવક જૂજ જેવી થઇ જાય છે, એટલે યોજના ઘડનારાઓને આવકનું બળ વિચારીને જ કામોની મર્યાદા આંકવી પડી છે.

જાણવા જેવા થોડા આંકડા

રશિયામાં એટલી બધી પ્રજાઓ અને ભાષાઓ છે કે જગતની આદિ અવસ્થાના જંગલી મનુષ્યોથી માંડીને તે ઠેઠ આજ સુધીનો સુધરેલો પ્રજાવાદી અને વિદ્વાન નાગરિકવર્ગ એ દેશમાં હયાતી ભોગવે છે, આમ હોવાથી તે બધા વચ્ચે સામાજિક સંકલના અને સમભાવ લાવવાના પણ ભગીરથ પ્રયત્નો વધુમાં વધુ ઝડપે ચાલુ કરવા જોઇએ.

રશિયાની વસ્તી સોળ કરોડની ગણાય છે અને દર વરસે તેમાં વધારો થતો જ જાય છે. એક પ્રોફેસરે ગણત્રી કાઢી છે કે ત્યાં દર વરસે એક સ્વીટ્ઝર્લાંડ જેટલી વસ્તી વધે છે! આટલી વસ્તીને માટે વસ્ત્રો, ઘરો, કેળવણી અને કામધંધા પૂરા પાડવાની ચિંતા રાજતંત્રે સ્વીકારી છે.

વસ્તીના વધારા સાથે બીજી જરૂરિયાતો પણ વધતી જ ચાલે છે. ધીમેધીમે મજૂરીના દર સુધરતા જાય છે અને તે સાથે જીવનના સંસ્કાર પણ વધતા જતા હોવાથી દર સાલ બધી જાતની ઉત્પન્ન ખપી જાય છે. શહેર અને ગામડાનાં કુટુંબો વિશેની નોંધ જોતાં એવી નવીનવી વસ્તુઓની ખપત વધતી દેખાય છે. રાજ્યક્રાંતિ પહેલાં ગામડાંના ખેડુતને સારો રોટલો, માખણ, માંસ કે સાકરનાં સ્વપ્નાં હતાં, જ્યારે આજે દરેક ગામડાની એવી બધી ઉત્પન્ન ત્યાં જ ખપી જાય છે.

શહેરની વસ્તી પણ ઝપાટાબંધ વધતી જાય છે અને તેની પણ અવનવા પ્રકારની જરૂરિયાતો ઊભી થતી જાય છે.

ખેતીપ્રધાન દેશ ઉદ્યોગપ્રધાન બને છે

પાંચવર્ષી યોજનાનું વિધાન કરનારી સમિતિએ નાણાંવૃદ્ધિ માટે જે મર્યાદાઓ ધારી હતી તેથી યે આગળ પરિણામો હસ્તે તો આવ્યાં છે. તે માટે 'લેનિન'નું નીચલું વાક્ય પૂર્તિ આપે છે. "સામ્યવાદનો મોટો આર્થિક આધાર એકદમ મોટા પાયા પર યાંત્રિક બળે ચાલતા ધંધાઓ ઉપર છે. તે જ રીતે ખેતીમાં પણ મહાન ફેરફાર શકય છે."

છેલ્લાં વર્ષોના આંકડાઓ સાબિત કરે છે કે દેશના દરેક ઉદ્યોગ પાછળ રોકેલી મૂડીમાં થોડા ઘણા ટકા વધારો જ થતો આવ્યો છે ને અમેરિકા તથા યુરોપની પદ્ધતિપ્રમાણે આદ્યોગિક ધોરણે મુકાવાથી વૃદ્ધિગત થયો છે.

જંગી યંત્રોથી અતિ વિસ્તારમાં ખેડાણ કરવાથી ખેતી પણ ઉદ્યોગમય બની છે. આને પરિણામે પાક મોટા જથ્થામાં ઊતરે છે અને ગામડાની જરૂરિયાત પૂરી કરવા ઉપરાંત શહેરોને પણ આપી શકાય છે.

તે સાથે યંત્રોને કારણે ખેડુતોની ફાજલ પડેલી મોટી સંખ્યાઓ પ્રજાના બીજા ઉદ્યોગો ખીલવવામાં રોકી શકાય છે.

ઇ. ૧૯૨૯માં એક નવી પ્રથા દાખલ કરી. તે એ કે નાનાનાના ખેડુતોનું એક મંડળ કરી એ બધાની ખેતી એકસામટી યંત્રોથી કરવી. આ પ્રથાને લીધે એ પ્રકારનું સંઘબળ જન્મ્યું. જોકે તેનો વિકાસ હજી એકસરખો નથી થયો. ભૂલો થઇ છે અને તેનાં પરિણામો ઊલટાં પણ આવ્યાં છે. છતાં યોજનામાં ધાર્યાં કરતાં યે વધુ મંડળો બંધાયાં છે. ૧૯૩૧માં ખેડુ વસ્તીનાં લગભગ સવા કરોડ કુટુંબો એવાં સંયુક્ત ખેતી મંડળમાં ભળ્યાં હતાં. એટલેકે સમસ્ત દેશના લગભગ અરધા ભાગના ખેડુતો. એકલા ખેડુત કરતાં આ સંયુક્ત મંડળના સાધનો, સંપત્તિ અને શક્તિ વધારે પ્રમાણમાં હોવાથી લાભ વધારે જ થાય છે. ખેડુ સંઘનાં દર કટકાના પાકનું માપ એકલા ખેડુની ખેતી કરતાં વધારે અને ચડિયાતું આવ્યું છે અને પરિણામે ખેતી ખાતાની મૂડી વધતી જાય છે.

સમાજની સંસ્કાર પરત્વે યોજના

સોવીએટ પ્રદેશોમાં પ્રવાસ કરનારની નજરે પડે છે કે જનસમુદાયમાં પૂરા જિગરથી આ કાર્યમાં ભાગ લેવાની હોંશ, અને નિસ્પૃહતા આગળ પડી આવે છે. આખી પ્રજા એક જ યોજનામાં જૂતી જાય એ કંઇ સહેલી બાબત છે? આટલા વિસ્તારની પ્રજાને કામે જોરજુલમથી લગાડવાને કેટલી સેના જોઇએ? પણ નહિ. એ પ્રજા સમજી ગઇ છે કે આ મહાન્ યોજના પોતાના ભવિષ્યનાં સુખનો એક મોટો તામ્રપટ છે અથવા પ્રોમીસરી નોટ છે. અત્યારથી જ તેમના જીવનમાં સામ્યવાદની ઘટનાઓએ જે ફેરફાર બતાવ્યો છે તે તેમને ખાત્રી આપી શકયો છે. કામના કલાકો ઓછા થયા, મજૂરીના દર વધ્યા, આરોગ્ય અને સંસ્કારનાં સાધનો સુલભ તથા સસ્તાં થયાં અને ખાવા-પહેરવાના પદાર્થો તથા વસ્તુઓ સારાં અને સસ્તાં મળવા લાગ્યાં. રોજ ને રોજ લોકોને ખાત્રી થતી જ જાય છે કે મજૂર અને ખેડુ વર્ગને મનુષ્યના દરજ્જાને છાજતું જીવન પ્રાપ્ત કરવાને એક આ સામ્યવાદની રીતિ જ અનુકૂળ છે. આ પ્રચંડ ઉદ્યોગમાળા અને ખેતીવિસ્તારથી જ માત્ર, તેનું કાર્ય અટકતું નથી. તે તો મનુષ્યનાં સુખ-સગવડનાં સાધનો માત્ર છે. માણસ તો અનેક મનુષ્યોના



સમૃદ્ધિ વધારવાની સાથોસાથ દેશવાસીઓના સંસ્કારને પણ સોવીએટ રાજતંત્ર ભૂલ્યું નથી. ચુસ્ત ઇસ્લામી અસરવાળા મધ્ય એશિયામાં પણ આજે વર્ષોથી ચાલતો આવેલો પડદાનો રિવાજ ત્યાં ટૂંક સમયમાં નાબૂદ થયો છે. ઉપલું ચિત્ર, પડદો દૂર કરવાનો ઉત્સવ ઊજવતી ઉઝબેકિસ્તાનની સ્ત્રીઓનું છે.

નીચે

માતાઓ હવે કશા પણ સંકોચ વિના વિધર્મી ડૉક્ટરો પાસે પોતાનાં બાળકો લઇ જાય છે.



સમભાવમાં જ જીવે છે. એટલે મજૂર તથા ખેડુત વર્ગનાં કામનો સમય, દરો, ધરો, કેળવણી, રમતગમત, કળા વગેરે પણ મુખ્ય યોજનામાં બરોબર સ્થાન પામ્યાં છે. નવી શાળાઓ, હુન્નરનાં તાલીમખાનાં, નાટકશાળા-



તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તાદઝિકિસ્તાનનાં બધાં મોટાં ગામોમાં રાજ્ય તરફથી જાહેર પ્રજા માટે દવાખાનાં તથા આરોગ્યભુવનો સ્થાપવામાં આવ્યાં છે અને આમવર્ગનો હરકોઈ માનવજન તેનો સંપૂર્ણ છૂટથી ઉપયોગ કરી શકે છે. ત્યાં છેલ્લામાં છેલ્લી ઢબનાં વૈદકીય સાધનોથી સારવાર થાય છે.

નીચે

ખેડુત સંઘ તરફથી હસ્તલિખિત જાહેર ભીંતપત્રો નીકળે છે. એવા એક સમાચારપત્રનું સંપાદન અહીં ચાલે છે.



ઓ અને સીનેમાગૃહો વધતાં જ જાય છે. આજ આખી દુનિયામાં માત્ર સોવીએટ યૂનીયન જ આઠ કલાકની મજૂરીનો સમય પાળી શકે છે અને તેમની આ યોજના પૂરી થતાં સાત કલાકનો સમય દાખલ થશે. વર્ષમાં પર દિવસની રજાઓ વધીને ૭૨ની થઇ છે.

ઘરો બનાવવાનું પણ નવા જ સિદ્ધાંતો પ્રમાણે જંગી પાયા પર ચાલુ છે. પંદર તો નવાં જ શહેરો બંધાય છે, જેમાં મજૂરો માટે તદ્દન છેલ્લી ઢબની સગવડોવાળાં મકાનો થશે.

કેળવણીમાં તો રશિયા જરા યે ઢીલું રહ્યું નથી. જૂનું રશિયા તો અજ્ઞાન અને અંધકારનો ભયંકર વારસો મૂકી ગયું હતું, પણ નવા સામ્યવાદનો મહાન સ્તંભ જ્ઞાન અને કેળવણી હોવાથી નિરક્ષરતા તો આ યોજનાના પ્રારંભમાં પહેલે જ તડાકે ઓસરી ગઈ. અસંખ્ય શાળાઓ બાંધવાને અને તેમાંની હાજરી નિયમિત કરવાને બેશુમાર ખર્ચની જરૂર હતી. સારા શિક્ષકો કેળવવાની સંસ્થાઓની પણ જરૂર હતી. છતાં પંચવર્ષી સાધનાએ એ બધું પાર પાડ્યું. મોટાં શહેરોમાં તો છેલ્લામાં છેલ્લી ઢબે શિક્ષણ આપતી શાળાઓ પણ સ્થપાઇ છે. શહેરો માટે તો ૧૯૩૨માં શાળામાં ફરજિયાત હાજરીનો કાયદો થયો છે અને પાંચ વર્ષ પુરાં થવા સાથે દેશના ચારે ખૂણે તેનો અમલ પહોંચી જશે.

કેળવણી અને સંસ્કાર માટે ૧૬.૫ મિલિયર્ડ રૂબલ એટલે કે સાડા સોળ અબજ રૂબલ જુદા આંકવામાં આવ્યાં છે.

આ વિરાટ દેશની ઉદ્યોગસાધનાની આ કથા અને તેનાં ચિત્રો જોઇ એક જાતની પ્રામાણિક ઇર્ષ્યા કોઈ પણ બીજા દેશને થવાની. સોવીએટ યુનિયનની બીજી-ત્રીજી વાતો તો ઘણી છે. તે બધી આપણે જવા દઈએ, છતાં આપણને એટલું તો લાગ્યા વિના નથી જ રહેતું કે આ એવી પ્રજા છે કે જે પોતાને અનુકૂળ સરકાર અને અનુકૂળ આર્થિક વ્યવસ્થા ઊભી કરી શકી છે અને પોતાની મહેનત અને તેનાં પરિણામ સમાજસમસ્તના સુખ માટે જીવનને લગતા વ્યવહારોમાં યોજવાનો હક સ્વાધીન ધરાવે છે. તમામ પ્રજા પોતાના સુખનો પંથ બાંધી રહી છે. રશિયાના લોકોના ચહેરા જોતાં જ લાગશે કે આખો સમુદાય સંતુષ્ટ બન્યો છે અને ઉચ્ચતર સુખભોગ તથા નવી આંતરજાગૃતિ અનુભવી રહ્યો છે.

કાયાપલટ થએલા એ રશિયાના વૃત્તાંતો, ચિત્રો અને પુસ્તકો જગતભરને નવા વિચારમાં ડૂબાવે છે.

આત્માને ચેતનમસ્ત કરનારી પર્વતી સૌંદર્યની દિવ્યમનોહર ઇન્દ્રલીલા તથા

રાત્રે નવ વાગ્યે દિલ્હીમાં અમારો ડબ્બો છૂટો પાડી N.W. રેલવેમાં જોડાયો ને પાછો બાર વાગ્યે સહરાનપુરથી દેહરાદૂન રેલવેમાં લગાડવામાં આવ્યો; અને બીજે દહાડે સવારમાં અમે બારીમાંથી જોયું તો ભૂરા પહાડોની વચ્ચે તિરાઈનાં જંગલો વીંધતી અમારી ગાડી ઊંચે ચડતી હતી. હરદ્વારનું સ્ટેશન છોડી સાડા સાત વાગ્યે અમે દેહરાદૂન પહોંચ્યા. અમદાવાદથી બરોબર છત્રીસ કલાકનો રેલવેનો પ્રવાસ અહીં પૂરો થયો.

બહાર મોટી બસો તેમજ મોટર ટૅકસીની હારો લાગેલી હતી. આ બધાનો નિર્વાહ માત્ર મસૂરીના પ્રવાસીઓ ઉપર જ નથી, પણ ઠેઠ સહરાનપુર સુધી એ 'બસ સર્વિસ' ચાલુ રહે છે.

પોણા આઠ વાગ્યે તો દેહરાદૂનની ડામરથી તૈયાર કરેલી સડકો પર અમારી મંડળીની મોટરો દોડતી દેખાઈ. મસૂરીથી આવવાની મોટરોને આ વખત દરમિયાન ત્યાં અટકાવી રાખી હોય છે, એટલે ઉપર જનારી મોટરોનો સમય આઠ વાગ્યા સુધીનો જ રાખવામાં આવ્યો છે. પછી બીજી મોટરોને બે કલાક સુધી ચઢાવના દરવાજા આગળ થોભાવી રાખવામાં આવે છે. પસાર થએલી મોટરો ઉપર પહોંચી ગયા પછી ઉપરની મોટરોને નીચે આવવાને એ વખત આપવામાં આવે છે. આથી મોટરો સામસામી આવી જવાનો ભય રહેતો નથી. ઉપર ચડવાને મોટરો સપાટાબંધ ચકરડાં લેતી દોડે છે ત્યારે રમકડાંની મોટરો દોડતી હોય એવું લાગે છે. સાડા દસ વાગ્યે તો અમે ઉપર પહોંચી ગયા. મસૂરીથી માત્ર ત્રણ માઇલ દૂર પર મોટરો થોભે છે. ત્યાંથી ચાલીને અથવા ડાંડી (ડોળી) કે રિક્ષામાં પ્રવાસીઓ પોતાના મુકામ પર પહોંચે છે. સામાન બધો પહાડી મજૂરોની પીઠ પર લદાઈને સહેલાણીઓની સગવડો પૂરી પાડે છે.



મજૂરોની પીઠ ઉપર આખું મસૂરી વસ્યું છે.

મસૂરી એટલે સમુદ્રની સપાટીથી ૭૦૦૦ ફીટ ઉપર હિમાલયની ગિરિમાળાનો એક આગલો ઉંબર. નીચે હરદ્વાર આગળ તો ગંગા સાગર જેવા પહોળા પટે ધસમસતી જતી હોય છે, છતાં આ ઉંચાઈએથી તે ભૂરા પૃથ્વી પટ પર એક રૂપેરી રેખા જેવી જ દેખાય છે. આટલી ઉંચાઈએ પણ, હરદ્વારના પુરાણા તીર્થને વટીને, યુરોપના સુધારા, પ્રગતિ ને સંસ્કૃતિ(!) નાં સાધનોનું મથક મસૂરી થઈ પડ્યું છે. અહીં તાર, ટેલિફોન, વીજળી, નળ, સીનેમાઓ, સ્ટોર્સ, રેસ્ટોરાં, હૉટેલો બધું છે. સીનેમા તો પાંચ છે. આ બધા પૈસાની રોશની કરે છે.

પણ આ હાલની બીજી બાજુનું દૃશ્ય જુદું જ છે. એક તરફ જ્યારે સહેલાણીઓ ગરમ લૂગડાં પહેરી, સમય અને સાધનોની મોજ લે છે ત્યારે અહીંનો સ્થાનિક પહાડી વતની માત્ર એક પછેડીના આધારે એ બધાની સર્વ સેવાઓ ઉઠાવી જૂજ લવાજમથી ખુશી થતો, સલામો કરતો રસ્તા પર ઉઘાડા પગે રિક્ષા પાસે ઊભેલો કે બોજા ખેંચતો નજરે પડે છે! તેની નજર આ શહેરીઓ કે સાહેબો પર નથી. તેના ખ્યાલો તો દૂર તિરાઈના પ્રદેશોમાં આવેલી તેની જેવીતેવી ખેતી તથા ગામડામાં વસી રહેલાં તેના જ જેવાં તેનાં સગાંવહાલાં પર છે. પૂર્વ જન્મે પુણ્ય કર્યાં હોય તે જ વૈભવ ભોગવે એવું માનતો તે બિચારો અહીં આવતાં સહેલાણી નરનારીઓને મનમાં યક્ષ કે ગંધર્વોની ઉપમા આપતો હોય તો નવાઈ નહિ. મજૂરીના લોભે તે અહીં આવીને લખલૂટ પૈસા ગમે તે બહાને ખર્ચાતા જોતો હશે ત્યારે જ તેને પોતે ગરીબ છે એવું લાગતું હશે. નહિ તો તેના જેવા અનેક પહાડીઓ પહાડની હવામાં જોડા કે વસ્ત્રો વિના જીવન ગાળી રહેલા છતાં દ્રવ્યની હરીફાઈ વિના સુખી લાગતા હશે. અહીં જે પ્રવાસીઓ આવે છે તેમાંથી થોડા જ તેમના વિષે કંઈ જાણી શકતા હશે, એટલા દૂર તેઓ હમેશાં ઊભા રહે છે. 'હુઝુર, રિક્ષા!' કરતા પાંચ છ જણ તમને જોઈને દોડતા આવે ત્યારે તમે એને પાછા કાઢો કે કમાણી આપો તેનો પ્રશ્ન ગૂંચવે એવો છે. નાગરિક તરીકે તેમને માટે અહીં ક્યાંયે સ્થાન દેખાતું નથી. તેમના વસવાટનાં છાપરાં ક્યાંક હશે ખરાં. પણ સુધરેલા લોકોની આંખે ચડે નહિ એવી કોઈ ગલી કે પહાડની કરાડ પાછળ હશે. છતાં વરસતા વરસાદ ને પહાડની કડકડતી ઠંડીમાં મુખ્ય રસ્તાઓ પર રિક્ષા સાથે મોડી રાતો સુધી તમે તેને જોયા કરો. તેને મજૂરી કરી રિક્ષાઓ ધીરનારને ભાડું આપવાનું હશે. અને પેટ પૂરીને કંઈ બચાવવાનું

જીવનનાં ઝેર ઉતારવાની દૈવી શક્તિ ધરાવતા હિમાલયનો પરિચય આપતો લેખ

હિમગિરિનિવાસ મસૂરી

પણ હશે. અહીં એવા હજારો મજૂર માનવીઓ છે. પણ તેમના પ્રશ્નો ઉપર આ પ્રદેશમાં કંઇ જ પ્રયત્નો થયા હોય એમ લાગતું નથી. કદાચ તેમને પર હદના વસનારા ગણી એ બેદરકારી નિભાવી લેવાતી હશે.

મસૂરીમાં બે જ બાબતોએ મારૂં ધ્યાન ખેંચ્યું. એક તો આ પહાડીઓ, અને બીજી પહાડની સૌંદર્ય લક્ષ્મી. નવાઇની વાત એ જ છે કે બહુ જ થોડા માણસો એ બે વિષયોમાં રસ લેતા જણાય છે. શહેરના કૃત્રિમ જીવનથી આપણું મગજ નિસર્ગનું સંગીત અને તાલમયતા ઝીલવા અશક્ત બન્યું હોય છે તેથી આ સાવ નિરાળા પ્રકારના વાતાવરણમાં આપણે ભુલા પડેલા અજાણ્યા જીવો જેવા લાગીએ છીએ. પૃથ્વીના જાણે કોઇએક આંચકાથી સરજાએલી આ સૃષ્ટિમાં ગિરિમાળાનાં શિખરોની વિવિધતાં રૂપે જે તાલબદ્ધ રેખાઓ ઊંચીનીચી થતી પડી છે, તેનું સૌંદર્ય પિછાની શકતા નથી. હું જેમજેમ નજર કેળવતો જાઉં છું તેમતેમ પર્વતની આકાશને અડતી એ ધાર પરથી, કોઇ પૂર્વપરંપરાનો ઇતિહાસ સાચવતી આ રેખાઓ અનેક પ્રકારે ખીણમાં ઊતરે છે અને કોઇ સજીવ શરીરની મજ્જાઓ હોય તેમ ક્રમેક્રમે વિસ્તરતી, નવા પાસા પકડતી આખા યે દશ્યને અનુપમ બનાવે છે. ઊંચા પર્વતો મહાજનની જેમ વાદળાંના વસ્ત્રો આખો દિવસ બદલ્યાં કરે છે. ઘડીકમાં મોટું ધુમ્મસ એ આખા ને આખા દશ્યને ઢાંકી દે તો ઘડીકમાં કોઇ પર્વતનું એકમાત્ર સુંદર શિખરનું નીલઘેરૂં મસ્તક દેખાય, તો ઘડીમાં વળી બધાં યે વાદળાં ખીણમાં સરી પડીને રૂના પોલે તેને ભરી હોય એવી કરી મેલે.



હજુ વરસાદ ચાલુ હોવાથી અમે બહાર ફરવા જવાની બહુ તક પામતા નથી, પણ વચમાં એકબે વખત થોડીથોડી વાર ઉઘાડ નીકળતાં નજીકના પહાડના શિખરે ગયા હતા અને ત્યાં સૂર્યાસ્તે આખા ગિરિપ્રદેશ પર રચેલી અદ્ભુત રંગાવટ નિરખી બધો કંટાળો અને નિરાશાઓ ભુલી ગયા હતા. આ રંગો ઝડપવાને તો અસાધારણ સ્મૃતિ જોઇએ અથવા પર્વની સૌંદર્ય ચીતરવાનો દીર્ઘકાળનો અનુભવ સુસાધ્ય કરવો જોઇએ, કારણકે અહીં એક ને એક પ્રકારનો દેખાવ તો ફરી વાર કદી નજરે પડતો જ નથી. હવામાન, વાદળાં અને ઋતુની વનસ્પતિઓ પર્વતોને નિત નવાં રૂપો સજાવે છે. ગમે એવા ઠંડા માણસને પણ એક વાર તો જરા ઉન્માદ કરાવે એવી મનોહર ઇંદ્રલીલા હિમાલયની સદૈવ પરિચારિકા બની રહી છે. આથી જ પ્રાચીન કાળથી આર્યોએ પુનઃપુનઃ હિમાલય તરફ પ્રયાણ કર્યું છે, અને જીવનનાં સર્વ કાર્યો સમાપ્ત કરીને સંપૂર્ણ પરિતૃપ્તિ માટે અંતે તો હિમાલયનો જ વાસ સ્વીકાર્યો છે. એ વાત અનુભવેલી હોવાથી તેમણે ઉચિત રીતે મહાન તીર્થો હિમાલયમાં જ રચ્યાં છે. જોકે આજે તો ત્યાં પણ યજમાન અને ગોરની વચ્ચે હટાણું ચાલતું હોય એવું થઇ ગયું છે, છતાં તેનો મૂળ હેતુ સમજી શકાય એમ છે. જીવનના ઊંડા ક્લેશોથી બચવા, હૃદયના કારી ઘા રૂઝાવવા કે અગાધ તત્ત્વચિંતન કરવા હિમાલયનો આશ્રય લેનાર કદીજ નિરાશ ન થાય એની અહીં આવનારને તરતજ પ્રતીતિ થાય છે.



મસૂરીનો મજૂર

પુરાણ કાળમાં આવા જ આશયે પર આર્યોનાં અનેક તપોવનો અને આશ્રમો હિમાલયમાં હતાં અને આર્ય સંસારમાં જ્યારેજ્યારે કાયરતા કે થાક પ્રકટે ત્યારે તેનું ઝેર ઉતારવાની ઔષધિ અહીંથી જ મળતી. હિમાલયનો એ નિત્યનો સંબંધ આપણે ખોયો છે. આપણી નજર અત્યારે બીજી દિશામાં છે. આજે હિમાલયને આપણા જીવનમાં સ્મરણ કે અભ્યાસ પૂરતું યે સ્થાન છે કે નહિ તે વિચારવાં જેવું છે. હિમાલયના વતનીઓ ગરીબ ગામડીઆ મજૂરો બની ગયા છે અને આપણે જુદીજુદી પ્રાણીજાતો બની ગયા છીએ. અત્યારની રીતે હિમાલયમાં જે નિવાસો ઊભા થયા છે ત્યાં તો હિમાલય કરતાં કોઇ બીજા જ તત્ત્વની ઉપાસના અને આદર વધ્યાં છે. હિમાલયનાં પ્રાચીન તપોવનોમાં પરમ પવિત્ર જનહિતકારી બુદ્ધિના દૃષ્ટાંતો વસતા.

આજના આ નિવાસોમાં પ્રવાસીઓનાં ધન લૂંટનારા વેપારીઓ, કંપનીઓ અને નખરાંબાજ નરનારીઓનો વાસ વધ્યો છે. હિમાલયની વિશુદ્ધ હવા અને દૈવી અસર વડે શરીર અને આત્માનાં આરોગ્ય મેળવવાને બદલે ઘણાં માણસો અહીં અનાચાર અને પાપાચારના પડછાયામાં આવી જાય છે. ધર્મના સ્તંભરૂપ ગણાતા માણસોને યે આપણે આવા જ સ્થાનમાં ચિત્રવિચિત્ર લીલા માણતા જાણ્યા છે. આમ આજે તો હિમાલયનો વાસ સૌને સુલભ, સસ્તો અને શુભ ફળ આપનારો થવાને બદલે ખર્ચાળ, માનવજીવનની વિકૃતિ કરનારો તથા ઘણાને ઉન્માર્ગે ઉતારનારો થઇ ગયો છે. ગરીબ વિદ્યાર્થીઓ, ઉપાસકો, કલાકારો, દરદીઓ વગેરેને કામદુધા સમ થઇ પડે એવું આ ધામ સંજોગોને કારણે અતિ વિકટ અને દુષ્પ્રાપ્ય થઇ પડયું છે. **રવિશંકર રાવળ**



સ્વાસ્થ્ય · શક્તિ · સૌંદર્ય

રાજકોટના ભાઇ ભાઈચંદ પોપટાણી; ઉમર વર્ષ ૧૯, ઉંચાઇ ૫'૬", વજન ૧૩૨ રતલ. બે વર્ષના સતત વ્યાયામથી પ્રાપ્ત થતી શરીરસંપત્તિના આ દૃષ્ટાંતમાં દેશી પદ્ધતિના વ્યાયામની સ્પષ્ટ અસર દેખાય છે. છાતીના ભરાવદાર સ્નાયુઓનો આવો વિકાસ દંડથી જેટલો સરળ થાય છે, તેટલો રોમન રિંગ્ઝ અને બાર્સ વિનાની બીજી કોઇ વ્યાયામપદ્ધતિથી થતો નથી.

પરંતુ પૂર્ણ શરીરવિકાસ માટે દંડ કેટલા કરવા એ વિષે કોઈ ચોકસ નિયમ નથી. એકાદ કસરતબાજ ધારે તો કેટલી હદ સુધી દંડ કરી શકે એ વિષે અનેક કલ્પનાઓ થઈ છે. રામમૂર્તિ ૫૦૦૦ દંડ સુધી પહોંચેલા એમ સંભળાય છે. વડોદરામાં ઉત્તર હિંદનો એક કુસ્તીબાજ ૩૦૦૦ દંડ નિયમિત કરનારો મારા જોવામાં આવેલો. હમણાં જ મુંબાઇના ભાઇ મંત્રી નામના યુવાને ૪ કલાક ને ૧૪ મિનિટમાં ૪૧૩૧ દંડ કર્યા છે. થોડા વખત પર પંજાબમાં ભાઇ બલિએ ૪ કલાક ને ૪૯ મિનિટમાં ૪૧૩૦ દંડ કર્યા હતા. **હરિનારાયણ આચાર્ય**

મચ્છરદાની

'રતન, તારો હાથ કેમ ઊનો છે?'

'બાપુ, મને તાવ આવે છે.'

'તાવ શાથી આવ્યો?'

'મચ્છરીઆ કરડે ત્યારે તાવ આવે એમ રામજી વૈદ કહેતા હતા. અમારા ફળીઆમાં બળદ અને ગાયના છાણમૂતરથી જીવાત વધુ થાય છે, ને તે આડે નિંદર પણ આવતી નથી.'

'જીવડાં કરડતાં હોય તો મચ્છરદાની બાંધોને?'

'એ કેવી હોય?'

'અમારે ત્યાં શહેરમાંથી મંગાવી છે. કરોળાના જાળા જેવી હોય. અમારા બધા યની પલંગે બાંધે છે. એ બાંધી હોય તો મચ્છર તેમાં થઇને આવી ન શકે, અને હવા પણ ન રોકાય.'

'પણ એના પૈસા બહુ બેસતા હશે.'

'હા. પૈસા તો વધારે બેસતા હશે. કાંઇ ખબર નથી.'

'ત્યારે તો અમે ગરીબ માણસ રહ્યા. એમાં પૈસા કેવા રીતે ખરચીએ?'

'મારે ત્યાં જૂની હશે તો મોકલાવીશ. તારા કાકાને મોકલજે.'

અખુભા, એક ભાગદારનો દીકરો હતો. તેમની ડેલી સામે કણબીઓ રહેતા હતા. એ કણબીના છોકરાઓ સાથે અખુભા રમતો. રતન, દેવજી કણબીની છોકરી હતી. ફરતો ફરતો અખુભા રતન પાસે આવ્યો ત્યારે તે સૂતી હતી. 'રમવા ચાલ' કહી તેનો હાથ ઝાલતાં ગરમ લાગ્યો એટલે તેને તાવ આવ્યાની ખબર પડી. તે થોડી વાર તેની પાસે બેઠો અને પાછો ઘેર ચાલ્યો આવ્યો. દરબાર આવ્યા એટલે તેણે પૂછ્યું, 'બાપુ, દેવાની રતનીને તાવ આવે છે ને એને મચ્છર કરડે છે એટલે તાવ વધે છે એમ વૈદે કહ્યું છે. આપણે એક વધારાની મચ્છરદાની છે, એ એને આપશું?'

દરબાર હસ્યા: 'લોકને તે મચ્છરદાની હોય? એ તો ખુલ્લા વગડામાં પડ્યા રહે તોય પણ કશું થાય નહિ.'

'કેમ? એમને શરીર તો આપણા જ જેવાં હોયને?'

'ખરૂં. પણ મજબૂત વધારે હોય. એમને મચ્છરદાનીની જરૂર ન પડે.'

પણ તાવ આવતો હોય અને મચ્છર કરડતા હોય ત્યારે, વૈદ કહે છે કે વધારે મચ્છર કરડે તો તાવ વધે, અને પછી વખતે છોકરી મરી જાય. તો પછી એને આપણી જુની મચ્છરદાની આપીએ તો?'

'એ મચ્છરદાની તો કામદારે માગી છે, તે એને આપવાની છે.'

'બાપુ, કામદારને બીજી આપજો. આ મચ્છરદાની રતનીને ખાટલે બાંધવા આપોને? સાજી થશે એટલે પાછી આપશે.'

'એ ન અપાય. તું તારૂં કામ કર.'

અખુભા તીખા મરચા જેવો રીસાળ છોકરો હતો. તેનું ધાર્યું ન થાય તો તે વળ ખાઈ જતો. રડતો, લડતો અને પોતાથી જેટલું જોર પછાડાય તેટલું પછાડતો. તેના બાપુએ મચ્છરદાની ન આપી એથી તે બહુ જ ખીજાયો. તેણે રડયા કર્યું. રાત પડી એટલે ખાધા પીધા વિના સૂઇ ગયો.

થોડી વારે તે જાગ્યો. તેના બાપે ના પાડેલી તે યાદ આવી, તેથી તેનો પ્રકોપ પ્રજ્વળી ઊઠયો. પલંગને બાંધેલી મચ્છરદાની તેણે તોડીને ખૂણામાં ફેંકી દીધી અને એમ ને એમ આખી રાત ઉશ્રાંડા જાગતો પડયોરહ્યો.

મચ્છરોના ગણગણાટથી, તેના કરડવાથી અને આખી રાતની ટાઢથી તે હેરાન થયો. દિવસ ઊગ્યો ત્યારે તેની આંખો ઉજાગરાથી બળવા લાગી હતી. તેનું શરીર ધીમેધીમે ગરમ થતું જતું હતું.

દેવા.' દરબાર ડેલીએ ઊભા હતા તેમણે દેવાને જોયો એટલે સાદ પાડયો.

'શું બાપુ!'

'શહેરમાંથી આજ ધોબીના ધોએલાં કપડાં આવવાનાં છે તે ગાડીના વખતે જઇને લઇ આવજે.'

'રતનીને તાવ આવે છે. તે દવા લાવી દઇને પછી જાઉં તો?'

'ગાડી તારે માટે ઊભી રહેશે? પહેલાં લૂગડાં લઇ આવીને પછી દવા લેવા જજે.'

'ભલે બાપુ.' કહી તે તૈયાર થવા ઘરમાં ગયો. દરબાર તેમનાં કપડાં શહેરમાં ધોવડાવવા મોકલતા. ગાર્ડ કે બીજા રેલ્વેનાં માણસોને ચ્હાપાણી કે જમાડી ખુશ રાખતા, એટલે તેઓ દરબારનું કામ કરતા. દેવો તૈયાર થઇ સ્ટેશન પર ગયો.

ગાડી આવી, ગાર્ડ પાસેથી કપડાંની ગાંસડી તેણે લીધી. ગામથી સ્ટેશન થોડું દૂર હતું, એટલે તે થોડી વાર ગાંસડી બાજુમાં મૂકી બીડી પીવા બેઠો. તેની નજર ગાંસડીમાં બાંધેલાં કપડાં પર પડી. ઉપર જે મચ્છરદાની હતી. એ જોઇ તેને વિચાર આવ્યો: 'રતનીને તાવ મચ્છરના કરડનો આવે છે. ઘૂણી કુરીને થાકયા તો યે હમણાં મચ્છરો બહુ હેરાન કરે છે. વૈદ કહેતા હતા કે તાવમાં પણ જો મચ્છરો કરડશે તો પછી તાવ એમ બંધ નહિ થાય. આજ રાતે તો તાવ ઘણો વધી ગયો હતો. છોકરી આખી રાત ઊંઘી નહોતી. એકબે દિવસમાં તાવ ઊતરી જાય ત્યાં સુધી આ મચ્છરદાની હું રાખું તો દરબારને શી ખબર પડવાની છે? દરબારને લાગશે કે એક કપડું ધોબીને ત્યાં રહી ગયું. ફરી વાર ઉઘરાણી કરશે ત્યાં તો હું ધોબીને ત્યાં, દરબારે મોકલાવી છે એમ કહીને મોકલી આપીશ.' મારે કાંઈ રાખવી નથી. માગીશ તો દરબાર નહિ આપે.'

આજુબાજુ જોઇને તે ગાંસડી છોડી મચ્છરદાની કાઢવા લાગ્યો. ફરી તેનો હાથ થંભ્યો. તેનું અંતઃકરણ તેનો હાથ ખેંચતું હોય તેમ તે પાછો વળ્યો. ફરી તેના હાથે જોરથી યત્ન કર્યો અને મચ્છરદાની કાઢીને ફાળીઆમાં બાંધી. ગાંસડી માથે મૂકી તે ગામ ભણી રવાના થયો. બંદીજનના માથે આખા જગતનો ભાર મૂકી, પગમાં બેડી નાખી ચલાવ્યો હોય અને તેના પગ ધીમા, લથડતા ચાલે તેમ દેવાના પગ પડવા લાગ્યા. વિચારની ગતિ ઉતાવળી થઇ: 'અરે રે! જીવતા જીવત કોઇ દિ' ચોરી કરી નથી, અને આજ કરવી? ભલે, આપી દેવી છે, પણ તે ચોરી તો ખરીજ ને? બાંધી હોય અને દરબારને ખબર પડે તો મારી આબરૂ શી રહે? ના, ના; આ કયા ભવ માટે? મચ્છરદાની ન મળે ને તાવથી કદાચ છોકરી મરી જાય તો એનાં નશીબ. બધાયને ત્યાં કાંઇ મચ્છરદાની થોડી જ હોય છે? પૈસાદારને ત્યાં અવતરી હોત તો બધું ય પામત. ગરીબને ઘેર આવી એ જ એનાં મોળાં નશીબ.'

આવાં વિચારોનાં મોજાં તેના મગજ પર અથડાવા લાગ્યાં. રસ્તામાં નાળું આવતું હતું ત્યાં તે થાક ખાવા બેઠો. તેણે ગાંસડી ફરીથી છોડી અને મચ્છરદાની અંદર મૂકી દીધી. હવે ભાર હલકો થયો હોય તેમ ઉતાવળો ચાલ્યો. ડેલીએ જઇ તેણે ગાંસડી, દરબાર બહારની ઓસરીમાં હીંડોળે હીંચતા હતા તેમની પાસે મૂકી. દરબારે બધાં લૂગડાં ગણી જોયાં. તે મળી ગયાં. દેવો થોડી વાર ઊભો રહ્યો. દરબારે કહ્યું: 'દેવા હવે તારે જવું હોય તો જા. અને રામજીને કહેજે કે અખુભાને વલોપાત વધારે છે એટલે આવી જાય. સવારના મોટા દાક્તરને કહેવડાવ્યું છે પણ હજી સુધી આવ્યા નહિ.'

'અખુભા તો, બાપુ, કાલ તો રમતા'તા ને ક્યારથી તાવ આવ્યો?'

'આજ સવારથી. અત્યારે જરા વધારે છે.'

'બાપુ, એક અરજ છે.' 'શી?'

'મારી રતનીને તલ ફાટે એવો તાવ આવે છે. વૈદ કહે છે કે મચ્છરાનો કરડ વધારે રહેશે તો તાવ ઊતરશે નહિ. ઘણી ય ઘૂણી કરૂં છું, પણ જીવાત આળસતી નથી. તો બે દિ' મને મચ્છરદાની આપશો?'

'તમારા જેવા લોકને ત્યાં તે મચ્છરદાની હોય? હજી આજ જ ધોવાઇને આવી છે. બગડે તો પછી વળી વારેવારે ધોવા ક્યાં મોકલવી? મચ્છરદાની ન મળે.'

'ઠીક બાપુ.' કહી તે ચાલ્યો. ડેલી બહાર પગ મૂક્યો ત્યાં તેનો મોટો દીકરો આવતો હતો. તેણે કહ્યું: 'બાપા, ઝટ હાલો; રતનીને વધારે છે.'

દરબાર અંદર ગયા. અખુભા મચ્છરદાની નહિ બાંધવા દેવાની જક કરી રહ્યા હતા. પહેલાં તો જરા તેની બાએ તેને બીક બતાવી; પણ તે ડર્યો નહિ. પછી સમજાવ્યું. છતાં સમજ્યો પણ નહિ. મચ્છરદાની બાંધતા તો તે ખેંચીને ફાડી નાખવા યત્ન કરતો. તાવ આવતો હતો એટલે તેને કાંઇ શિક્ષા કરી શકાય તેમ નહોતું. તાવ ધીમેધીમે વધતો જતો હતો અને સન્નિપાતનું રૂપ લેતો હતો.

અખુભા ઘેનમાં હતો, ત્યાં દરબારે ધોવાઇને આવેલી મચ્છરદાની બાંધવા માંડી. જરા જાગતાં અખુભાએ તે ખેંચી અને તેમાં ચીરો પડ્યો. દરબારે તેના હાથ ઝાલી લીધા અને તેને સમજાવવા માંડ્યું. તે તો એક જ ઉત્તર દેતો: 'હું કહું તે બાપુ કેમ ન કરે?'

દરબાર સમજાવતા કે 'એ લોકવરણ કહેવાય. તેને બાંધતાં પણ ન આવડે. જેવા તેવા હાથ લગાડી ખરાબ કરી મૂકે.' આવુંઆવું કહી તેને ફોસલાવવા ઘણા યે યત્ન કરતા, પણ તે તો બીજો ઉત્તર જ ન આપતો.

થોડી વારે ડૉક્ટર આવ્યા. સવારે અખુભાને જરા તાવ જણાતાં દરબારે ડૉક્ટરને બોલાવવા માણસ મોકલ્યો હતો. ડૉક્ટર તેમની મોટરમાં આવી પહોંચ્યા હતા. તેમણે અખુભાને તપાસ્યો અને હકીકત સાંભળી. તેમણે દરબારને સલાહ આપી કે છોકરો કહે તેમ કરશો તો તેને નિરાંત વળશે અને એથી શાંતિ થતાં સારૂં થઇ જશે: તેનું કહ્યું માનશો તો મચ્છરદાની પણ બાંધવા દેશે.'

દરબારે કહ્યું: 'અખુભા, જો આ તારી મચ્છરદાની છે ને, તે દેવાને ત્યાં મોકલું છું; અને તારે પલંગે નવી બાંધુ છું. હવે ખુશી થઇશને?'

દરબારે નવી મચ્છરદાની પોતાને હાથે ગોઠવી અને અખુભાએ ખૂણામાં ફેંકેલી મચ્છરદાની જે હજી સુધી ત્યાં ને ત્યાં પડી હતી તે લઇને માણસની સાથે દેવાને ત્યાં મોકલી.

માણસે મચ્છરદાની લઇને ડેલી બહાર પગ મૂક્યો અને દેવાના ઘરમાં પ્રાણપોક પડી. દર્શનિય

ઍડૉલ્ફ હિટ્લર

અનુસંધાન પૃ ૫૯૨થી

આમ એનું જીવન હજુ કોઈ નિશ્ચિત ધ્યેયની શોધમાં ફાંફાં મારતું હતું ત્યાં તો ૧૯૧૪ની સાલમાં લડાઇની દાંડી પીટાઈ અને આ અધીરો જુવાનીઓ શરૂઆતમાં જ સ્વેચ્છાથી જર્મન લશ્કરમાં જોડાઇ ગયો. લડાઇનાં ચાર વર્ષ દરમિયાન એણે ઠીક બહાદુરી બતાવી અને ૧૯૧૮ના નવેમ્બરમાં જ્યારેં લડાઇના અંતે જર્મનીમાં બળવો ફાટી નીકળ્યો ત્યારે હિટ્લર ઘાયલ થઇને એક દવાખાનામાં પડ્યો હતો.

આ પ્રસંગે હિટ્લરના જીવનના આજદિન સુધી કૈંક ધ્યેયહીન ઘસડાતા જણાતા જહાજને દિશાનિર્દેશ કર્યો. વિજય માટે ચાર વર્ષ સુધી સતત લડનાર હિટ્લરનું અભિમાન વર્સેલ્સના કરારથી જર્મની પર લદાએલી શરતો સામે બળવો કરી ઊઠ્યું અને એ દવાખાનાની પથારીમાં જ એણે વર્સેલ્સના કરારોના ચૂરેચૂરા કરી નાખવાનો દૃઢ નિશ્ચય કરી રાજકીય-ક્ષેત્રમાં ઝંપલાવ્યું. એ ૧૯૧૮ના નવેમ્બરથી આજ સુધીનાં ચૌદ વર્ષોનું એનું જીવન પોતાના જીવનધ્યેયની અનન્ય ભક્તિની સાક્ષી પૂરે છે. વર્સેલ્સના કરાર પર સહી કરનાર અને એ રીતે લડાઈનો દોષ પોતાને શિર વહોરી દંડ ભરનાર જર્મનીની પ્રજાકીય રાજસત્તા સામે સહેજે જ એનો પ્રકોપ ભભૂકી ઊઠ્યો અને અપૂર્ણ તૈયારી છતાં, એ પ્રજાકીય રાજસત્તાને ઉથલાવી પાડવાનો પ્રયત્ન કરતાં એણે ૧૯૨૩માં સખ્ત થપ્પડ ખાધી. બીજો કોઇ એને સ્થાને હોત તો મ્હાત થયો હોત એવી વિકટ સ્થિતિમાં પણ એણે હિંમત ન છોડી, અને તનતોડ મહેનત કરી જર્મનીના રાજક્ષેત્ર પર એક એવો તો સબળ પક્ષ ઊભો કર્યો કે જેના હરીફાઇમાં બીજો કોઈ પક્ષ આજે ઊભો રહી શકતો નથી. આજે જર્મન પ્રજાના મતધારીઓનો એક તૃતિયાંશ ભાગ હિટ્લરની પાછળ ઊભો છે અને એને અનિયંત્રિત નેતૃત્વ આપી એની આજ્ઞાધીનના સ્વીકારે છે.

આ વર્ષમાં થએલી છેલ્લી રાજપ્રમુખની ચૂંટણી વેળા એણે પણ ઉમેદવારી કરી. છેક ૧૮૭૦ની લડાઇમાં ફ્રૅંચ લોકોને સખ્ત હાર ખવડાવી વિજયવંત બનેલા જર્મન લશ્કરમાં જેની સેવા હતી, અને છેલ્લા વિશ્વયુદ્ધમાં ટાનનબેર્ગના વિજય દ્વારા જેનું નામ જર્મન પ્રજામાં પ્રિયતમ થઇ પડ્યું છે એવા જર્મન પ્રજાના હૃદયનાથ મહારથી હિન્ડનબુર્ગ સામે એણે પ્રમુખપદ માટે હરીફાઈ આદરી. અલબત્ત, એ ચૂંટણીમાં હિટ્લરની હાર થઇ, પરંતુ એ હાર પણ વિજય સમ હતી, કારણકે એણે બતાવી આપ્યું કે હિન્ડનબુર્ગને જર્મન મતદારોનો અર્ધ ભાગ ટેકો આપે છે તો હિટ્લરને એક તૃતિયાંશ જેટલા પણ ટેકો આપે છે. જર્મનીનું કમભાગ્ય એ છે કે આ બે મહાન વ્યક્તિઓ એકમન નથી થઈ શકી. જાણે યૌવન અને જરાને જુગજૂનું આડવેર ન હોય, તેમ આ બંને વ્યક્તિઓના હસ્તમિલનમાં વસ્તુજન્ય નહિ પરંતુ અંગત અણગમારૂપ મુશ્કેલીઓ જ અંતરાય નાખતી જણાય છે.

હિટ્લરના જીવનનું આટલું આછું આલેખન * કર્યા પછી બહુ જ ટૂંકામાં એના આદર્શ—એના જીવનના ધ્યેય—તરફ નજર નાખીએ. એણે સ્થાપેલી અને ઉછેરેલી નાઝી હિલચાલનું નામ જ એ ધ્યેય સંબંધમાં ઠીક માહિતી આપે છે. એ હિલચાલના અનુયાયી પોતાને 'National-Socialist'—નૅશનલ સોશ્યલિસ્ટ (રાષ્ટ્રીય સમાજવાદીઓ) તરીકે ઓળખાવે છે. એટલે કે એ જર્મન સરહદની બહારના સંબંધમાં રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુ સ્વીકારે છે અને જર્મનીની અંદરના આંતરસંબંધમાં સામાજિક (સોશ્યલ) દૃષ્ટિબિંદુ સ્વીકારે છે. આ બંને દૃષ્ટિબિંદુઓનો સમન્વય થઇ શકે કે કેમ અને થઇ શકે તો એમાં કેવી મુશ્કેલીઓ પડે વગેરે પ્રશ્નોનો ઉલ્લેખ અહીંઆં અસ્થાને છે. આ પ્રશ્નો જે ગૂંચવણો ઊભી કરે છે એનો ઉકેલ હજુ સુધી હિટ્લર પક્ષે પણ સંપૂર્ણતઃ કર્યો જણાતો નથી.

પણ આટલું બધું પ્રશંસાત્મક લખાણ લખ્યા પછી હવે હિંદના સ્વાતંત્ર્યના નેતાની સાથે સરખામણી કરતાં હિટ્લરની ખામીઓનો ઉલ્લેખ કરી લઉં. હિંદના ઉદ્ધાર સાથે જ્યારે મહાત્માજી સારી આલમનો ઉદ્ધાર કરવા માટે અહિંસાનું શસ્ત્ર શોધી એ વડે લડી રહ્યા છે ત્યારે હિટ્લર જૂનવાણી ઢબના જંગના નિયમાનુસાર શરીરબળ પર ઝૂઝવાની વાત નથી છોડી શકતો, એટલું જ નહિ પરંતુ પ્રજાના માનસ પર અસર કરવાના હેતુથી એણે ઇરાદાપૂર્વક પોતાના અનુયાયીઓમાં 'યૂનીફૉર્મ' દાખલ કર્યો છે. ભલે હથિયાર વિના પણ કવાયત આપી એણે લશ્કરી જેવી જ ટુકડીઓ તૈયાર કરી છે અને આ રીતે લડાયક માનસ તૈયાર કર્યું છે. મહા-

---

* જરા વધુ વિગતવાળા વૃત્તાંત માટે આ લેખનો બીજો વિભાગ વાંચો.

ત્માજીની અને હિટ્લરની સરખામણી કેટલી ભૂલભરેલી છે એ આ એક જ તફાવત બતાવી આપે છે.

મહાત્માજી દરેક વ્યક્તિને કેળવવાનું માથે લે છે અને મૂંઝવણભર્યા પ્રસંગોમાં અંતરાત્માના અવાજને અનુસરી વર્તવાની સલાહ આપે છે, ત્યારે હિટ્લર પોતાની આખી હીલચાલનો સર્વસત્તાધીશ બનીને બેઠો છે. કોઇ એમાં દખલ કરે તો એને પોતાના પક્ષમાંથી એ બાતલ કરે છે. એ જર્મન પ્રજાનો 'ડિક્ટેટર' (સર-મુખત્યાર) બનશે કે કેમ તે કોણ કહી શકે? પણ એના પક્ષનો—એની એ વિશાળ નાઝી હિલચાલનો તો એ ખરે જ ડિક્ટેટર છે. પરિણામે એ આખું તંત્ર ઉપરથી આવતા હુકમને અમલમાં મૂકે એવી રીતે જ તૈયાર કરવામાં અને ચલાવવામાં આવે છે; આખી હિલચાલ લશ્કરી ઢબે જ ઘડાઇ જણાય છે. અહીંઆં ફરી મહાત્માજી અને હિટ્લર વચ્ચેનો તફાવત ટૂંકમાં એ રીતે સ્પષ્ટ થાય છે કે મહાત્માજી કહેશે હું કોણ? હું તો મહાસભાનો અદનો સેવક; જ્યારે હિટ્લર કહેશે મારી આખી હિલચાલ એટલે હું અને હું જ.

મહાત્માજી હિંદનું સ્વાતંત્ર્ય ઇચ્છે છે એમ કોઇ પણ પ્રજાનું સ્વાતંત્ર્ય કબૂલ કરે છે; જ્યારે હિટ્લરને તો જર્મન પ્રજાનું સ્વાતંત્ર્ય જોઇએ છીએ, પણ બીજી પ્રજાઓ સ્વાતંત્ર્યની માગણી કરે તો એને એ ન ગે ફાવે. લગભગ એક વર્ષ પહેલાં એણે પરદેશી પ્રેસને આપેલા એક 'ઇન્ટરવ્યૂ'માં કહેલું કે હિંદુસ્તાન સ્વતંત્ર થાય તો આખી દુનિયાને ભારે હાનિ થાય. આ પરથી બર્લિનમાં વસતા એક હિંદી ભાઇએ હિટ્લરને પત્ર લખી પુછાવ્યું કે શી રીતે હાનિ થાય તે જણાવશો? હિટ્લરે પોતાના સેક્રેટરી દ્વારા એવી મતલબનો જવાબ મોકલ્યો કે 'મને એવી ખાત્રી છે.'

આ ટૂંક વર્ણન પરથી જણાશે કે હિટ્લર અલબત્ત જર્મનીને માટે બહિર્ અને આંતર્ સ્વાતંત્ર્ય મેળવવા ભગીરથ પ્રયત્નો કરી રહેલ છે અને એને અત્યાર સુધીમાં સારો સાથ મળ્યો છે, એટલું જ નહિ પણ રાજકારણમાં કાંઇક ચમત્કારો ન થાય તો રાજસત્તા પણ કદાચ એના હાથમાં ટૂંક વખતમાં જ આવી પડશે; પરંતુ એની કાર્યપ્રણાલિ કશી નૂતનતા નથી લાવતી. આમ હોઇ જર્મનીની સરહદમાં જ એની મહત્તાની સીમા બંધાઇ જશે એમ કહી શકાય. જ્યારે મહાત્માજી તદ્દન નવી એવી અહિંસાની પ્રણાલિ રાજકારણમાં ગૂંથી દઇ લડાઇઓનાં અનંત કુંડાળામાં ઘેરાએલા જગતને શાંતિ આપવાનો અદ્વિતીય પ્રયોગ કરી રહ્યા છે એટલે એ વિભૂતિની મહત્તાને ભૌગોલિક સીમાનાં બંધનો નથી રહેતાં.

૬-૧૨-૩૨ કાર્લ્સરુહ (જર્મની) **લવજી થોરિયા**

૨

ઍડૉલ્ફ હિટ્લરનો જન્મ ઑસ્ટ્રિયા અને જર્મનીની સરહદ પરના એક ગામડામાં થયો અને તેનું બાળપણ એ સરહદ પર જ વીત્યું. આથી તે ઑસ્ટ્રિયાનો રહેવાશી કે જર્મનીનો રહેવાશી, આ બાબતનો ખુલાસો તેને જર્મન નાગરિકના હક્ક મળતાં સુધી થયો નહોતો.

હિટ્લર જન્મે જર્મન નહિ પણ ઑસ્ટ્રિયન હોવા છતાં તે પોતાને અસલ જર્મન માને છે. તેનું હૃદય જર્મનીના પુનરુદ્ધાર માટે ઊછળી રહ્યું હોય છે. જર્મનીનું પુનરુજ્જીવન, કરીને તેને તેની પૂર્વ સ્થિતિ પર આણવું એ તેની મહત્ત્વાકાંક્ષા છે. જર્મનીનો પૂર્વ વૈભવ, તેની સત્તા ને તેનું લૌકિક પાછું મેળવી આપવું એને હિટ્લરે પોતાનું જીવિત ધ્યેય ઠરાવ્યું છે, અને એટલા સારુ તેણે મુસૉલિનીના ફૅસિસ્ટ સૈનિકોની પદ્ધતિ પર સ્વસ્તિક ચિન્હાંકિત નાઝી સૈનિકોની સંઘટના કરી છે. એના અનુયાયીઓની સંખ્યા સાત લાખ હોવાનો અંદાજ છે.

ઇ.સ. ૧૮૮૯માં તેનો જન્મ થયો. એનો બાપ ઉપર જણાવેલી સરહદ પર જકાતનો એક નાકાદાર હતો. પોતાનો છોકરો પોતાની પેઠે જ સરકારી નોકરીમાં પ્રવેશી પોતાનું આયુષ્ય વીતાવે એવી તેને સાહજિક ઇચ્છા હતી, અને તેથી જ તેણે ઍડૉલ્ફને સરકારી નિશાળમાં મૂક્યો. આ નિશાળની છેલ્લી પરીક્ષા પાસ કર્યા પછી તેને સરકારી નોકરી મળી હોત ને તે પોતાના પિતાની પેઠે એક ક્ષુલ્લક નાકાદાર પણ બની બેઠો હોત, પણ તેના મનમાં નાકાદારી મેળવવાની ઇચ્છા નહોતી. એની નિશાળમાં ઇતિહાસનો એક શિક્ષક હતો. તે હિટ્લરને જર્મનીનો ઇતિહાસ શીખવતો હતો અને એની આગળ જર્મનીના વૈભવનું એવું સુંદર ચિત્ર ઊભું કરતો કે હિટ્લર દેહભાન વિસરી જતો. આ શિક્ષકને લીધે

હિટ્લરને જર્મનીને માટે અત્યંત આદર ને પોતાપણું લાગવા માંડ્યું. એને પહેલેથી જ ચિત્રકળાનો શોખ હોવાથી તે કલાકોના કલાકો સુધી ચિત્રો કાઢવામાં લીન થઇ જતો. સરકારી અધિકારી ન બનતાં પોતે જગ-પ્રસિદ્ધ ચિત્રકાર બનવું, મૂર્તિકાર બનવું એવી તેની મહત્ત્વાકાંક્ષા હતી ને એ પ્રમાણે તેણે ચિત્રકળાના અભ્યાસની શરૂઆત કરી.

પણ કુમારાવસ્થામાં પગ મૂકયો ત્યાં તો તેરમે વર્ષે તે પોતાનાં માતા પિતા બંને ગુમાવી બેઠો અને ઉદરનિર્વાહને માટે તેને વીએનાનો રસ્તો લેવો પડયો. એ વખતે તેની પાસે ખાવાપીવા પૂરતા પણ પૈસા નહોતા. ખાવાનું મેળવવાને તેને મજૂરી કરવાની ફરજ પડી. સામાન્ય મજૂર તરીકે તેણે વીએનામાં પાંચ વર્ષ કાઢ્યાં. આથી સામાન્ય જનતાની સ્થિતિ કેવી છે એની તેને ખરી કલ્પના આવી.

૧૯૧૨માં ઑસ્ટ્રિયામાંની ફરજિયાત લશ્કરી નોકરીને ચૂકવવા સારૂ તે ત્યાંથી નાઠો ને જર્મનીમાં આવી મ્યૂનિચમાં દાખલ થયો. પણ એટલામાં મહાયુદ્ધ શરૂ થયું અને તે પોતાની માતૃભૂમિની સેવા કરવાને સજ્જ થયો. તેણે પોતાનું નામ જર્મન સૈન્યમાં નોંધાવ્યું. જર્મનીને જ તે પોતાની માતૃભૂમિ માનતો હોવાથી જર્મનીને માટે ગમે તે કરવાને તે કટિબદ્ધ હતો. યુદ્ધની વેળાએ તેને સંદેશા લઇ જવા-લાવવાનું કામ આપવામાં આવ્યું હતું અને તે કામ તેણે એટલું ઉત્તમ રીતે બજાવ્યું કે એની સર્વત્ર વાહવાહ થઇ.

મહાયુદ્ધમાં તેને સામાન્ય સિપાઇના કરતાં વધુ કોઇ લશ્કરી અધિકાર મળ્યો નહોતો; તોપણ તેણે લશ્કરી સંઘટનાની વિદ્યા લડાઇના મેદાન પરથી જ પ્રાપ્ત કરી લીધી. યુદ્ધમાં તે બે વાર જખમી થયો હતો ને તેણે એક સન્માન ચિહ્ન પણ મેળવ્યું હતું.

મહાયુદ્ધ પૂરૂં થયા પછી પોતાના રાષ્ટ્રને માટે પોતે કંઇ પણ કરવું જોઇએ એ વાતનું તેને તીવ્ર ભાન થયું. મ્યૂનિચના વસવાટ દરમ્યાન ૧૯૧૯માં મજૂર પક્ષની એક બેઠકમાં તે હાજર રહ્યો હતો. એ પક્ષમાં માત્ર છ જ સભાસદ હતા. હિટ્લરનું વકતૃત્વ ને ઉત્સાહ જોઇને સાતમા સભાસદ તરીકે તેનું નામ નોંધવામાં આવ્યું. તેણે પોતાના પક્ષનું સંખ્યાબળ વધારવા સારૂ જુદાજુદા લોકોને આમંત્રીને સામાહિક સભાઓ ભરવા માંડી, ઠેરઠેર ધક્કા ખાઇ લવાજમ ઉઘરાવ્યાં, મંડળનું કામ સમજાવવા સારૂ જાહેર પત્રિકા છપાવ્યાં; ટૂંકમાં પોતાના પક્ષને માટે ગમે તે કૌસ કરવામાં તેણે આઘુંપાછું જોયું નહિ. પરિણામે એ પક્ષમાં જેમજેમ લોકો ભળતા ગયા તેમતેમ તેનું નેતૃત્વ તેની જ પાસે આવવા લાગ્યું. તેણે આ પક્ષને 'રાષ્ટ્રીય સમાજસત્તાવાદી જર્મન મજૂર પક્ષ' આવું નવીન નામ આપ્યું. છ મહિનાની અંદર જ સભાસદોની સંખ્યા એકસો દશ ઉપર ગઇ. આવડા સમાજ આગળ પોતાનું વકતૃત્વ ગજવવાનો હિટલરને પ્રસંગ હજી આવ્યો ન આવ્યો, ત્યાં તો એક વર્ષની અંદર સભાસદોની સંખ્યા પાંચ હજાર ઉપર ગઇ. ૧૯૨૨ની સાલ ઊગતાં પહેલાં તો હિટ્લર વીસ હજાર અનુયાયીઓના નેતા તરીકે ગણાવા લાગ્યો.

એ પક્ષમાં જર્મનીના માજી સેનાપતિ, લશ્કરી અધિકારીઓ ને પ્રતિષ્ઠિત આગેવાનો ભળ્યા. મહાયુદ્ધમાંના કુશળ સેનાની ને મુત્સદ્દી લુડેન્ડૉર્ફ તથા કૈસરના પુત્ર પ્રિન્સ ઑગસ્ટ વિલ્હેમનાં જેવી નામાંકિત વ્યક્તિઓનો તેને ટેકો મળ્યો.

હિટ્લરે પોતાના નાઝી સૈનિકો મૅઝોલિનીના ફૅસિસ્ટોની પદ્ધતિ પર તૈયાર કર્યા. તેમનું શિક્ષણ, તેમની વ્યવસ્થા ને તેમનો એકંદર રૂઆબ ફૅસિસ્ટોના જેવો છે. તપખીરી કોટ અને તપખીરી ટોપી એ આ નાઝીઓનો મુખ્ય પોષાક છે અને પ્રત્યેકના ભુજદંડ પર સ્વસ્તિકનું ચિહ્ન ઝળકી રહ્યું હોય છે. સ્વસ્તિકના ચિહ્નને અખંડિત ઉત્સાહના દર્શક તરીકે માનવામાં આવે છે. નાઝી સૈનિકો પૈકી ઘણાખરા સામાન્ય કિંવા મધ્યમ દરજ્જાના જ લોકો છે. આખા જર્મનીમાં બંધુભાવ વધે, મજૂરોની ગરીબાવસ્થા દૂર થાય, રાષ્ટ્ર સમાજસત્તાવાદી બને અને સર્વ ઉદ્યોગધંધા રાષ્ટ્રના તાબામાં આવે એ ચાર નાઝી પંથનાં સૂત્રો છે.

૧૯૨૩માં હિટ્લરના અનુયાયીઓની સંખ્યા બે લાખે પહોંચી. અને એ વર્ષની ૯મી નવેમ્બરે હિટ્લરે બંડનું નિશાન ઊભું કર્યું. બવેરિયાનું લોકસત્તાક ઉથલાઇ પડયું છે એમ તેણે જાહેર કર્યું અને બવેરિયાના મુખ્ય પ્રધાન ડૉ. ફૉન કારને પણ તેણે સખ્તાઇથી પોતાની પાસે આવવાની ફરજ પાડી. લુડેન્ડૉર્ફના હાથમાં

(અનુસંધાન આગળ પાન ૬૦૧)



અરુણનું અદ્ભુત સ્વપ્ન

પ્રકરણ ત્રીજું
અમેરિકા

અમેરિકા તો એક મોટો ખંડ છે એમ ભૂગોળમાં હું શીખ્યો છું. દુનિયામાં પાંચ ખંડો છે તેમાં એશિયા પહેલે નંબરે અને અમેરિકા બીજે નંબરે આવે છે. એટલે આકાશમાંથી મેં જે દેશ જોયો તે ખૂબ મોટો લાગે તેમાં નવાઇ નહિ. અમે તો સડસડાટ નીચે ઊતરવા લાગ્યા. નીચે એક મોટું શહેર જણાતું હતું. પાસિફિકના રેતાળ કિનારા પર અમે ઊતર્યા. નીચે ઊતરી પહેલું કામ તો દરિયામાં ડુબકી મારવાનું જ કર્યું. દરિયામાં નહાવાની મને ખૂબ મજા પડી. બહાર નીકળી હું કપડાં પહેરવા ગયો તો મારો ડ્રેસ અદૃશ્ય થએલો જણાયો. એની જગ્યાએ ત્યાંની ઢબનાં કપડાં—ટૂંકી પાટલૂન, ખમીસ, નેકટાઇ વગેરે હતાં. હું એ કપડાં પહેરી સજ્જ થઇ ગયો. ગરુડરાજ પણ અમેરિકન લેબાસમાં તૈયાર થયા.

મને તો કકડીને ભૂખ લાગેલી એટલે શહેરમાં જઇને પહેલું કામ તો કોઇ રેસ્ટોરાંની મુલાકાત લેવાનું નક્કી કર્યું. શહેરમાં પહોંચતાં ત્યાંનાં ઘરો એવાં તો ઊંચાં જોયાં કે ન પૂછો વાત. મેં ગરુડરાજને પૂછ્યું કે ચોપડીઓમાં વાંચીએ છીએ તેવો આ રાક્ષસોનો દેશ તો નથી ને? અહીં તો બધું મોટું જ મોટું લાગે છે. ગરુડરાજ હસી પડ્યા અને કહ્યું, 'હજી ન્યૂ યૉર્ક તો જો, પછી ઊંચાં ઘરો શું તે ખબર પડશે.' 'આ શહેરનું નામ શું?' 'લૉસ ઍંજેલિસ' ગરુડરાજે ઉત્તર આપ્યો.

આમ વાતો કરતા અમે ત્યાંના મુખ્ય રસ્તા પર પહોંચ્યા ત્યાં તો શોરબકોર સંભળાયો. લોકોનાં ટોળેટોળાં નાસભાગ કરતાં સામેથી દોડતાં આવતાં હતાં. અમે પણ વહેલા વહેલા ટોળાની અડફટમાં ન આવીએ માટે એક ઓટલા પર ચઢી ગયા. જોતજોતામાં તો એક મોટર પુરપાટ દોડતી વાંકીચૂંકી કોઇ દારૂ પીધેલો હાંકતો હોય એવી રીતે ત્યાંથી પસાર થઇ ગઇ. એની પાછળ પોલીસનાં કપડાંમાં સજ્જ એવાં માણસોથી ભરેલી એક બીજી મોટર વેગબંધ દોડતી નીકળી. હું તો આ બનાવથી એટલો ગભરાઇ ગયો હતો કે મારાથી એક શબ્દ પણ બોલાતો નહોતો. લોકોનાં ટોળાં વિખરાયા પછી અમે એક રેસ્ટોરાંમાં પેઠા. ત્યાં એક ટેબલ આગળ બેઠા પછી જ મારા જીવમાં જીવ આવ્યો. મેં ગરુડરાજ સામે જોયું તો એ તો હસતા હતા.



ઉત્તર અમેરિકામાં યુનાઇટેડ સ્ટેટ્સ બતાવતો નકશો

'આ તો સીનેમાને માટેનો એક દેખાવ હતો:' એમણે મને સમજાવતાં કહ્યું: 'લૉઝૅંજેલિસનું હૉલીવૂડ નામનું પરૂં છે. એ હૉલીવૂડમાં દુનિયાના મોટામાં મોટા સીનેમા સ્ટુડિયો આવેલા છે, ચાર્લી ચૅપ્લીન કે જૅકી કૂગન ને જૅકી કૂપર વગેરે વગેરે તમારા બાળપ્રિય ખેલાડીઓ હૉલીવૂડમાં જ રહે છે.'

'પણ આપણે જોયું તે તો બધું ખરેખરૂં હતું. ખરેખરા લોકો નાસભાગ કરતા હતા.'

'હા; સીનેમાવાળાઓને જ્યારે કોઇ મોટા દેખાવ—ખાસ કરીને રસ્તામાં લોકોની નાસભાગ અને એમના મોં પર થતી કુદરતી લાગણીઓનો ખરો ચિતાર—આણવો હોય ત્યારે તેઓ ખરેખરા લોકોનું જ ચિત્ર લે છે. તે વખતે અહીંની સુધરાઈ તેમજ પોલીસની પરવાનગી માગી લે છે. લોકોને કંઇ પહેલેથી ચેતાવવામાં આવતા નથી. અણચિંત્યું આવું થાય એટલે લોકો ટેવાઇ ગયા છતાં પણ એકાએક તો ગભરાઇ જ જાય.'

ચાર્લી ચૅપ્લીન, જૅકી કૂગન વગેરેનાં નામ સાંભળી મને એમને જોવાનું મન તો ખૂબ થયું, પણ ગરુડરાજે કહ્યું કે બધું જ જોવા બેસીશું તો પાર નહિ આવે, એટલે ના છૂટકે એ વિચાર માંડી વાળ્યો. ગરુડરાજે મને કહ્યું કે લૉઝૅંજેલિસમાં કંઇ ખાસ જોવા જેવું નથી. કિનારો જોકે ઉજ્જડ છે, છતાં થોડેક અંદર જતાં નારંગીઓનાં વનેવન આવે છે. લૉઝૅંજેલિસ દક્ષિણ કૅલિફૉર્નિયાનું પાટનગર, અને કૅલિફૉર્નિયા એટલે અમેરિકાનો બાગ. ત્યાંનાં ફળફૂલ બહુ જ પ્રખ્યાત ગણાય.

અમે લૉઝૅંજેલિસથી ઊડ્યા ત્યારે રસ્તામાં નારંગી વગેરે ફળોનાં વન ખૂબ જોયાં. અમારો વિચાર વૉશિંગ્ટન જવાનો હતો, પણ રસ્તામાં દુનિયાનું એક અદ્ભુત દ્દશ્ય આવે છે તે જોવા ઊતર્યા. ઍરીઝોનાના રણમાં સપાટ જમીન પર જમીનમાં મોટો ચીરાડો પડ્યો હોય તેવી એક અતિશય ઊંડી ખીણ છે. એની લંબાઇ બસો ફૂટ અને ઊંડાઇ લગભગ એક માઇલની છે! એ ભવ્ય ઊંડાણમાં છેક નીચે કોલોરાડો નદી વહે છે. ખરેખર તો આ નદીનું ઊંડું કોતર જ કહેવાય. આ સ્થળને ગ્રૅન્ડ કૅન્યન કહે છે. આ જગ્યાએ કેટલાએક લોકોને માથામાં પીંછાં ખોસીને ચામડાનાં કપડાં પહેરી નાચતાં જોયા. એ લોકોની ચામડીનો રંગ પણ જુદો હતો. મેં ગરુડરાજને પૂછ્યું કે 'આ કઇ જાતના લોકો?'



રેડ ઇન્ડિયન

એમણે કહ્યું કે 'આ લોકો રેડ ઇંડિયન્સ કહેવાય છે. એ અમરિકાના મૂળ વતનીઓ છે. કોલંબસે હિંદુસ્તાન શોધવા જતાં ૧૪૯૨ની સાલમાં અમેરિકા શોધી કાઢ્યો, એટલે આ લોકો ઇન્ડિયન્સ (હિંદુસ્તાનના વતનીઓ) કહેવા લાગ્યા હશે. પછી એની ભૂલ જણાતાં આ લોકો અને ખરા હિંદુસ્તાનીઓ વચ્ચે ભેદ બતાવવા એમને 'રેડ ઇંડિયન્સ' એટલે રાતા ઇંડિયન્સ તરીકે ઓળખવા લાગ્યા. યુરોપની પ્રજા જેમજેમ વધારે સંખ્યામાં અમેરિકા આવતી ગઈ તેમ તેમ આ મૂળ વતનીઓને કિનારા ઉપરેથી હટાવીહટાવી અંદર કાઢ્યા. આજે તો એમની સંખ્યા નજીવી જ છે. એક વખત તો એ લોકો જબરા તીરંદાજ હતા, પણ આજના બંદુકના જમાનામાં એમને સ્થાન ક્યાંથી મળે? સરકારે એ લોકોને સંગ્રહસ્થાનને લાયક ગણી એમને માટે ખાસ કૅમ્પ રાખ્યા છે ત્યાં જ રહે છે. અમે નાચ જોતા હતા ત્યાં તો કેટલાંક સ્ત્રીપુરુષો ઉશ્કેરાઇને વાતો કરતાં ત્યાં આવી પહોંચ્યાં. એમની વાતો પરથી લાગ્યું કે એ લોકો ગ્રૅન્ડ કૅન્યન જોવા આવ્યા હતા. અને તાજા જ સ્ટેશન પરથી બહારોબહાર આવેલા મુસાફરો હતા. એમની ઉશ્કેરણીનું કારણ તો એ હતું કે એમની આગગાડીને ધાડપાડુની ટોળીએ રસ્તામાં અટકાવી હતી ને તેમનાં ગજવાં ખાલી કરાવ્યાં હતાં. આવા સુધરેલા દેશમાં ધોળે દિવસે ધાડપાડુઓ ચોરી કરે! હું તો આ વાત સાંભળી ગભરાઇ જ ગયો. સારૂં હતું કે અમારે ટ્રેનમાં મુસાફરી કરવાની નહોતી; અને હોત તોપણ મારાં ગજવાં તો ખાલી જ હતાં!

અમે ગ્રૅન્ડ કૅન્યનથી ઊડ્યા તે સીધા વૉશિંગ્ટન જ પહોંચ્યા. અમેરિકાનું આ પાટનગર ઘણું દેખાવડું



યુનાઇટેડ સ્ટેટ્સના પાટનગર વૉશિંગ્ટનનું મુખ્ય રાજ્યમંદિર

શહેર છે. ગરુડરાજે મને કહ્યું કે યુરોપમાં પૅરિસ જે ઘણું સુંદર શહેર ગણાય છે તેની ઢબે આ શહેર બાંધવાનો પ્રયત્ન કર્યો છે. અમે તો નદી કિનારે એક બાગમાં ઊતર્યાં. એ પટોમક નદી ઉત્તર અને દક્ષિણ પ્રાંતોને છૂટાં પાડે છે. એક ફેરિયા પાસેથી ભોંયસીંગનું મોટું પડીકું લઇ અમે એક ઝાડ નીચે બાંકડા પર બેઠા. હું એ ખાતો ગયો અને ગરુડરાજની વાતો સાંભળતો ગયો. ગરુડરાજે મને કહ્યું કે 'હું તને અહીં ખાસ તો એટલા માટે લાવ્યો છું કે જો અમેરિકા વિષે કંઇ જાણવું હોય તો આ જગ્યા છે. જો આસપાસ નજર કર. પણે દૂર આરસનો પાંચસો ફીટ ઊંચો સ્તંભ જણાય છે. એ જ્યૉર્જ વૉશિંગ્ટનનો કીર્તિસ્તંભ છે. આણી બાજુ આ દેખું આરસનું મંદિર જણાય છે તે અબ્રાહમ લિંકનનું સ્મારક છે. આ બંને મહાપુરુષોનાં જીવન જાણવાં એટલે અમેરિકાનો ઇતિહાસ જાણ્યો કહેવાય. અમેરિકાનો ઇતિહાસ તો બહુ જ નવો નવો છે; માત્ર ચારસો વર્ષ જ જૂનો. હિંદુસ્તાનનો તો હજારો વર્ષનો જૂનો છે! અમેરિકાના એ ટૂંકા જીવનને આ બે મહાન પુરુષોએ ઠીક ઉજ્જવલ બનાવ્યું છે. જ્યૉર્જ વૉશિંગ્ટનનું નામ તો તમને લોકોને અજાણ્યું નહિ હોય. એને વિષે તમારા પુસ્તકમાં એક પાઠ અને કવિતા પણ છે. 'પિતાની કુહાડી લઇ બાળ નાનો' એ કવિતા યાદ છે ને? જ્યૉર્જ નાનો હતો ત્યારે એના પિતાએ એને નાની સરખી કુહાડી રમવા આપેલી. આ કુહાડીનો ઉપયોગ નાના બાળકે રમતમાં પિતાનાં માનીતાં ઝાડ કાપી નાખવામાં કર્યો. જ્યારે પિતાએ ગુસ્સે થઇ પૂછ્યું કે એ કામ કોણે કર્યું ત્યારે જ્યૉર્જે જરા પણ ન ગભરાતાં પોતાનો ગુનો કબૂલ કરી દીધો. એ સાચું બોલનાર વીર બાળકે આગળ જતાં અમેરિકાને ઇંગ્લંડની સત્તામાંથી છોડાવી સ્વતંત્ર રાજ્ય બનાવ્યું.

અમેરિકા દેશ ૧૪૯૨ની સાલમાં પહેલવહેલો કોલંબસે શોધી કાઢ્યો ત્યાર પછી યુરોપના જુદાજુદા દેશના લોકો ત્યાં જઇને વસવા લાગ્યા. યુરોપમાં ધર્મ તો એક ક્રિશ્ચિયાનીટી (ખ્રિસ્તી ધર્મ) ગણાય છે, પણ એમાં મતમતાંતર પુષ્કળ છે. એટલે જ્યારે ધર્મને નામે એક મતવાળા બીજા મતવાળા પર—રોમન કૅથલિકો પ્રૉટેસ્ટન્ટ પર અને પ્રૉટેસ્ટન્ટો રોમન કૅથલિકો પર—અત્યાચારો કરવા લાગ્યા ત્યારે ઘણા લોકો એ જુલમમાંથી બચવા અમેરિકા નાસી ગયા હતા. યુનાઇટેડ સ્ટેટ્સના પૂર્વના કિનારાના લોકો મોટે ભાગે ઈંગ્લંડના. એ પૂર્વ કિનારે આવેલા પ્રાંતો—ન્યૂ ઇંગ્લંડ, ન્યુ જર્સી, પેન્સિલવૅનિયા, વરજીનીયા ઇત્યાદિ—ઈંગ્લંડના રાજાને પોતાનો રાજા માનતા. ઇંગ્લંડે આ દેશપારના પોતાના પ્રાંતો પર સમદૃષ્ટિ રાખી રાજ્ય ચલાવ્યું હોત તો અમેરિકાનો આજનો ઇતિહાસ કંઇ જુદો જ—આખી દુનિયાનો ઇતિહાસ પણ જુદો જ—હોત. પરંતુ ઇંગ્લંડના મંત્રીઓ આંખ મીંચીને આ દેશપારના પ્રાંતો પર ખરાખોટા કર નાખતા ગયા. વખત એવો આવ્યો કે વર્જિનિયાની લોકપરિષદે ઠરાવ કર્યો કે અંગ્રેજી પાર્લામેન્ટે નાખેલા કરવાળી ચીજ દેશમાં આવવા દેવી નહિ. બીજા પ્રાંતોએ પણ આ ઠરાવ વધાવી લીધો. આને પરિણામે બૉસ્ટન બંદર પર આવેલી ઇંગ્લંડની ચાની પેટીઓને દરિયામાં ફેંકી દેવામાં આવી એ તો બહુ જ ઐતિહાસિક બનાવ ગણાય, કારણકે ત્યાંથી જ લડાઇનો દાવાનળ સળગ્યો, અને જોતજોતાંમાં તો બધા પ્રાંતો ઇંગ્લંડ સામે યુદ્ધ કરવા કૂદી પડ્યા. આ યુદ્ધમાં જ્યૉર્જ



જ્યૉર્જ વૉશિંગ્ટન

વૉશિંગ્ટન સેનાપતિ તરીકે એટલો તો જનપ્રિય થયો ને પંકાઈ ગયો કે જ્યારે આ પ્રાંતો ઇંગ્લંડથી છૂટા પડી ગયા અને પોતાનું સંયુક્ત પ્રાંતોનું પ્રજાસત્તાક રાજ્ય સ્થાપ્યું ત્યારે તે એનો પહેલો પ્રેસિડેન્ટ ચૂંટાયો.' ગરુડરાજ બોલતા અટક્યા. પોતાના દેશને સ્વતંત્ર બનાવનાર એ વીરના સ્મારક તરફ મારી નજર ફરી અને એ ભવ્ય શ્વેત આરસના કીર્તિસ્તંભને દેખી મારું હૃદય ભક્તિભાવથી નમ્યું. પછી ગરુડરાજને મેં પૂછ્યું કે અબ્રાહમ લિંકને એવું શું કર્યું કે જેથી એને માટે પણ સ્મારક બાંધ્યું છે? ગરુડરાજે જવાબ આપ્યો કે 'જ્યૉર્જ વૉશિંગ્ટને અમેરિકાના જે જુદાજુદા પ્રાંતોને સંયુક્ત બનાવી એક છત્ર નીચે લાવવામાં મદદ કરી એ જ સંયુક્ત પ્રાંતો સો-પોણોસો વર્ષ પછી પાછા છૂટા પડી જવાની તૈયારીમાં હતા. અબ્રાહમ લિંકને યુદ્ધનું જોખમ ખેડી એ પ્રાંતોને છૂટા પડતા અટકાવ્યા અને એક છત્ર જાળવી રાખ્યું. આજે યુનાઇટેડ સ્ટેટ્સ જે એક બળવાન સત્તા છે તે જો આ પ્રાંતો છૂટા પડી ગયા હોત તો ક્યાંથી હોત?' મેં એ કીર્તિમંદિર જોવાની ઇચ્છા બતાવી. અમે ઓટલાનાં પગથિયાં ચડી અંદર ગયા. ગરુડરાજે કહ્યું કે ગ્રીસનાં મંદિરોની ઢબે આ કીર્તિમંદિર બાંધેલું છે. કેવળ આરસનું અને ખૂબ થાંભલાઓ વાળું આ મંદિર સાદું પણ ભવ્ય છે. વચ્ચોવચ્ચ અબ્રાહમ લિંકનની બેઠેલી મોટી મૂર્તિ છે. ભીંત પર મોટા સોનેરી અક્ષરોએ લખ્યું છે કે:—"In this temple as in the hearts of his people for whom he saved the union, the memory of Abraham Lincoln is forever enshrined." અબ્રાહમ લિંકને શા માટે લડાઇ કરી હતી વગેરે જાણવાની મેં ઇચ્છા બતાવી એટલે અમે એક બાજુએ ઓટલા પર બેઠા અને પછી ગરુડરાજે ખૂબ ટૂંકાણમાં એ ઇતિહાસ કહ્યો:

'અમેરિકામાં એવી માન્યતા છે કે ગરીબમાં ગરીબ રસ્તામાં ન્યુસપેપર વેચનાર છોકરો પણ એવી આશા



અબ્રાહમ લિંકનનું કીર્તિમંદિર

રાખી શકે કે આગળ જતાં એ યુનાઇટેડ સ્ટેટ્સનો પ્રેસિડેન્ટ થાય. આ માન્યતા જોકે આજના ડૉલરદેવના જમાનામાં તો કંઇ બહુ સત્ય લાગતી નથી, પરંતુ એક વખત એ ખરી હશે. અબ્રાહમ લિંકન તદ્દન ગરીબ માબાપનો દીકરો હતો. પોતાના આત્મબળે એ અમેરિકાનો પ્રેસિડેન્ટ બન્યો. એ પ્રેસિડેન્ટ બન્યો તે જ વખતે દેશમાં એક મોટા પ્રશ્ન પર ખૂબ ખળભળાટ થઇ રહ્યો હતો. એ પ્રશ્ન ગુલામો સંબંધે હતો. ગોરા લોકો અમેરિકામાં આવ્યા ત્યારે એમની સંખ્યા બહુ મોટી નહોતી. તે અરસામાં ગુલામો રાખવાનો રિવાજ હતો. ઍબિસીનિયા વગેરે આફ્રિકાના પ્રદેશમાંથી કાળા હબસીઓને પકડી લાવી અહીં ગુલામ તરીકે વેચવામાં આવતા. એમની પાસે ગોરા લોકો ખેતીનું કામ કરાવતા. શરૂઆતમાં તો ગોરા લોકો અમેરિકાને પૂર્વ કિનારે વસ્યા હતા. પહેલું જે સંયુક્ત મંડળ બન્યું તેમાં પણ સાત-આઠ પૂર્વના પ્રાંતો જ જોડાયા હતા. પરંતુ ધીમેધીમે એ લોકોએ પશ્ચિમ તરફ પગપેસારો કરવા માંડ્યો. જેમજેમ લોકો અંદર જતા ગયા તેમતેમ નવા પ્રાંતો બનતા ગયા અને આ પ્રાંતો મંડળમાં જોડાવા લાગ્યાં. પરંતુ જે લોકો આમ નવા પ્રાંતોમાં વસવા ગયા તેમણે પહેલેથી કબૂલાત કરાવી લીધી કે એમના નાગરિક હક્ક નવા પ્રાંતોમાં સચવાવા જોઇએ. તેમજ ભવિષ્યમાં

એમની સ્વતંત્રતા પર કોઈ જાતની ત્રાપ મારવામાં આવે નહિ. એને અંગે સંયુક્ત સરકાર તરફથી એક ઑર્ડિનન્સ બહાર પાડવામાં આવ્યો કે પશ્ચિમના પ્રાંતોમાં કોઈને પણ ગુલામ તરીકે રખાય નહિ. દરેક મનુષ્યના હક્ક ત્યાં સમાન ગણવા. જે જે નવા પ્રાંતો થયા તેને આ ઑર્ડિનન્સ લાગુ પડ્યો. તેને લીધે એ પ્રાંતોમાંથી તેમજ ઉત્તરના પ્રાંતોમાંથી ગુલામીનો રિવાજ સમૂળગો ગયો. માત્ર દક્ષિણ પ્રાંતો જ્યાં ખેતીનું જોર વિશેષ હતું ત્યાં આ રિવાજ રહ્યો. આ ઑર્ડિનન્સને પરિણામે આગળ જતાં પટોમક નદીને ઉત્તરે આવેલા પ્રાંતો અને દક્ષિણે આવેલા પ્રાંતો વચ્ચે ભારે યુદ્ધ થયું. ઉત્તર પ્રાંતોમાં વેપારનું જોર વિશેષ હોવાથી ગુલામોની જરૂર નહોતી, જ્યારે દક્ષિણ પ્રાંતોમાં ખેતી જ જીવનનું મુખ્ય સાધન હતું એટલે ગુલામો વિના ચાલે તેમ નહોતું. આ જ અરસામાં મિસીસ સ્ટૉ નામની બાઈએ 'અંકલ ટૉમ્સ કૅબિન' નામનું એનું જગવિખ્યાત પુસ્તક લખ્યું. તેમાં ગુલામો પર કેવો જુલમ વર્તાતો હતો તેનું હૃદયદ્રાવક વર્ણન કર્યું છે. આ પુસ્તકે ભારે ખળભળાટ કર્યો અને ઉત્તરવાળા તો ગુલામીનો સદંતર નાશ કરવાને તૈયાર થયા. પરંતુ દક્ષિણમાં ગુલામોની સંખ્યા એટલી મોટી હતી કે આ કામ શક્ય લાગતું નહોતું. અબ્રાહમ લિંકન આ કારણે ગુલામી સદંતર નાબૂદ કરવાની તરફેણમાં નહોતો, જોકે નવા પ્રાંતોમાં તો એ ન જ દાખલ કરવી એ માટે સખ્ત આગ્રહ ધરાવતો હતો. પરંતુ દક્ષિણ પ્રાંતોને આ હક્ક જોઈતો હતો. સંયુક્ત સરકારને આ બાબત ઑર્ડિનન્સ કાઢવાનો હક્ક નહોતો એ એમની દલીલ હતી. એટલે જે દિવસે લિંકન પ્રેસિડેન્ટ થયો તે જ દિવસે કૅરોલીના પ્રાંતની ધારાસભાએ સંયુક્ત મંડળમાંથી છૂટા પડવાનો ઠરાવ કર્યો. આ જોઈને બીજા પણ દક્ષિણના પ્રાંતોએ છૂટા પડવાના ઠરાવો પસાર કર્યા. લિંકન આગળ એક મોટો પ્રશ્ન ખડો થયો કે આવી રીતે પ્રાંતોને સંયુક્ત મંડળમાંથી છૂટા પડી જવાનો હક્ક છે કે કેમ? લિંકને દૃઢતાથી મત આપ્યો કે પ્રાંતોને છૂટા પડવાનો હક્ક નથી. સંયુક્ત સરકારના હુકમનો અનાદર કરવા માટે દક્ષિણ પ્રાંતોને બળવાખોર ઠરાવી લિંકને એમની સામે લશ્કર મોકલવાનું જાહેર કર્યું. લડાઈમાં દક્ષિણ પ્રાંતો હાર્યા. મંડળનું રાજ્ય વધારે દૃઢ બન્યું. પણ સૌથી સારું પરિણામ તો એ આવ્યું કે ગુલામીને સદંતર નાબૂદ કરવામાં આવી.'

'એ બધા ગુલામોનું શું થયું?'

'એ બધાને છોડી મૂક્યા. શરૂઆતમાં તો એ બીચારા બહુ હેરાન થયા. અને દક્ષિણ પ્રાંતો તો હજી પણ ત્યાં વસતા હબસીઓને ગુલામ જેવા જ ગણે છે; બીચારાને માણસમાં ગણતા જ નથી. એમને માટે શાળાઓ જુદી, ટ્રામ વગેરેમાં બેસવાની જગ્યા જુદી, નાટકશાળામાં બેસવાનું જુદું અને સૌથી વધારે તો દેવળોમાં પણ એમને માટે જગ્યા જુદી! કોઈવાર તો નજીવા ગુના માટે એમની ચામડી ઉતારીને મારી નાખવામાં આવે છે કે જીવતા બાળી પણ દેવામાં આવે છે.' આ સાંભળીને મને તો કંપારી છૂટી. 'માણસો માણસો પર આવો જુલમ ગુજારી શકે? વાર્તાઓની ચોપડીમાં તો વાંચીએ છીએ કે રાક્ષસો જ આવું કામ કરે!' મારાથી બોલી જવાયું. ગરુડરાજ હસ્યા: 'હિંદુસ્તાનમાં તમે જુલમ ક્યાં નથી કરતા? તમારા જ ભાઈઓને તમે અસ્પૃશ્ય ગણી જુદા કાઢ્યા છે. ગામડામાં ખાબોચિયાનું ગંધાતું પાણી પીએ પણ એક કૂવે તમે એમને પાણી ન પીવા દો. તમારી શાળામાં એમનાં બાળકોને ભણવા ના દો; તમારાં મંદિરોમાં પણ બીચારાને પેસવા ન દો. મારા ભગવાન ફરી અવતાર લઈને આવે તો તમારા આ જુલમી હિંદુ ધર્મને જોઈને ગભરાઈ જ જાય. અને જેમ રાવણ, કંસ વગેરેનો નાશ કર્યો હતો તેમ તમારા અધર્મને ધર્મ મનાવનારા પંડિતોનો તો જરૂર નાશ કરે!' ગરુડરાજ ઉશ્કેરાઈને બોલ્યા. 'વિષ્ણુ ભગવાન ફરી જન્મ લેશે ખરા?' મેં કુતૂહલથી પૂછ્યું. 'લેશે જ. ધર્મની ગ્લાનિ થશે તો લેવો જ પડશે.' ગરુડરાજે કહ્યું. 'આ વખત શેનો અવતાર લેશે?' 'કોને ખબર. કદાચ તમારી કહેવાતી અસ્પૃશ્ય જાતિમાં જ અવતરશે.' ગરુડરાજ હસ્યા. 'અમેરિકાનું પાટનગર તો જોયું, પણ ખરું તો એનું ડૉલરધામ જોવાનું છે. તે જોઈ આપણે અમેરિકા છોડીશું.' એમ કહી ગરુડરાજે મને ઉપાડ્યો અને અમે ઊડતા ન્યૂ યૉર્ક પહોંચ્યા.

આકાશમાંથી પણ ન્યૂ યૉર્ક જબરદસ્ત શહેર લાગે છે. એનાં ગગનભેદી મોટાંમોટાં મકાનો જોઈ એ કોઈ રાક્ષસનગરી હોય એવું જ લાગ્યું. મુંબઈ બેટની માફક એ પણ ટાપુ ઉપર વસેલું છે, અને આસપાસ આવેલા



મુંબાઇની માફક ન્યૂ યૉર્ક પણ માનહટ્ટન નામના ટાપુ પર વસેલું હોવાથી તેના વિસ્તારને માટે નીચે જગ્યાની તંગાશ પડવાને કારણે ઊંચે આકાશ તરફ વધવા માંડયું છે 'સ્કાઇ સ્ક્રેપર્સ' નામથી ઓળખાતાં તેનાં ગગનચુંબી સીધાં ઊભાં મકાનોએ બાંધકામના સ્થાપત્યમાં એક નવી લાક્ષણિક પદ્ધતિ શરૂ કરી છે. ઉપરનું ચિત્ર લોઅર માનહટ્ટન વિભાગનો ન્યુ યૉર્કનો દરિયાકિનારાનો ભાગ બતાવે છે.

પાણીને લીધે વિસ્તારમાં વધી શકતું નથી એટલે આકાશ તરફ વધે છે. દસબાર મજલાનાં ઘરોના તો ત્યાં હિસાબ જ નહિ. જેમજેમ અમે નીચે ઊતરતા ગયા તેમતેમ બધું સ્પષ્ટ જણાવા માંડયું. ન્યૂ યૉર્કના બારામાં એક નાના ટાપુ પર એક પ્રચંડ સ્ત્રીની મૂર્તિ જોઈ. એના હાથમાં મશાલ હતી. સંધ્યાકાળને ટાંણે એ મશાલ સળગે છે.



ગરુડરાજે કહ્યું કે એ ન્યૂ યૉર્કનું આંગણું છે. એ મૂર્તિ સ્વતંત્રતા દેવીની છે. અમેરિકા સ્વતંત્ર થયું તેનું એ સ્મારક છે. વહાણો બારામાં પેસતાં જ સ્વતંત્રતાદેવીનાં દર્શન કરે છે. જોકે હવેના ટીકા કરનારા કહે છે કે સ્વતંત્રતા દેવી બિચારી એ નાના ટાપુ પર જ કેદ થઇ છે. દેશની અંદર જઇ શકી જ નથી !'

અમે એક બાગમા ઊતર્યા. ત્યાંથી દરવાજા બહાર નીકળ્યા તો મોટો સરિયામ રસ્તો આવ્યો. રસ્તા પર બસ, મોટર અને લોકોની ઠીક ગીરદી હતી. અમે એક બસમાં માંડમાંડ બેઠા. 'ન્યૂ યૉર્કનો આ પ્રખ્યાત રસ્તો. પાંચમી ઍવેન્યુ.' ગરુડરાજ બોલ્યા: 'કરોડપતિઓનાં ઘરો આ રસ્તા પર આવેલાં છે. મોટીમોટી દુકાનો પણ આ રસ્તા પર છે.' બસમાં બેઠાંબેઠાં રસ્તે ચાલતા લોકોને જોવાની ઠીક મજા પડી. મને લાગ્યું કે ન્યૂ યૉર્કના લોકોને ધીરે ચાલતાં આવડતું જ નથી. રસ્તામાં પણ જાણે દોડતા હોય તેમ જ ચાલે! મેં ગરુડરાજને પૂછ્યું કે 'આ લોકો આમ કેમ ચાલે છે?' એના જવાબમાં ગરુડરાજ હસ્યા અને બોલ્યા કે દુનિયા એ એમને મન ઘોડાની શરત છે. બધા દેશો કરતાં એમને મોખરે રહેવું છે એટલે દોડવાની ટેવ પડી ગઇ છે! બીજા દેશોની સરખામણીમાં અમેરિકા થોડા કાળ પર જન્મ્યો એમ કહેવાય. હજી ગઇ કાલે તો ઘૂંટણિયાં તાણતો હતો. હવે ચાલતાં આવડયું એટલે બીજા દેશોને પકડી પાડવા એણે દોડવું જ જોઇએ ને?' જેમજેમ મોટી દુકાનો આવતી ગઈ તેમતેમ ભીડ વધતી ગઇ. અમારી બસનો વેગ બહુ જ ધીમો પડી ગયો. થોડીવારે અમે ગ્રીસના મંદિરની ઢબે બાંધેલા પથ્થરના એક વિશાળ મકાન આગળ ઊતર્યા. 'આ શું છે?' મેં પૂછ્યું. 'કાર્નેગી કરીને એક મોટો કરોડપતિ અહીં થઇ ગયો. એ મોટો દાનવીર હતો. એણે પુસ્તકાલયો પાછળ ખૂબ પૈસા ખરચ્યા છે. આ પણ પુસ્તકાલય છે. અંદર બાળકોનો ખંડ ખાસ જોવા જેવો છે એટલા માટે જ તને અહીં લાવ્યો,' ગરુડરાજ બોલ્યા. બાળપુસ્તકાલય માટે બે મોટા ખંડ રાખ્યા હતા. એક બાઈ જેના તાબામાં આ વિભાગ હતો તેણે અમને બધું સમજાવ્યું. એક ખંડ બાળકો પુસ્તકાલયમાં આવીને વાંચે તેને માટે છે. બીજો ખંડ ઘેર લઇ જવાય એવાં પુસ્તકો માટે

છે. આટલાં બધાં અને સુંદર પુસ્તકો જોઇ મારા મોંમાં પાણી છૂટયું. પેલી બાઇએ અમને જણાવ્યું કે દુનિયાના બધા દેશોને લગતાં પુસ્તકો—ત્યાંની દંતકથાઓ, ઇતિહાસની કથાઓ વગેરેવગેરે ત્યાં હતું. મુસાફરી, વિજ્ઞાન વગેરેનાં પુસ્તકો પણ હતાં. કેટલાક પુસ્તકો તો ખાસ પુસ્તકાલયવાળા જ તૈયાર કરાવતા. 'હિંદુસ્તાન વિષે કંઇ છે?' મેં પૂછયું. 'બહુ નહિ.' પેલી બાઇએ જવાબ દીધો અને મને થોડાંઘણાં પુસ્તકો બતાવ્યાં. આપણા દેશ વિષે કોઇને જાણવાની પરવા નથી તે જાણી મને બહુ ખોટું લાગ્યું. 'તમે શનિવારે આવ્યા હોત તો ઠીક થાત.' પેલી બાઇ બોલીઃ 'તે દિવસે બાળકોને વાર્તા કહેવાય છે અને પુષ્કળ બાળકો આવે છે. આખો ખંડ ચીકાર ભરાય છે.' આપણા દેશના બાળકો માટે કેમ આવું કંઇ નહિ એ વિચારથી મને બહુ દુઃખ થયું.

પુસ્તકાલયમાંથી બહાર નીકળી ગરુડરાજે એક ભાડાની મોટર બોલાવી. અમે અંદર બેઠા. 'અહીંનું પ્રખ્યાત વુલવર્થનું મકાન જોવાં જઇશું.' ગરુડરાજ બોલ્યા. એક પછી એક રસ્તો વટાવતા અમે ચાલ્યા. રસ્તામાં લોકોનાં તો પાર જ નહોતો, અને તે પણ જાતજાતના;—કાળા, ધોળા, ઘઉંવર્ણા! 'ઉત્તર ધ્રુવથી માંડી દક્ષિણ ધ્રુવ અને પૂર્વથી માંડી પશ્ચિમ લગીના જાણીતા બધા દેશોના લોકોનો શંભુમેળો ન્યુ યૉર્કમાં થયો છે!' ગરુડરાજ બોલ્યા. એક રસ્તા પર પહોંચ્યા ત્યાં તો મકાનો એટલાં ઊંચાં કે સૂર્યનારાયણ ભાગ્યે જ રસ્તા પર પ્રકાશ નાખી શકતા હશે! આખરે એક ઊંચાંઊંચાં મકાન આગળ ગાડી ઊભી રહી અને અમે નીચે ઊતર્યા. 'આ વુલવર્થ.' ગરુડરાજે કહ્યું. એ અઠ્ઠાવન માળનું મકાન એક વખત ઊંચામાં ઊંચું ગણાતું. આજે તો એથી યે ઊંચું મકાન બંધાયું છે. આ મકાનમાં એક નાના ગામડાની વસ્તીથી યે વધારે વસ્તી હશે. ઉપર ચડવા માટે ત્યાં તો લિફ્ટ—અમેરિકન ભાષામાં ઍલિવેટર—વાપર્યા સિવાય છૂટકો જ નહિ. પહેલાં તો અમે ઉપર રેસ્ટોરામાં ગયા. ત્યાં ચા પીધી અને ખાધું. 'અહીંનાં રેસ્ટોરામાં મને એક વિચિત્ર 'રિવાજ' લાગ્યો. લૉસૅન્જેલિસમાં અને ન્યુ યૉર્કમાં પણ મેં જોયું કે જેવા ટેબલ આગળ જઇને બેસીએ કે વેઇટર પહેલો બરફના પાણીનો ગ્લાસ લાવીને જ આપણી આગળ મૂકે અને પછી પૂછે કે તમને શું જોઇએ છે! ન્યુ યૉર્કનાં રેસ્ટોરાંમાં તો કાળા હબસીઓ વેઇટર તરીકે કામ કરતા હતા! ચા પી કરી પાછા લિફ્ટમાં બેસી અમે મકાનની ટોચ પર ગયા. એટલો ઠંડો પવન વાતો હતો કે ન પૂછો વાત! આખું શહેર ત્યાંથી દેખાતું હતું. નીચે ચાલતા લોકો તો મંકોડા જેવા જણાતા હતા. સમી સાંજ થઇ હતી એટલે દૂર સ્વતંત્રતાદેવીની મશાલનો પ્રકાશ મેં જોયો. બહુ વાર ત્યાં ઊભા રહેવાય તેમ નહોતું એટલે અમે નીચે ઊતર્યાં. અને ત્યાંથી આગળ રસ્તા પર થોડે જ દૂર એક ભોંયરામાં પેઠા. નીચે સ્ટેશન હતું. ન્યુ યૉર્કમાં જમીનની અંદર રેલગાડીઓ દોડે છે, જમીનથી ઉપર પણ દોડે છે. એ ઉપરાંત બસ ટ્રામ અને મોટરો દોડે છે, તો યે જ્યાં જાઓ ત્યાં લોકોનો ઊભરો સમાતો નથી! જ્યાં જોઇએ ત્યાં ભીડ. અમારી રેલગાડીમાં પણ ઠીક ભીડ હતી. એક સ્ટેશન પર અમે ઊતર્યા અને ઍલિવેટરમાં બેસી ઉપર ગયા. જે રસ્તા પર અમે હવે નીકળ્યા તે રસ્તાનો ભપકો કંઇ ઓર જ હતો. બંને બાજુએ વીજળીની રોશનીની જાહેરખબરો ઝગમગ કરી આંખો ઝાંખવી નાખતી હતી. રાત પડી હતી છતાં ધોળા દિવસ જેવો ઉજાસ હતો. 'આ લોકોની દિવાળી છે કે શું?' મેં ગરુડરાજને પૂછયું.



ન્યુ યૉર્ક : રાતને સમે

'આ ન્યુ યૉર્કનો પ્રખ્યાત રસ્તો બ્રૉડવે. આ રસ્તા પર તો બારે માસ દિવાળી. અહીં દિવસ કરતાં પણ રાતના વધારે ભીડ હોય છે. નાટકશાળાઓ, સીનેમાગૃહો બધાં આ જ રસ્તે આવેલાં છે. તને શૉખ હોય તો સીનેમા જોવા જઇએ. આ દેશમાં નાટકો કરતાં સીનેમા વધારે લોકપ્રિય છે. અમે તો એક મોટા સીનેમાગૃહમાં પેઠા. અંદરથી તો એ એક રાજમહેલ જેવું ભપકાબંધ હતું. સીનેમા જોવા હું બેઠો તો ખરો, પણ આખા દિવસનો થાકેલો તે મને તો ખૂબ જ ઊંઘ આવવા લાગી અને હું ખરે જ ઊંઘી ગયો. જ્યારે જાગ્યો ત્યારે અમે આકાશમાં ઊડતા હતા. ઠંડી પુષ્કળ વાતી હતી. નીચે ધુમ્મસ એટલી હતી કે કંઇ જ દેખાતું નહોતું. ધુમ્મસનું પડ વટાવી નીચે ગયા ત્યારે ઝાંખુંઝાંખું દેખાવા માંડ્યું. પરંતુ જમીન પર પગ મૂક્યો ત્યારે જ મને લાગ્યું કે અમે પૃથ્વી પર પહોંચ્યા છીએ. વરસાદ ધામોધામો આવતો હતો. અને તેને લીધે પણ ધુમ્મસ વધારે હતું. 'આ તે કેવો દેશ?' મારાથી ધ્રુજતાં બોલી જવાયું.

આ તો 'ઇંગ્લંડ.' ગરુડરાજ બોલ્યા.

(ચાલુ) હંસા મહેતા

બાળ વિભાગ

મોતસમ બિલ્લાહ

બગદાદના ખલીફા મોતસમ બિલ્લાહનો એક સેનાપતિ કેટલાક સિપાઇઓને લઇને એક ગરીબના ઘરમાં ઊતરવા ગયો. ઘરવાળાએ કહ્યું, 'સાહેબ, મને ખૂબ અડચણ પડે તેમ છે; તો આપ બીજે ક્યાંક ઊતરો.'

સેનાપતિ—શું? આવી રીતે ના પાડવા માટે તારી પાસે કોઈ સનંદ છે?'

ઘરધણી—જી હા.

સેનાપતિ—તો લાવ, બતાવ.

પેલો ગરીબ ઘરધણી કુરાને શરીફ લઇ આવ્યો અને તેમાંની નીચેની આયાત વાંચી સંભળાવી: 'લા તદખલૂ બુયૂતં ગૈર બયૂત કુમ.' એટલે કે પોતાના ઘર સિવાય બીજાને ઘેર ન જતા.

સેનાપતિ—આ શું લાવ્યો? ખલીફાનો કોઇ હુકમ હોય તો બતાવ.

ઘરધણી—પણ આ તો ખલીફાના ખલીફાનો હુકમ છે.

પણ સેનાપતિએ ન માન્યું. જબરદસ્તીથી એ તેના ઘરમાં ઊતર્યો અને તેને તથા તેનાં માણસોને માર મારીને ત્યાંથી કાઢી મૂક્યાં. લાચાર થઇને પેલો ઘરધણી ખલીફા પાસે ગયો ને બધી વાત જણાવી.

ખલીફાએ તરત જ પેલા સેનાપતિને બોલાવી તેનો જવાબ માગ્યો. જવાબ મળ્યા પછી તેણે કહ્યું, 'તેં ત્રણ કસુર કરી છે: એક તો આના ઘરમાં જબરદસ્તીથી ઊતર્યો; બીજું, ખુદાનો હુકમ ન માનતાં મારો હુકમ તેનાથી વધારે ગણ્યો; ત્રીજું એ કે તેં એને વગર વાંકે માર્યો? તારા જેવા સેનાપતિનું મારે કામ નથી.'

આટલું કહી એ સેનાપતિને તેના પદ ઉપરથી ઊતારી પાડ્યો ને પેલા

હું તો પૂછું

હું તો પૂછું કે મોરલાની પીંછીમાં રંગરંગવાળી
આ ટીલડી કોણે જડી?
વળી પૂછું કે મીંદડીની માંજરી શી આંખમાં
ચકચકતી કીકીઓ કોણે મઢી?
હું તો પૂછું કે આંબલાની ટોચે, જ્યાં હાથ ના પહોંચે
ત્યાં કૂંપળો કોણે કરી?
વળી પૂછું કે ગાવડીના પેટે આ દૂધની
ધોળી મીઠી ધાર કોણે ભરી?
હું તો પૂછું કે ચાંદાની થાળીમાં બકરી ને ડોશીની
ઝૂંપડી કોણે મઢી?
વળી પૂછું કે આભની હથેળીમાં સૂરજની
ભમતી ભમરડી આ કોણે કરી?
હું તો પૂછું કે પોપચે મઢેલી આ દશદિશ જોનારી
આંખ મારી કોણે કરી?
વળી પૂછું કે નવ લખ તારે મઢેલી આ
આભલાની ઓઢણી કોણે કરી?

સુન્દરમ

ગરીબ ઘરધણીને રાજી કરવા હુકમ આપ્યો. વધારામાં જણાવ્યું કે 'એને રાજી નહિ કરે તો તારૂં આખું મકાન એ ગરીબને અપાવી દઇશ. અને હવેથી કુરાનની આજ્ઞાને મારી આજ્ઞાથી મોટી ગણજે, કારણ કે ખુદાની આજ્ઞા એ સઘળી આજ્ઞાઓથી મોટી છે.

ચન્દ્રશંકર મ. ભટ્ટ

રજકો વાવ્યો

બાપુને મરજી થઇ કે આપણે રજકો વાવીએ.

'પણ બાપુ, આપણી જમીન તો રહી ખારી. એમાં રજકો ન થાય. રજકો તો પાત મોલ કહેવાય. એ તો વાડીમા થાય. મીઠા કુવામાં કોસ જોડ્યો હોય તો રજકો થાય.'

'આપણે ય વાડી કરોને. જમીન ભલેને ખારી હોય. ખાતર નાખો, તળાવનું પાણી પાઓ. રજકો શું ન થાય? અને ન થાય તો કાંઇ નહિ. એક વાર અનુભવ તો મળશે!'

'તો ભલે બાપુ. આપ તો ગામધણી રહ્યા. જમીન આપની છે. વાડી સારૂં ભોં આપો એટલે હળાવી નાખીએ. પછી રજકાનાં બી મંગાવો એટલે વાવી દઇશું. પછી કોસ ચાલે એટલે બાપુ આપ જેવા સારાના નસીબે પાંચ દિ'માં રજકો બનાવ."

બાપુએ તળાવ આગળની જમીન બતાવી. જમીન તો કસદાર. કોઇ દિ' હળ ફરેલ નહિ, અને વળી તળાવની માટીથી ભરેલી એટલે પૂછવું જ શું?

રજકાનાં બી આવ્યાં. ચાર વીઘાંની જમીન હતી. વીઘે એક શેર લેખે બી જોઇએ તેનૂ બદલે પાંચ શેર બી. રજકા ભેગી થોડી મેથી પણ નાખી. થોડીક રાઇ નાખી. 'મૂળાનાં બી' પણ ભેળવ્યાં.

જમીન હળાઇ. ખાતર નંખાયું. ક્યારા કોળીઆ પડયા. કોસના મંડાણ થયાં. ક્યારે ક્યારે બી છંટાયાં. ઉપર દંતાળી ફરી એટલે માટી ને બી ઉપરતળે થઇ ગયાં. કોસ હાલ્યો. ક્યારા પછી ક્યારામાં પાણી સીંચાણા. નવી જમીન એટલે પહેલા કોશનું પાણી ખૂબ પીધું. દરબાર અને કામદાર બંનેએ ઉપર રહીને પાણી પવરાવ્યું.

એમ કરતાં ચાર દિ' થયા. પાંચમે દિ' બાપુ ફરવા નીકળ્યા.

'કામદાર, રજકાવાળી જમીનમાં કોટા ફૂટ્યા જણાય છે. જુઓને, જમીન ઉપર લીલુંલીલું લાગે છે.'

'હા બાપુ, આપના પ્રતાપે રજકો સાચે જ ઊગશે.'

દરબારગઢની ભેંસોનું છાણ બાપુએ ભેગું કરાવી છાણનો રેડ કરાવ્યો. એ છાણ ઉપર થઇને કોશનું પાણી જાય, એટલે છાણ પાણી ભેગાં થઇ નાળીમાંથી ક્યારામા જાય. જમીનને આ રીતે ખૂબ ખાતર મળ્યું અને રજકો ઊંચો આવ્યો. બેચાર દિવસમાં ક્યાંક ક્યાંક મૂળા પણ દેખાયા. મેથી પણ ક્યાક દેખાઇ. રાઇ પણ ઊગી આવી.

થોડા દિવસમાં તો મેથી વીણાવડાવી પણ લીધી. વળી બે'ક દિ' પછી મૂળા પણ લેવડાવ્યા. જ્યાં રજકો જોઇએ સમાણો હતો ત્યાં કેડ સમાણો વધી ગયો.

'બાપુ, આ બે ક્યારાનો રજકો ન લેવડાવતા. એનું તો બી થશે. એ રજકે શીંગો આવશે. શીંગ સુકાશે ને વાયરો વાશે એટલે અંદરથી બીનો અવાજ થાશે. જાણે ઘુઘરીઓ વાગી.'

બાપુએ વેંતવેંત જેટલો રજકો રાખી ઉપરથી લણાવી લીધો. કોસ તો ચાલુ જ રહ્યો. જમીન પાણી માગે કે કોસ ચીચુડચીચુડ ચાલે. રજકો સુકાય કે કોસ ચાલે. બીજી વાર રજકો ઊંચો આવ્યો. ત્યારે પણ બાપુએ લણાવડાવી લીધો. એમ ચાર ને પાંચ વખત લણ્યું. ક્યારે ક્યારે દોઢ મણથી બે મણનો ભર ઊતર્યો. બાપુનાં થોડાં ધરાઇ ધરાઇને રજકો ખાય તો ય રજકો ખૂટે નહિ. પછી તો બાપુએ રજકાનું વેચાણ કરવા માંડ્યું.

વાડીમાં રાઇ, મેથી, મૂળા ને રજકો ઊગ્યાં. કામદારે હિસાબ કર્યો. મહેનત અફળ ગઇ ન લાગી.

'બાપુ, રજકો તો તમ જેવા મોટાના ભાગ્યે ઠીક થયો, હો.' આવતે વરસે પણ રજકો જ વવડાવશું. ભેગા થોડા શાકભાજી પણ નાખીશું.

રજકો વવાયો. ઊગ્યો પણ ખરો. ઘોડાં ધરાણાં. દરબારની ખુશીનો પાર ન રહ્યો.

વેણીલાલ બૂચ

ભેદી ટાપુ

ચિત્રકાર: રવિશંકર પંડિત

(ગયા અંકને અનુસંધાને ચાલુ)



સૌ ચીમની તરફ જવા ઉપડ્યા.

પેન્ક્રૉફ્ટ, હર્બર્ટ અને સ્પિલેટ ગુફામાં ગયા પણ નેબે તેમની સામું યે ન જોયું. પેન્ક્રૉફ્ટે પૂછ્યું, 'નેબ, હાર્ડિંજ જીવે છે?' તોપણ નેબે જવાબ ન આપ્યો. સ્પિલેટ અને પેન્ક્રૉફ્ટનાં મુખ મલિન થઈ ગયાં. હર્બર્ટ બંને હાથ જોડી ઊભો રહ્યો.

નેબના દિલમાં એટલું બધું દુઃખ હતું કે તે કોઇને જોઈ શકતો નહોતો, તેમ કાંઇ સાંભળતો પણ નહોતો.

ગીડિયન સ્પિલેટ પથારી પાસે જઇ ઘૂંટણભર બેઠો અને સાઇરસનાં કોટનાં બટન ઉઘાડી નાખી છાતી ઉપર કાન મૂકી સાંભળવા લાગ્યો કે હૃદયના ધબકારા થાય છે કે નહિ. બહુ વાર સુધી કાન માંડી રહ્યા પછી તેણે કહ્યું, 'હજી જીવે તો છે.' આ સાંભળતાં જ પેન્ક્રૉફ્ટે પણ પાસે જઇને તપાસ કરી તો તેને પણ ધબકારા સંભળાયા. વધારામાં તેને એમ પણ લાગ્યું કે હાર્ડિંજનો ધીમો શ્વાસ તેના ગાલે અથડાયો છે.

સ્પિલેટના કહેવાથી હર્બર્ટ પાણી લેવા દોડ્યો. થોડે દૂર જતાં પાણી તો મળ્યું, પણ લઇ જવું શેમાં? હવે શું કરવું? હર્બર્ટ પોતાનો રૂમાલ પલાળી દોડતો આવ્યો ને સ્પિલેટને આપ્યો. સ્પિલેટને માત્ર પાણીથી હાર્ડિંજના હોઠ જ પલાળવા હતા. તેથી રૂમાલના પાણીથી તે કામ બરોબર સર્યું. ઠંડું પાણી હોઠે લાગતાં જ તેની અસર થઇ. સાઇરસે એક લાંબો નિશ્વાસ મૂક્યો ને બોલવા પ્રયત્ન કરતો હોય એમ લાગ્યું.

સ્પિલેટ આનંદમાં આવી બોલ્યો: 'જરૂર,-આપણે હાર્ડિંજને જરૂર બચાવી શકીશું.'

હવે નેબના જીવમાં જીવ આવ્યો. તે સાઇરસનાં કપડાં કાઢી જોવા લાગ્યો કે ક્યાં યે કોઇ જાતનો ઘા તો નથી લાગ્યો? માથાથી પગ સુધી ક્યાંય એક પણ ચિહ્ન દેખાયું નહિ. બધા બહુ આશ્ચર્ય પામ્યા. મોજાંથી ધક્કેલાઇને તે પહાડ પાસે આવી પહોંચ્યા હતા એમાં તો કોઇને શક જ નહોતો. બંને હાથ તપાસી જોયા તો તેમાં પણ કાંઇ ઇજા જણાઈ નહિ. આ તો ચમત્કાર! પાણીમાં પડ્યા પછી તેમણે તરવા માટે અને પ્રાણ બચાવવા માટે મહેનત તો કરી જ હશે, અનેક ખડકો સાથે અફળાયા હશે, છતાં એકે ઘા નથી દેખાતો એ આશ્ચર્ય જેવું નહિ તો બીજું શું? આનો ખુલાસો કોણ કરે?

પણ ખુલાસા માટે રાહ જોવાય તેવું નહોતું. અત્યારે તો તેની સારવાર કરવી એ જ મુખ્ય કર્તવ્ય હતું. શરીરને ખુબ ચોળવાથી આવી સ્થિતિમાં જીવનશક્તિ જલદી આવે છે, એ પેન્ક્રૉફ્ટ જાણતો હતો. તરત જ તે શરીર ઉપરનું ગરમ કપડું ઉતારી હાર્ડિંજનું આખું શરીર હાથ વડે ઘસવા લાગ્યો. ઘર્ષણની ગરમીને પરિણામે થોડીવારે સાઇરસના બંને હાથ હલ્યા, શ્વાસ પણ સ્વાભાવિકરીતે ચાલવા લાગ્યો. અત્યંત શારીરિક પરિશ્રમથી હાર્ડિંજ બેભાન અવસ્થામાં પડ્યા હતા

આ વખતે રિપલેટ, પેન્ક્રૉફ્ટ વગેરે આવી પહોંચ્યા ન હોત તો હાર્ડિંજ ચોક્કસ મરણ પામત.

પેન્ક્રૉફ્ટે પૂછ્યું: 'નેબ, તેં તો એમ જ માન્યું હતું ને કે તારા શેઠ મરી ગયા છે?'

નેબ: 'હા, ટૉપ જો તમને શોધી કાઢી અહીં ન લઇ આવ્યો હોત તો હું તો તેમને કબરમાં દફનાવી મારા મૃત્યુની રાહ જોતો અહીં જ રહેત.'

ત્યાર પછી નેબે બધી વાત કરી. નેબે કહ્યું, 'કાલે તમારાથી છૂટો પડી હું ચીમનીમાંથી નીકળ્યો ત્યારથી સમુદ્રકિનારે, પહાડમાં, રેતીમાં બધે તપાસ કરી, પણ બધું નિષ્ફળ ગયું. ક્યાંય એક ચિહ્ન સરખું ન દેખાયું. ફરતાં ફરતાં હું આ તરફ આવ્યો. અહીં અત્યાર સુધીમાં કોઇ પણ માણસ આવ્યું હોય એમ લાગતું નહોતું. બધો પ્રદેશ તદ્દન વેરાન જેવો દેખાતો હતો. ત્યાર પછી સમુદ્રકિનારે ક્યાંક તેમનું શરીર તણાઇને નીકળ્યું હોય તો તેની તપાસ કરવા હું કિનારે ચાલ્યો. બેએક માઇલ દૂર જતાં સાંજના પાંચ વાગે મેં રેતીમાં પગલાં પડેલાં દીઠાં.

'પગલાં?' પેન્ક્રૉફ્ટ આશ્ચર્યથી બોલી ઊઠ્યો.

'હા.'

'અને એ પગલાં સમુદ્રકિનારેથી જ શરૂ થયેલાં હતાં?' રિપલેટે તરત પૂછ્યું.

'ના, જ્યાંસુધી ભરતીનું પાણી પહોંચે ત્યાં આગળથી શરૂ થયાં હતાં. શરૂઆતના કેટલાંક પગલાં ધોવાઇ પણ ગયાં હતાં.'

રિપલેટ 'ત્યાર પછી શું થયું?'

તરત જ આતુરતાથી હું પગલાંને આધારે આધારે આગળ ચાલ્યો. આગળ જતાં પગલાં સ્પષ્ટ દેખાતાં હતાં. લગભગ પોણો કલાક ચાલ્યા પછી અંધારું થઇ ગયું. આ વખતે મને કુતરાના ભસવાનો અવાજ સંભળાયો અને થોડી વાર પછી જોઉં તો ટૉપ મારી પાસે! પછી તો ટૉપ જ મને અહીં હાર્ડિંજ પાસે લઇ આવ્યો. તેમને મૃત્યુપથારીએ જોઇ ગમેતેમ કરીને પણ બચાવવા એમ થયું અને ઘણા પ્રયત્નો કરી જોયા, પણ કાંઇ સારૂં પરિણામ દેખાયું નહિ. એકાએક ટૉપની હોશિયારીની વાત ધ્યાનમાં આવી. મને લાગ્યું કે આવું બુદ્ધિમાન કુતરૂં કદાચ તમને બોલાવી લાવશે, ગીડિયન રિપલેટને ટૉપ સારી રીતે ઓળખે છે એ હું જાણતો હતો તેથી કેટલીક વાર ગીડિયન રિપલેટ, ગીડિયન રિપલેટ, એમ નામ દઇ ટૉપને આંગળી ચીંધી દક્ષિણ દિશા બતાવી, અને મારી અજાયબી વચ્ચે ટૉપ તે બાજુ દોડી ગયો. પછી થોડે સમયે તો તમે સૌ અહીં આવી પહોંચ્યા છો.'

નેબની વાત બધાએ ખૂબ ધ્યાન દઇને સાંભળી. પરંતુ સાઇરસ હાર્ડિંજ દરિયાથી એકાદ માઇલ દૂર રહેલી આ ગુફામાં કેવી રીતે આવ્યા એ સમજાયું નહિ.

રિપલેટે પૂછ્યું, 'ત્યારે તેં તો તારા શેઠને અહીં નથી આણ્યા, કેમ?'

'ના, મેં નથી આણ્યા.'

હવે તો સાઇરસ હાર્ડિંજ પોતે સારા થઇને બધી વાત ન કહે ત્યાંસુધી કશું જાણી શકવાનો માર્ગ નહોતો.

શરીર સારી રીતે ઘસવાથી હાર્ડિંજના શરીરમાં લોહીની સ્વાભાવિક ગતિ ચાલુ થઇ. હાર્ડિંજે ફરીવાર હાથ હલાવ્યા, માથું હલાવ્યું, મોઢામાંથી અસ્પષ્ટ શબ્દો પણ નીકળ્યા. નેબે તેમના મોઢા પાસે કાન રાખી સાંભળવા પ્રયત્ન કર્યો, પણ કશું સમજાયું નહિ. હાર્ડિંજની આંખો હજુ મીંચેલી જ હતી.

પેન્ક્રૉફ્ટને એ દુઃખ થવા લાગ્યું કે અહીં નથી દેવતા, તેમ તે સળગાવવાનું કાંઇ સાધન પણ નથી. હાર્ડિંજનાં ખીસાં તપાસ્યાં, પણ અંદરથી ઘડિયાળ સિવાય કાંઇ નીકળ્યું નહિ. હાર્ડિંજને હવે ચીમનીમાં લઇ જવાની બહુ જરૂર હતી.

ધીમેધીમે હાર્ડિંજ શુદ્ધિમાં આવવા લાગ્યા. હોઠે પાણી લગાડવાથી ઘણું સારૂં પરિણામ આવ્યું હતું. પેન્ક્રૉફ્ટે ટેટ્રાનું માંસ થોડુંક સાથે આણ્યું હતું. હર્બર્ટ સમુદ્રકિનારેથી બે મોટામોટા શંખ શોધીને તેમાં પાણી ભરી લાવ્યો. એ પાણીની સાથે ટેટ્રાના માંસનો રસ મેળવી હાર્ડિંજને પાતાં થોડી વારે એમણે આંખો ઉઘાડી.

નેબ હાર્ડિંજના શરીર ઉપર વાંકો વળી બેસી જ રહ્યો હતો. એણે આંખો ઉઘાડી કે તરતજ તે આનંદથી બૂમ પાડવા માંડ્યો. આ વખતે હાર્ડિંજે નેબને ઓળખ્યો, તેના શબ્દો પણ સાંભળ્યા. રિપલેટ, પેન્ક્રૉફ્ટ, હર્બર્ટ સૌને ઓળખ્યા અને બધાના હાથ આસ્તેથી ચાંપી પોતાનો આનંદ પણ દર્શાવ્યો.

હાર્ડિંજ ફરીવાર બોલ્યા. આ વખતે તેમના ઉચ્ચારો સ્પષ્ટ થયા. તેમણે કહ્યું, 'આ દેશ છે કે કોઇ બેટ છે?'

પેન્ક્રૉફ્ટ તો આ સાંભળીને દિગ્મૂઢ જ બની ગયો! થોડીવાર પહેલાં જે માણસ મૃત્યુમુખમાં સંપૂર્ણ સપડા-

એસો હતો તે શુદ્ધિમાં આવતાં પહેલો જ સવાલ એ પૂછે કે, આ દેશ છે કે બેટ છે?' કેવી અદ્‌ભુત વ્યક્તિ!

સાઇરસને ચીમનીમાં લઈ જવા માટે ડાળપાન અને વેલની એક પાલખી તૈયાર કરવાની જરૂર હતી. સ્પિલેટ હાર્ડિંજની પાસે રહ્યો અને બીજા સૌ પાલખી બનાવવાનો સામાન લેવા બહાર ગયા.

લગભગ પોણા કલાક પછી પાલખી બનાવી સૌ પાછા ફર્યા. એ વખતે હાર્ડિંજ તંદ્રાવસ્થામાં હતા. ચહેરો ફિક્કો પડી ગયો હતો. થોડી વારે તે જાગ્યા અને કોણી ઉપર ટેકો દઇ માથું ઊંચું કરી ચારે તરફ નજર ફેરવી.

સ્પિલેટ: 'હવે અમારી વાત સાંભળી શકશો, સાઇરસ? તમને કાંઇ પરિશ્રમ તો નહિ પડે ને?'

સાઇરસ: 'ના, કહો શું કહેવું છે?'

પેન્‌ક્રૉફ્ટ: 'મને લાગે છે કે હાર્ડિંજ હવે થોડું માંસ ખાય તો શક્તિ વહેલી આવશે, અને આપણી વાત સાંભળતાં તેમને કંટાળો નહિ આવે.'

ફરીવાર પેન્‌ક્રૉફ્ટે ટેટૂનો રસ ન આપતાં માંસ જ આપ્યું. હાર્ડિંજે થોડુંક ખાધું ને બાકીનું બધાએ વહેંચી લીધું. પરંતુ એટલાથી તેમની ભૂખ શમી નહિ.

ગીડિયન સ્પિલેટે હાર્ડિંજને બધી વાત કહેવી શરૂ કરી. બલૂનમાંથી ઊતર્યા ત્યારથી હાર્ડિંજની પાસે આવ્યા ત્યાં સુધીની વાત માંડીને કરી. નેબની હાર્ડિંજ તરફની ભક્તિ અને પ્રેમ, ટૉપની આશ્ચર્ય પમાડે તેવી બુદ્ધિ એ કહેવાનું પણ તે ભૂલ્યો નહિ.

હાર્ડિંજે ક્ષીણ સ્વરે કહ્યું:'ત્યારે મને સમુદ્ર કિનારેથી ખોળી કાઢી તમે અહીં નથી લાવ્યા?'

'ના.'

'સમુદ્રથી આ ગુફા કેટલી દૂર છે?'

'લગભગ એક માઇલ. તમારી પેઠે અમને પણ એ જ આશ્ચર્ય થાય છે કે તમે અહીં આવ્યા શી રીતે?'

હાર્ડિંજ:'ખરેખર, આશ્ચર્ય પમાડે તેવી જ વાત છે.'

પેન્‌ક્રૉફ્ટ: 'એ તો ઠીક; પણ તમે મોજાંમાં તણાયા ત્યારપછી શું શું બન્યું તે કહી શકશો?'

સાઇરસ હાર્ડિંજ વિચારવા લાગ્યા. તેઓ વધારે કાંઈ જાણતા નહોતા. એક પ્રચંડ મોજાંએ તેમને બલૂનની જાળાથી જુદા પાડી દીધા. પહેલાં તો તે એકદમ તળિયે જ પહોંચ્યા, પરંતુ થોડીવારે ઉપર આવતાં ઝાંખા અંધારામાં તેમને એક જનાવર પોતાની પાસે ડબકાં ખાતું દેખાયું. એ બીજું કોઈ નહિ પણ ટૉપ હતો. હાર્ડિંજને બચાવવા માટે તે પણ તેની પાછળ પડચો હતો. બલૂન ફરીવાર દેખાયું નહિ. બે જણનું વજન ઓછું થવાથી બલૂન પાછું અદ્ધર ચડી ગયું હતું.

સમુદ્રકિનારાથી લગભગ અરધો માઇલ દૂર હાર્ડિંજ તણાયા હતા. તેમનામાં હતું તેટલા જોરથી તે તરતા હતા અને મોજાં સાથે યુદ્ધ કરતા હતા. ટૉપે તેમનું કપડું મજબૂત રીતે મોઢામાં પકડયું હતું, પરંતુ પ્રબળ પ્રવાહ તેમને ઉત્તર તરફ લઇ ચાલ્યો. અરધો કલાક તર્યા પછી હાર્ડિંજ થાકી ગયા. હવે તેમનાથી તરી શકાતું નહોતું. તેઓ ડૂબ્યા તે સાથે ટૉપ પણ ડૂબ્યો, ત્યાર પછીની કશી વાત તેમને યાદ આવતી નહોતી.

પેન્‌ક્રૉફ્ટ: 'પણ નેબે તો સમુદ્ર કિનારે પગલાં જોયાં હતાં. તમે પોતે જ ચાલીને ગુફામાં આવેલા?'

સાઇરસે ખૂબ વિચાર કરી કહ્યું: 'તેમ પણ હોય. પણ તમે કોઇએ સમુદ્રકિનારે કોઇ માણસનું કાંઇ ચિહ્ન જોયું નહોતું?'

સ્પિલેટ: 'જરા યે નહિ. અને કદાચ તમને કોઈ મળ્યું હોય અને તે તમને અહીં લઇ આવ્યું હોય તો પછી આવી ભયંકર સ્થિતિમાં મૂકીને જાય પણ કેમ? જેણે તમને સમુદ્રમાંથી બચાવ્યા તે શું આમ મૂકી જાય? એ માનવું જ અસંભવિત છે.'

હાર્ડિંજ: 'તમે બરાબર કહો છો. ઠીક નેબ! તેં તો મને . . . . . . તને પણ ભાન ન રહ્યું હોય ને ત્યારે . . . . ના, તે પણ અસંભવિત જ છે. પેલાં પગલાં હજી દેખાય છે?'

નેબ: 'હા, આ રહ્યાં, આ ગુફામાં પેસતાં જ.'

હાર્ડિંજ: 'પેન્‌ક્રૉફ્ટ, તમે મારા બૂટને તે પગલાં સાથે સરખાવી જુઓ જોઇએ, બરાબર થઇ રહે છે?'

પેન્‌ક્રૉફ્ટ બૂટ લઇ બહાર ચાલ્યો. નેબ તેની સાથે ગયો. હર્બર્ટ પણ તેમની પાછળ ગયો.

હાર્ડિંજ: 'આ બધું નવાઇ જેવું લાગે છે

સ્પિલેટ: 'ત્યારે નહિ? વિચાર કરતાં બુદ્ધિ પણ કામ નથી કરતી.'

હાર્ડિંજ: 'જવા દો, હવે એ વાત ઉપર વિચાર કરવાની જરૂર નથી. એ સંબંધી વાત પછી કરીશું.'

આ વખતે બધા પાછા આવ્યા હતા. સાઇરસના બૂટ સાથે પગલું બરોબર મળતું હતું. તે પગલું હાર્ડિંજનું

જ હોવું જોઈએ તેમાં જરા યે સંદેહ નહોતો.

હાર્ડિંજ: હું સાચુંખોટું તેમને પૂછતો હતો કે અજ્ઞાનાવસ્થામાં તે જ મને અહીં લાવ્યો તો નથી? પરંતુ હવે મને ઝાંખુંઝાંખું યાદ આવે છે કે હું પોતે જ આવ્યો હોઈશ. બેભાન અવસ્થામાં ધ્યાન ન રહ્યું ને અહીં ચાલીને આવ્યો હોઉં. ટૉપે મને સમુદ્રમાંથી બચાવીને અહીં આણ્યો છે.' આમ કહી તે ટૉપ ઉપર હેતથી હાથ ફેરવવા લાગ્યા. હવે બધાને ખાત્રી થઈ કે સાઈરસના બચવાનો બધો જશ ટૉપને જ હતો.

બાર વાગ્યાને શુમારે બધા ચીમનીમાં જવા તૈયાર થયા. હાર્ડિંજમાં હજી અશક્તિ હતી. તે ઊભા તો થયા, પણ તેમને પેન્ક્રૉફ્ટની સહાય લેવી પડી. તેમને પાલખીમાં સુવાડયા. બંને બાજુ બે લાંબાં લાકડાં બાંધી પાલખી બનાવી હતી. એક તરફ પેન્ક્રૉફ્ટ ને બીજી તરફ નેબ એમ એ પાલખી ઉપાડી સૌ ચીમની તરફ જવા ઊપડયા.

ચીમની લગભગ આઠ માઇલ દૂર હતી. સાઈરસને ઉપાડીને જલદી ચલાય તેમ નહોતું. વચ્ચે વચ્ચે થોડી વાર આરામ પણ લેવો પડતો હતો. તેથી ચીમનીમાં પહોંચતાં ઓછામાં ઓછા છ કલાક લાગે તેમ હતા. પવન તો તેવો ને તેવો જ હતો. વરસાદ બંધ થયો હતો. હાર્ડિંજ હાથ ઉપર માથું ટેકવી ચારે બાજુએ જોતા જતા હતા. વધારે તો તેમણે બેટની અંદરના ભાગમાં જ જોયું. વન, જંગલ, પહાડો અને તેની અંદરની વસ્તુઓ જોઇ તેમને કાંઇક ઠીક લાગ્યુ. થોડી વાર આ પ્રદેશ જોઈને તે ઊંઘી ગયા.

સાંજે છ વાગ્યે સૌ ચીમનીમાં પહોંચ્યા. પાલખી નીચે મૂકી. હાર્ડિંજ હજી સૂતા જ હતા.

પેન્ક્રૉફ્ટે આસપાસ નજર ફેરવી. તોફાનને લીધે બધો દેખાવ ફરી ગયો હતો. સમુદ્રનું પાણી પોતાની હમેશની મર્યાદા મૂકી ગ્રેનાઈટ પહાડના પાયા સુધી આવ્યું હતું. પેન્ક્રૉફ્ટના દિલમાં એકદમ કાંઇક ભયંકર શંકા આવી ને તે ચીમનીમાં દોડયો. પાછો આવ્યો ત્યારે તેનો ચહેરો ઊતરી ગએલો હતો. તેના સાથીઓ તરફ જોઇ તેણે નિરાશ સ્વરે કહ્યું: 'ચીમનીમાંનો અગ્નિ હોલવાઇ ગયો છે. બીજી જે કાંઇ ચીજો હતી તે પણ સમુદ્રના પાણીથી ઉથલપાથલ થઇ ગઇ છે; કારણ પાણી ચીમનીની અંદર પેસી ગયું છે. હવે શું થશે?'

ચીમનીમાંનો અગ્નિ હોલવાઇ ગયાનાં ખબર સાંભળી પેન્ક્રૉફ્ટ જેટલું કોઇ ગભરાયું નહિ. નેબે તો એ વાત ઉપર ધ્યાન જ ન આપ્યું. તેને મન તો હાર્ડિંજ મળ્યા એટલે બધું આવી ગયું.

સ્પિલેટ: 'ખરૂં કહું છું, પેન્ક્રૉફ્ટ, અગ્નિ હોલવાય કે ન હોલવાય તેની મને ચિંતા નથી.'

પેન્ક્રૉફ્ટ: 'પણ સાવ હોલવાઇ ગયો છે.'

સ્પિલેટ: 'તેથી પણ આપણું શું ગયું?'

પેન્ક્રૉફ્ટ: 'કેમ? અગ્નિ સળગાવવાનું કશું સાધન નથી એ તો તમે જાણો જ છો ને?'

સ્પિલેટ: 'તમે બાવા છો, પેન્ક્રૉફ્ટ!'

પેન્ક્રૉફ્ટ: 'પણ મિ. સ્પિલેટ, હું ફરીવાર ...'

સ્પિલેટ: 'અરે ખુદ સાઈરસ આપણી પાસે છે તે જોતા નથી? હવે અગ્નિ સળગાવવાની ચિંતા હોય? તેનો ઉપાય પોતે જ કરી આપશે.'

પેન્ક્રૉફ્ટ: 'શાનાથી કરી આપશે?'

સ્પિલેટ: 'ગમે તેનાથી.'

આવા જવાબ પછી પેન્ક્રૉફ્ટ બીચારો શું બોલે? તેને પણ હાર્ડિંજ ઉપર વિશ્વાસ તો ખૂબ જ હતો. બધાને મન હાર્ડિંજ સર્વજ્ઞ હતા. વિજ્ઞાન સંબંધી સઘળું જ્ઞાન તેમના ભેજામાં ભર્યું છે એમ સૌ માનતા હતા. મનુષ્યમાં જે જે જ્ઞાન હોઇ શકે તે બધું એકીસાથે સાઇરસ હાર્ડિંજમાં ભર્યું હતું એવી તેમની શ્રદ્ધા રહી. હાર્ડિંજ સાથે હોય પછી તેમને શાની ખોટ?

પાલખીમાં પણ આટલે લાંબે આવવાથી હાર્ડિંજ ફરીવાર બેભાન થઇ ગયા. અગ્નિ માટે તેને અત્યારે કાંઇ પૂછી શકાય તેમ નહોતું. એમને શક્તિ આપે તેવા ખોરાકની જરૂર હતી. ટેટ્રાનું માંસ તો ખલાસ થયું હતું. ચીમનીમાં જે કુરકાસનું માંસ હતું તે પણ પાણીને લીધે નાશ પામ્યું હતું. હવે નવો શિકાર કરવાની જરૂર હતી. પણ અગ્નિ વિના રંધાય કેવી રીતે?

ચીમનીની અંદર મોટા ઓરડામાં હાર્ડિંજને રાખ્યા. સમુદ્રકિનારેથી સૂકી શેવાળ લાવી તેમને માટે નરમ બિછાનું બનાવ્યું. ચીમનીની જે ફાટો પહેલાં પૂરી લીધી હતી તે પવનના તોફાનમાં ખુલ્લી થઇ ગઇ હતી, તેથી અંદર ઠંડો પવન આવવા લાગ્યો હતો. હાર્ડિંજ માટે તો તે અનિષ્ટ જ હતો. સૌએ પોતાના કોટ કાઢી હાર્ડિંજને ઓઢાડી દીધા. તે રાત્રે તો બધાનો ખોરાક

ઝીનુક અને શંમુકનો જ થયો.

પેન્ક્રૉફ્ટ તો હજી અગ્નિના જ વિચાર માત્રથી ગભરાયા કરતો હતો. જેટલા જેટલા ઉપાયો હતા તે બધી તેણે કરી જોયા. જંગલી લોકો લાકડાં ઘસીને અગ્નિ કરે છે તેમ પણ તેણે કરી જોયું, પણ નિષ્ફળ. ઘસવાથી લાકડાં થોડાં ગરમ થયાં, પણ અગ્નિ પેદા થાય તેટલાં નહિ. પેન્ક્રૉફ્ટ પછી હર્બર્ટ ઘસવા લાગ્યો. પેન્ક્રૉફ્ટને હસવું આવ્યું કે પોતાનાથી ન થયું તે બાળક હર્બર્ટથી થશે? તેણે હસતાં હસતાં કહ્યું, 'ઘસ ભાઈ ઘસ, ખૂબ જોરથી ઘસ.'

હર્બર્ટ: 'ઘસું છું તો ખરો. તમે કહેતા હતા ને કે અગ્નિ સળગશે ત્યારે આપણે તાપશું? આવી ઠંડીમાં ધ્રૂજતાં ધ્રૂજતાં પ્રાણ નીકળી જશે.'

આ લોકોનો નિષ્ફળ પ્રયત્ન જોઈ સ્પિલેટે કહ્યું: 'હું તો વારંવાર કહું છું કે આવી નજીવી બાબતમાં સાઇરસ તમારા જેટલા કદી ગભરાય નહિ.' આમ કહી તે ચીમનીમાં જ તળીએ રેતી ઉપર સૂઇ ગયો. છેવટે હર્બર્ટ, પેન્ક્રૉફ્ટ ને નેબ પણ સૂતા. ટૉપ પોતાના સ્વામીના પગ પાસે સૂતો.

બીજે દિવસે, ૨૮મી માર્ચે હાર્ડિંજ જાગ્યા. જાગતાં જ તેમણે ફરી પાછો પહેલો પ્રશ્ન એ જ કર્યો, 'આ દ્વિપ છે કે દેશ?'

પેન્ક્રૉફ્ટ: 'કૅપ્ટન, હજી અમે કશું ખાસ જોઇ નક્કી કરી શકયા નથી. તમે સાજા થઇ અમારી સાથે બહાર નીકળશો ત્યારે જ બધું નક્કી થશે.'

હાર્ડિંજ: 'મને લાગે છે કે હવે હું બહાર જઇ શકીશ' એમ કહીને તે ઊભા થયા. ઊભા થઇને તેમણે કહ્યું, 'અશક્તિ બહુ લાગે છે. મને કાંઇક ખાવા આપો. દેવતાની તમે કાંઇ વ્યવસ્થા કરી છે કે?'

પેન્ક્રૉફ્ટ: 'એ જ દુઃખ છે ને? અગ્નિ જ નથી. હતો ખરો, પણ હોલવાઇ ગયો છે.'

હાર્ડિંજ: 'એ વિષે પછી વાત કરીશું. બીજી કાંઇ સગવડ નહિ થાય તો દિવાસળી બનાવી લઇશું.'

પેન્ક્રૉફ્ટ: 'પણ તેમાં તો દિવાસળી બનાવવાનું લાકડું, ગંધક, બધું જોઇશે. તે બધો સામાન બનાવશો?'

હાર્ડિંજ: 'બધું બનાવી લઇશું.'

પેન્ક્રૉફ્ટને આ બધું સહેલું ન લાગ્યું, તોપણ હાર્ડિંજની વાતમાં તેણે વાંધો ન લીધો.

ત્યારપછી સૌ ચીમનીમાંથી બહાર આવ્યા. આકાશ સ્વચ્છ હતું. વાદળાં વિખરાઇ ગયાં હતાં. સમુદ્રકિનારાની પેલી મેરથી ઊગતો સૂર્ય સૌને નવું જ ચેતન અર્પતો હતો. હાર્ડિંજ એક પથ્થર ઉપર બેસી ગયા. હર્બર્ટે તેમને કેટલાંક ઝીનુક અને શામુક વીણી આપ્યા. આવો તુચ્છ ખોરાક પણ ઘણા આનંદથી તેમણે ખાધો અને થોડું ચોખ્ખું પાણી પીધું.

હાર્ડિંજ: 'કાલથી આપણે આ દેશ છે કે દ્વિપ તેની તપાસ શરૂ કરીશું. અત્યારે કાંઇ કરવાનું નથી.'

પેન્ક્રૉફ્ટ: 'કરવાનું છે; નથી કેમ? અગ્નિ. . . .'

હાર્ડિંજ: 'ઉતાવળા ન થાઓ, પેન્ક્રૉફ્ટ. અગ્નિ તો આપણે જરૂર સળગાવીશું. ઠીક, પણ સાંભળો. કાલે જ્યારે તમે મને અહીં લઇ આવ્યા, ત્યારે પશ્ચિમે દિશાએ એક પહાડ દેખાતો હતો. તેના ઉપર આપણે ચડીએ તો આખો પ્રદેશ જોઇ શકાતો હશે. માટે કાલે પહાડ ઉપર ચડીને આપણે બધું નિરીક્ષણ કરવાનું છે, સમજ્યા? અત્યારે કાંઈ કરવાનું નથી.'

પેન્ક્રૉફ્ટથી ન રહેવાયું. તેણે ફરીવાર કહ્યું: 'કાંઇ કરવાનું નથી કેમ? અગ્નિ સળગાવવાનો છે ને?'

સ્પિલેટ: 'પેન્ક્રૉફ્ટ, અગ્નિ અગ્નિ કરી ઉતાવળા શું થાઓ છો? સાઇરસ હમણાં જ અગ્નિ સળગાવી દેશે.'

થોડી વાર શાંત રહી હાર્ડિંજે કહ્યું: 'આપણી અવસ્થા ભારે કફોડી છે. જો આ કોઇ દેશ હશે તો તો જાણે આપણો ઉદ્ધાર થશે જ; કદાચ બેટ હશે અને અહીં મનુષ્યો વસતા હશે તો તેમની મદદથી પણ આપણે આપણો ઉદ્ધાર કરી શકીશું. પણ જો આ માનવશૂન્ય મરુભૂમિ જ હશે તો તો આપણો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન આપણે જ કરી લેવાનો રહેશે.'

સ્પિલેટ: 'બેટ હોય કે મોટો ખંડ હોય, પણ હાર્ડિંજ, આપણે કઇ જગ્યાએ આવી પડ્યા હોઇશું?'

હાર્ડિંજ: 'એ નક્કી ન કહી શકાય. મને તો લાગે છે કે પાસિફિક મહાસાગરમાંનું જ આ કોઈ સ્થાન છે. આપણે જ્યારે રિચમંડ છોડ્યું ત્યારે ઈશાનનો પવન હતો એટલે આપણે રિચમંડથી નૈઋત્ય દિશામાં આવ્યા છીએ. મને લાગે છે કે આપણે નૉર્થ કૅરોલિના, સાઉથ કૅરોલિના, જ્યૉર્જીઆ, મૅક્સિકો ને પાસિફિક મહાસાગરનો કેટલોક ભાગ પસાર કરી આવ્યા છીએ. ઓછામાં ઓછું છ હજાર માઇલથી ઓછું નથી આવ્યું. આપણે કાં

તો મેન્ડેવા બેટમાં અથવા તો ન્યુઝીલૅંડમાં આવી પડ્યા છીએ. અને તેમ જ હશે તો તો પાછા દેશ જવું મુશ્કેલ નથી. પણ જો આ પ્રદેશ નિર્જન હશે તો પછી અહીં ચિરકાળ રહેવા માટે શી સગવડ કરવી તે વિચારી લઇશું.'

હર્બર્ટ: 'કાલે તમે પહાડ પર ચડવાનું કહો છો પણ તમે એટલો શ્રમ લઇ શકશો?'

હાર્ડિંજ: 'મને તો લાગે છે કે જરૂર ચડી શકીશ. તોપણ તું અને પેન્ક્રૉફ્ટ ઉત્તમ શિકાર કરી લાવો તો તે વધારે શક્ય બનશે.'

પેન્ક્રૉફ્ટ: 'શિકાર તો હમણાં લઇ આવીએ, જો તેને રાંધવા માટે દેવતાની ખાત્રી પડે તો.'

હાર્ડિંજ 'પહેલાં તમે શિકાર કરી આવો, પછી જોયું લેવાશે કે શિકાર પકાવવાની સગવડ છે કે નહિ!'

નેબ, હર્બર્ટ ને પેન્ક્રૉફ્ટ શિકાર માટે નીકળ્યા. તેમનું શિકારનું હથિયાર ઝાડની મોટી ડાળ હતી, ને ટૉપ તો સાથે જ હતો. જતાંજતાં પેન્ક્રૉફ્ટે કહ્યું, 'પાછા ફરીએ ત્યારે જો ચીમનીમાં અગ્નિ દેખાશે તો સમજીશું કે સાક્ષાત્ અગ્નિદેવ આવીને અગ્નિ પ્રકટાવી ગયા છે!'

ત્રણે શિકારીઓએ જંગલમાં પ્રવેશ કર્યો, પણ કશું દેખાયું નહિ. ટેટ્રા ને કુરકાસ પણ કોણ જાણે ક્યાં પલાયન કરી ગયાં હતાં! નેબે મશ્કરી કરતાં કહ્યું: 'જો આવી રીતે જ તમે શિકાર કરવાના હો તો તો રાંધવા માટે અગ્નિની જરૂર જ નહિ પડે!'

પેન્ક્રૉફ્ટ: 'ઉતાવળો ન થા. ભાઇ! શિકાર તો પૂરતો મળશે. પાછા જઇએ ત્યાં અગ્નિ તૈયાર જોઇએ.'

નેબ: 'ત્યારે અગ્નિ તો મારા શેઠ અવશ્ય ઉત્પન્ન કરી દેશે. તમને હજી શ્રદ્ધા નથી બેસતી?'

પેન્ક્રૉફ્ટ: 'જ્યારે જઇને જોઈશ કે હડહડ તાપ સળગે છે ત્યારે જ મને વિશ્વાસ આવશે.'

ધીમેધીમે બપોર થયા, બે વાગ્યા, પણ શિકાર હજુ સુધી કશો મળ્યો નહિ. હર્બર્ટની નજરે એક ઝાડ પડ્યું. તેનાં ફળ લગભગ બદામના જેવાં હતાં. ત્રણે જણે પેટ ભરીને તે ખાધાં ને બીજાં સાથે લઇ લીધાં.

આ વખતે ટૉપ એકદમ દોડીને એક ઝાડીમાં ઘુસી ગયો. 'જરૂર ટૉપે કાંઇક શિકાર જોયો છે' એમ કહેતો નેબ પણ તેની પાછળ દોડ્યો. ઝાડીમાં ટૉપ ખૂબ જોરથી ભસવા લાગ્યો ને સાથે સાથે એક જાતનો બીજો અવાજ પણ થવા લાગ્યો. સૌ ઝાડી પાસે આવ્યા.

ઝાડીમાં જુએ તો એક જનાવરનો કાન ટૉપે મજબૂત રીતે મોઢામાં પકડ્યો છે. એ જનાવર સૂવર જેવું લાગતું હતું. લગભગ બે ફૂટ તે લાંબું હતું ને રંગે ભૂખરા રંગનું હતું. તેના પગનાં તળિયાં હંસની જેમ જોડાએલાં હતાં. હર્બર્ટે જનાવરને તુરત ઓળખી કાઢ્યું. તેનું નામ કપિબારા. જેવો નેબ ડંડો લઇને તેના ઉપર ઘા કરવા જાય છે તેવું જ તે ટૉપના મોઢામાંથી છૂટીને હર્બર્ટ ઉપર ધસ્યું ને તેને ચત્તોપાટ પાડી દઇ જંગલમાં નાસી ગયું.

સૌ તેની પાછળ દોડ્યા. ટૉપ તો સૌની પહેલાં દોડ્યો હતો. જોતજોતાંમાં તો તે પાઇનની ગીચ ઝાડીમાં વચ્ચોવચ આવેલા એક તળાવમાં ખાબક્યું. ત્રણે શિકારીઓ તો જોઇ જ રહ્યા. ટૉપ તેની પાછળ તળાવમાં પડ્યો, પણ કપિબારા તો તળીએ જ જઇને બેઠું હતું!

હર્બર્ટ: 'આપણે સૌ હવે અવાજ કર્યા વિના ઊભા રહો. શ્વાસ લેવા માટે તે ઉપર તો આવશે જ.'

અને થયું પણ તેમ જ. થોડીક મિનિટ પછી તે પાણી ઉપર તરી આવ્યું અને તે જ ક્ષણે ટૉપ તેની ઉપર તૂટી પડ્યો અને ઘસડીને તેને કિનારે લાવ્યો. નેબે એક જ ઘાએ તેને પૂરું કર્યું.

શિકાર મળ્યો એટલે સૌને ખૂબ આનંદ થયો. શિકાર ખભે નાખી સૌ ચીમની તરફ પાછા ફર્યા. ટૉપ સાથે જ હતો, તેથી રસ્તા માટે જરા યે મુશ્કેલી નડી નહિ. જોતજોતાંમાં સૌ નદીકિનારે આવી પહોંચ્યા. પેન્ક્રૉફ્ટે અગાઉની પેઠે ત્રાપો બનાવી લીધો અને ત્રાપો ચીમની તરફ તરતો ચાલ્યો.

ત્રાપા ઉપરથી ઊતરી પચાસેક વાર ચાલ્યા ત્યાં તો પેન્ક્રૉફ્ટ ચમકીને ઊભો રહ્યો અને આશ્ચર્યથી બૂમ પાડી ઊઠ્યો: 'હર્બર્ટ, નેબ, જુઓ તો ખરા!'

ચીમનીના પહાડમાંથી ધુમાડાના ગોટેગોટ નીકળતા હતા!

(ચાલુ) **મોંઘીબેન**

ફોટોગ્રાફી હરીફાઇ

માટે આ માસ દરમ્યાન આવેલા ફોટોગ્રાફોમાંથી એક પણ ફોટો આ ઇનામને માટે જોઇતી યોગ્યતાવાળો અથવા તો પ્રશંસાપાત્ર ગણી શકાય એવો પણ નીકળ્યો નથી. આ કારણે આ માસ પૂરતાં આ હરીફાઇનાં ઇનામો મુલતવી રાખવાં પડ્યાં છે.



મધુકરી

અંધ

નેન તણાં મુજ તેજ બુઝાણાં
જોઉં ના તારી કાય;
ધીમા ધીમા સૂર થતા જે
પડતા તારા પાય:
સૂણીને સૂર એ તારા,
માંડું છું ડગ હું મારાં.

ઝૂલતો તારે કંઠે તાજા
ફૂલડાં કેરો હાર;
સૌરભ કેરો આવતો તેની
ઉર સુધી મુજ તાર:
ઝાલીને તાર એ તારો,
માંડું છું પાય હું મારો.

વાયુ કેરી લહરીમાં તુજ
વસ્ત્ર તણો ફફડાટ;
સૂણીને એ ખોજતો મારા
જીવન કેરી વાટ:
ધ્રૂજતાં ડગલાં માંડું,
ધીમે ધીમે વાટડી કાપું.

પાય તણા હું સૂર સૂણું ને
આવે ફૂલસુવાસ;
વસ્ત્ર તણો ફફડાટ સૂણું હું
એટલો રહેજે પાસ:
ભાળું ના કાયા તારી,
નેનોની જ્યોત બુઝાણી.

પ્રહ્લાદ પારેખ

(શ્રી રવીન્દ્રનાથ ઠાકુરના એક કાવ્ય પરથી)

ઇશુ ખ્રિસ્ત



[ડિસેમ્બર માસની ૨૫મી તારીખથી શરૂ થતા નાતાલના અઠવાડિયાના જે દિવસો ખ્રિસ્તી પ્રજા દીવાળી જેવા ઉત્સવથી ઊજવે છે તે તેમના બદલાતા વર્ષના હોવા ઉપરાંત એ ખ્રિસ્તી ધર્મના આદ્ય પ્રણેતા અને સંસ્થાપક ઇશુ ખ્રિસ્તના જન્મોત્સવના દિવસો પણ છે એ હકીકત ઘણાના ધ્યાનમાં નહિ હોય. આજથી શુમારે બે હજાર વર્ષ પર થઇ ગએલી એ વિભૂતિએ પ્રજામાં એ સમયે ફેલાએલી સ્વાર્થાંધતા, ધર્મજડતા અને હિંસાવાદને ટાળવા માટે જે અપ્રતિમ ક્ષમા, કરુણા અને પ્રેમ વડે પોતાના જીવનનું અમોઘ અને ઉજ્જ્વલ બલિદાન દીધું તેની ગાથા તો આજે જગવિદિત છે. જગતની વસ્તીનો લગભગ બે પંચમાંશ ભાગ (૭૦ કરોડ માણસો) આજે જેને તારણહાર પ્રભુ-પુત્ર તરીકે વંદે છે તેનાં જીવન અને બોધ અતિ વિસ્તારપૂર્વક તથા અનેકવિધ રૂપે બાઇબલમાં સંઘરાયાં છે. તેને સામાન્ય માણસ પણ સમજી શકે એવા સરળ અને લોકભોગ્ય રૂપમાં રજુ કરવાનો સુંદર પ્રયત્ન શ્રી વાલજી દેસાઇએ 'ઇશુચરિત' નામની નાનકડી પોથીમાં કર્યો છે. પાંચ પૈસાની કિંમતના એ ચોપડીમાં ઇશુની સાદી સરળ જીવનકથા ઉપરાંત તેના બોધ અમૃતને તારવીને શ્રી વાલજીભાઇએ ટૂંકી ઘરગથુ ભાષામાં રજુ કરી, આપણે ત્યાંના કબીર તથા તુલસીનાં વચનો સાથે સરખાવ્યાં છે. એમાંથી ઇશુની જીવનકથા તો તારવીને અહ નીચે—આ આવતા નાતાલના પ્રસંગે વાચકોને એ વિભૂતિનું જીવનસ્મરણ કરાવવાના ઉદ્દેશથી—આપીએ છીએ; પણ અમારી ભલામણ છે કે સૌકોઇ એ નાનકડી સોંઘી પોથી (શ્રીકુભાઈ બાલાચંદ બેનાણી—ગોંડળ એ સરનામેથી મેળવીને) વસાવી લે.]

પૂર્વરંગ

ફલસ્તીન દેશમાં ગલીલ પ્રાંતના નાસરત નામે નગરમાં આજથી આશરે બે સહસ્ર વર્ષ પૂર્વે યુસુફ તથા મરિયમ નામે દંપતી રહેતાં હતાં. એ સમયે ત્યાં રોમન લોકો રાજ્ય કરતા હતા, અને એમણે આખી પ્રજાનાં નામની ટીપ કરવાની આજ્ઞા કરી હતી. યુસુફ દાઉદ રાજાનો વંશજ હતો, એટલે નામ નોંધાવવા સારૂ બેય માણસ, યહૂદિયા પ્રાંતમાં દાઉદ રાજાનું બેતલેહમ નામે નગર નાસરતથી દક્ષિણે ૪૦ ગાઉ દૂર હતું, ત્યાં આવ્યાં. મરિયમ ગર્ભવતી અને પૂરે દીએ હતી. એને બેતલેહમમાં પહેલા ખોળાનો પુત્ર અવતર્યો. ધર્મશાળામાં મારગ નહોતો એટલે મરિયમે પુત્રને વસ્ત્રખંડે ઢબુરીને પશુશાળાની ગમાણમાં સુવરાવ્યો. આ બાળક તે ઇશુ ખ્રિસ્ત; અને હિન્દુને જેમ કપિલવસ્તુ, અયોધ્યા ને મથુરા, તથા મુસલમાનને મક્કા, એમ ઈશુપ્રેમીને બેતલેહમ.

એ પ્રદેશમાં કેટલાક ઘેટાંના ગોવાળ રાતવેળાએ પોતાના ટોળાની વારાફરતી ચોકી કરતા હતા. ત્યાં એક દેવદૂત એમની આગળ આવીને ઊભો ને બોલ્યો, 'હું



તમને શુભ સમાચાર દેવા ને વધામણી ખાવા આવ્યો છું. આજ ભગવાને બેતલેહમમાં જગતના કલ્યાણ તથા ધર્મની સ્થાપના અર્થે અવતાર લીધો છે.'

ગોવાળોને કૌતુક થયું કે 'ચાલો આપણે બેતલેહમ.' બેતલેહમ આવીને એમણે ગવાણમાં સૂતેલા બાલગોપાલને જોયો, અને જ્યાં ગયા ત્યાં એના જન્મની અને પોતાના ઉગ્ર ભાગ્યની કથા કરતા ગયા.

સૂતકના ચાલીસ દિવસ પૂરા થયા એટલે બેતલેહમથી ઉત્તરે ત્રણ ગાઉ દૂર રાજધાની યરુશલેમ છે ત્યાંના મંદિરમાં ઈશુને ભગવાનને પગે લગાડવા લઈ ગયા.

યરુશલેમમાં શિમિયોન નામે એક ધાર્મિક અને શ્રદ્ધાળુ નર હતો. એને વરદાન હતું કે ભગવદવતારનાં દર્શન કર્યા વિના એ મરશે નહિ. શિમિયોન આ સમયે મંદિરમાં આવી ચડ્યો. એણે બાળક ઈશુને ખોળામાં લીધો અને કહ્યું, 'માણસ જાતનું અજ્ઞાનતિમિર હરનાર ભાસ્કરને મેં જોયો, એટલે હવે નિરાંત કરીને દેહબંધનથી છૂટીશ.'

મંદિરમાં હાન્ના નામની એક ભક્ત બાઈ હતી, જે સાત વર્ષ ઘરવાસ કરીને વિધવા થઈ હતી. હમણાં તે ૮૪ વર્ષની હતી ને નિરંતર ઉપવાસ ને પ્રાર્થના કર્યા કરતી. એણે પણ એ દિવ્ય બાળકનાં દર્શન કરીને જન્મ સફળ કર્યો. ઈશુને મંદિરમાં પગે લગાડીને દંપતી પોતાને ગામ બેતલેહમ આવ્યાં.

ઇશુના જન્મ પછી ઊગમણી દિશાથી કેટલાક જ્ઞાની યરુશલેમ આવ્યા અને કહ્યું, 'અહીં રાજરાજેશ્વર જન્મ્યા છે, તે ક્યાં છે? અમે પૂર્વમાં એની તારા દીઠી છે, અને એનાં દર્શન કરવા આવ્યા છીએ.' યહૂદિયાના રાજા હેરોદે આ સાંભળ્યું તો એને ચિંતા થઈ કે આ બાળક કદાચ મને પદભ્રષ્ટ કરશે. એટલે એણે એ જ્ઞાનીઓને બેતલેહમ મોકલ્યા અને કહ્યું, 'તમને એ બાળક જડે એટલે મને જાણ કરજો, જેથી હું યે એના દર્શનનો લાભ લઉં.' બેતલેહમ આવીને જ્ઞાનીઓએ દિવ્ય બાળકનાં દર્શન કર્યાં તથા એની આગળ સુવર્ણ ને સુગંધ ધર્યાં. અને ફરી હેરોદને ન મળવાની એમને સ્વપ્નમાં એંધાણી મળી એટલે એ બીજે માર્ગેથી સ્વદેશ સિધાવ્યા.

એ ગયા પછી દેવદૂતે યુસુફને સ્વપ્નમાં કહ્યું, 'ઊઠ, બાળક તથા તેની માને લઈને મિસરમાં નાસી જા, અને હું પાછા આવવા ન કહું ત્યાં લગી ત્યાં જ રહે, કેમ જે હેરોદ બાળકને મારવા મથશે.' એટલે યુસુફ રાતોરાત જ સહકુટુંબ મિસર ગયો.

જ્ઞાની પાછા ન આવ્યાથી હેરોદે બે વર્ષનાં ને એનાથી નાનાં જેટલાં બાળક બેતલેહમમાં હતાં એ બધાંનો વધ કર્યો.

હેરોદ મરી ગયા પછી દેવદૂતે મિસરમાં યુસુફને કહ્યું, 'પાછો ઈસ્રાએલ જા, કેમ જે બાળકનો શત્રુ હવે મરી ગયો છે.' એટલે યુસુફ મિસરથી નાસરત પાછો આવ્યો.

હવે વર્ષેવર્ષે યરુશલેમમાં નિસ્તારપર્વનો મહોત્સવ થાય ત્યારે ઈશુનાં માતાપિતા ત્યાં જતાં. એક વખત ઈશુ બાર વર્ષનો હતો ત્યારે તે નિત્યનિયમ પ્રમાણે યરુશલેમ ગએલાં. ઉત્સવ પૂર્ણ થયે પાછાં વળ્યાં ત્યારે બાળક ઈશુ યરુશલેમમાં વાંસે રહી ગયો, પણ માતપિતાને એનું ધ્યાન નહિ એ તો એમ જાણે કે સંઘમાં હશે. એક દિવસનો પંથ કર્યા પછી એને ગોત્યો તો જડ્યો નહિ, એટલે પાછાં યરુશલેમ ગયાં. ત્રણ દિવસ શોધ કર્યા પછી જોયું તો તે મંદિરમાં સંતસમાજમાં બેઠો છે. એની કથા સાંભળે છે તથા પરિપ્રશ્ન કરે છે અને જે કોઈ એની વાત સાંભળે છે તે એનું બુદ્ધિબળ જોઈને વિસ્મિત થાય છે. માએ કહ્યું, 'દીકરા, તેં આ શું કર્યું? તારા પિતા ને હું ચિંતાતુર થઈને તને ગોતતાં હતાં.' ઈશુએ કહ્યું, 'તમે મને શું કામ ગોત્યો? મારે ભગવાનને કામે લાગવું જોઈએ એ તમે નથી જાણતાં?' પણ એની વાત માબાપને ગળે ન ઊતરી. પછી ઈશુ માબાપ સાથે નાસરત આવ્યો ને એમની આજ્ઞામાં રહ્યો, તથા ઉત્તરોત્તર વધારે બળવાન, બુદ્ધિમાન ને ઈશ્વરના અનુગ્રહનું તથા લોકોની પ્રીતિનું પાત્ર બન્યો.

તેરમાથી ત્રીસમા વર્ષ લગી ઈશુ નાસરતમાં રહ્યો. આ ૧૮ વર્ષ એ સુતારકામ કરતો ને પોતાના કુટુંબનું ભરણપોષણ કરતો.

આ સમયે જૉન નામે એક પુરુષ શાસ્તા રૂપે બહાર પડ્યો હતો. જૉનનો પિતા યરુશલેમના મોટા મંદિરમાં ધૂપ-સમર્પક પૂજારી હતો, ને માબાપની વૃદ્ધાવસ્થામાં જૉનનો જન્મ થયો હતો. જૉન નાનો હતો ત્યાં જ આપણા ધ્રુવની પેઠે વનમાં તપ કરવા ગયો, ને ત્યાં પ્રાર્થના તથા સ્તુતિ દ્વારા પોતે ધારેલા કામને સારુ એણે સાધના કરી. મદ્યપાન તો એણે કદાપિ કર્યું જ નહોતું. સાંઢિયાના વાળનો ઝભ્ભો એ પહેરતો ને એના ઉપર ચામડાનો પટો બાંધતો. તીડ તથા વનમધનો એ આહાર કરતો. મૃતસમુદ્ર સરોવરની પશ્ચિમે અરણ્ય હતું ત્યાં એ વસતો. ત્રીસમે વર્ષે એ ધર્મોપદેશ કરવા નીકળ્યો. એની પ્રવચનશક્તિ એવી પ્રચંડ હતી કે યરુશલેમ આદિ સ્થળેથી લોકો ટોળે વળીને એનું વ્યાખ્યાન સાંભળવા આવતા.

જૉન કહેતો કે 'ભગવાન અવતરવાના છે અને પોતાનું શાસન સ્થાપવાના છે, એટલે તમે તમારું હૈયું પલટાવો.' જૉનનો બોધ જેને લાગી જતો તે પોતાનાં પાપ એની આગળ પ્રકાશતાં, અને જૉન યરદન નદીના પાણીથી એની શુદ્ધિ કરતો.

ત્રીસમે વર્ષે ઇશુએ સુતારકામ તથા ઘરનો ત્યાગ કર્યો. હવે એને અકિંચન બનવું હતું, અથવા જેટલાં ઘર એટલાં પોતાનાં કરવાં હતાં. પ્રથમ તો એ જૉનને હાથે જળશુદ્ધિ લેવા યરદનવાડી આગળ આવ્યો. જૉને કહ્યું, 'મારે જ તમારી આગળ શુદ્ધિ લેવી જોઇએ એમ છે, ને તમે મારી આગળ આવ્યા ?'

ઇશુએ કહ્યું, 'હમણાં તો એમ જ થવા દો. આપણ સર્વેએ પોતપોતાનો સ્વધર્મ પાળવો રહ્યો છે.'

શુદ્ધિ પછી તરત જ ઇશુ વનમાં ગયો, ને ત્યાં એણે ચાળીસ દિવસના ઉપવાસ કર્યા. ચાળીસમે દિવસે ઈશુને ભૂખ વર્તાણી, એટલે સેતાન એની આગળ આવ્યો ને કહ્યું, 'જો તું અવતારી પુરુષ હો તો આ પથ્થરને આજ્ઞા કર કે રોટલો થઇ જાય.'

ઈશુએ કહ્યું, 'શાસ્ત્રમાં લખ્યું છે, મનુષ્ય કેવળ રોટલાથી નહિ પણ ભગવદ્‌વાક્યથી જીવે છે.'

પછી સેતાન ઈશુને પુણ્યનગર લઇ ગયો, ને મંદિરના શિખર ઉપર એને બેસાડીને કહ્યું, 'જો તું અવતારી પુરુષ હો તો અહીંથી પડતું મૂક કેમકે તને તો દેવનાં રખોપાં છે, અને કદાચ તને ઠેસ લાગશે તો એ તને પોતાના હાથમાં ઝીલી લેશે.' ઈશુએ કહ્યું, 'વળી લખ્યું છે, ભગવાનનાં તારે પારખાં ન કરવાં.'

ફરીને સેતાન ઈશુને અતિ ઉચ્ચ પર્વત ઉપર લઇ ગયો. જગતનાં સર્વ સામ્રાજ્ય એને બતાવ્યાં ને કહ્યું, 'જો તું મારે પગે પડે ને મારી આરાધના કરે તો આ સર્વ વૈભવ તને આપું.'

ઈશુએ કહ્યું, 'હે સેતાન નીકળ અહીંથી. કારણ, લખ્યું છે કે તું ભગવાનને જ ભજજે ને એની જ સેવા કરજે.'

એટલે સેતાન ચાલતો થયો.

જૉને પોતાના શિષ્યમંડળમાંથી એક અંદ્રિયાને ઈશુની ઓળખાણ કરાવી હતી. એ અંદ્રિયા ઈશુનો પહેલો શિષ્ય થયો. અંદ્રિયાએ પોતાના ભાઇ શિમોન પીતરને ઈશુ આગળ આણ્યો, એટલે પીતર ઇશુનો બીજો શિષ્ય થયો. અંદ્રિયા ને પીતરનો ગામભાઇ બેતસૈદાવાસી ફિલિપ, અને ફિલિપનો મિત્ર નથનેલ ઇશુના ત્રીજા ને ચોથા શિષ્ય હતા. અંદ્રિયા ને પીતર ગલીલના સરોવર ઉપર મચ્છીમાર હતા. એ સરોવરમાં જાળ નાખતા હતા ત્યાં ઇશુએ કહ્યું, 'મારી પાછળ આવો, હું તમને માછલાંને ઠેકાણે માણસ ઝાલતાં શીખવું.' અને તરત જ જાળ છોડીને બેઉ ભાઇ ચાલી નીકળ્યા. જેમ્સ અને જૉન એ બે ભાઇ પણ માછી હતા ને એ પણ એમ જ ચાલી નીકળ્યા હતા.

યરુશાલેમમાં આ વર્ષે મહોત્સવ થયો એ પ્રસંગે ઇશુ યરુશાલેમ ગયો. યરુશાલેમના મંદિર આગળ એક ચોક હતો. ત્યાં ભોગ આપવાનાં ઢોરની ગુજરી ભરાતી. આખો દિવસ ત્યાં ગોધા ભાંભરે, મેંઢાં મેં મેં કરે અને સાટાં કરતા લોકોની રકઝકની રાડ પડે. કબૂતર પણ ત્યાં જ વેચાતાં, અને નાણાવટી નાણાં લઇને બેસતા. ઇશુએ ઝીણી દોરીનો કોરડો કરીને ગોધા તથા ઘેટાંને ચોકમાંથી હાંકી કાઢ્યાં, નાણાવટીનાં નાણાં ઉડાડી મૂક્યાં ને એના પાટલા ઊંધા વાળ્યા. કબૂતર વેચનારાને કહ્યું કે 'આ સર્વ અહીંથી લઇ જાઓ; મારા પિતાના પ્રાર્થના-મંદિરને ચોરની ગુફા બનાવો મા' આમ એણે મંદિરની શુદ્ધિ કરી.

મંદિરશુદ્ધિ પછી આઠ માસ ઇશુ યહૂદિયામાં રહ્યો અને અનેક માણસો એના શિષ્ય થયા. જૉને હેરોદ રાજાને એના અનાચાર સારુ ઠપકો આપ્યો, એટલે હેરોદે જૉનને કારાગૃહમાં નાખ્યો ને અંતે એનો શિરચ્છેદ કર્યો. આ સાંભળીને ઇશુએ યહૂદિયા છોડ્યું ને ગલીલ ગયો. માર્ગમાં એ શમરૂન પ્રાંતના શૂખર નગરમાં આવ્યો. શૂખરમાં યાકૂબનો કૂવો હતો, એને કાંઠે ઇશુ બેઠો. ત્યાં એક સ્ત્રી પાણી ભરવા આવી, એની પાસે એણે પીવા પાણી માગ્યું. શમરૂની સ્ત્રીએ કહ્યું, 'તમે યહૂદી છો, ને મારી શમરૂનીની પાસેથી પાણી કેમ માગો છો ? યહૂદી તો શમરૂની સાથે વ્યવહાર રાખતા નથી.' ઇશુએ કહ્યું, 'તારી પાસે પાણી માગનાર કોણ છે એ તું જાણતી હોત તો તું એની પાસેથી માગત, ને એ તને જીવનજળ આપત.' શૂખર બે દિવસ રહીને ઇશુ ગલીલ આવ્યો, ને પછીનું દોઢ વર્ષ ત્યાં રહ્યો.

ઇશુ પોતાને ગામ નાસરત આવ્યો. એક દિવસે એ ત્યાંના મંદિરમાં ગયો હતો ત્યાં એ શાસ્ત્ર વાંચવા ઊભો થયો. અને એણે અનાયાસે ઉઘાડ્યું ને નીચેનું વાક્ય વાંચ્યું: 'ભગવાને મારે વિષે અવતાર લીધો છે; કારણ એણે મને રાંકને શુભ સમાચાર આપવાનો આદેશ કર્યો છે. ભાંગેલ હૃદયને સાજાં કરવા, બંદીને છોડાવવા ને આંધળાને દેખતા કરવા એણે મને મોકલ્યો છે.'

શ્રોતૃવર્ગ આ સાંભળીને એના સામું જોઇ રહ્યો. ઇશુએ કહ્યું, 'આ શાસ્ત્રવચન મારે વિષે ફળ્યું છે.' નાસરતવાસીઓ કહે, 'આ તો યુસુફ સુતારનો દીકરો. ઈજ, તે કઇ વાડીનો મૂળો?'

ઇશુની ધૃષ્ટતા એ લોકોને અસહ્ય થઇ પડી. તેઓ એને ઝાલીને ટેકરી ઉપરથી ફગાવી દેવાના હતા, પણ ઇશુ કફર્નાહુમ ચાલ્યો ગયો ને પછી મોટે ભાગે ત્યાં જ રહ્યો.

ઇશુના પહેલા છ શિષ્ય—અંદ્રિયા, પીતર, જેમ્સ, જૉન, ફિલિપ અને નથનેલ (અથવા બર્થલમય)—નો ઉલ્લેખ ઉપર થઇ ગયો. એ છ, કફર્નાહુમનો દાણી મૅથ્યુ, ટૉમસ, નાનો યાકૂબ (જેમ્સ), શિમોન, યાકૂબનો ભાઇ યહૂદા અને વિશ્વાસ-ઘાતક યહૂદા ઇસ્કર્યોત, એમ બાર જણ ઇશુના પટ્ટશિષ્ય હતા. બીજા પણ સિત્તેર શિષ્ય હતા. એમાંથી બબ્બેને ઇશુ એક ઠેકાણે મોકલતો ને કહેતો, 'પાક તો પુષ્કળ છે, પણ મૂલી થોડા છે. ક્ષેત્રપતિને પ્રાર્થના કરો કે લણણી કરવા મૂલી મોકલે.'

ઇશુએ પાણીમાંથી દ્રાક્ષાસવ બનાવ્યો, વાવાઝોડું શમાવ્યું, જળનું સ્થળ કરીને એના ઉપર ચાલ્યો, પાંચ રોટલા ને બે મચ્છીમાં પાંચ સહસ્ર માણસને જમાડ્યાં, પતિતને પાપમુક્ત કર્યા, આંધળાને દેખતા કર્યા, ભૂતનો વળગાડ મટાડ્યો, વિવિધ રોગના રોગીને સાજા કર્યા અને મરેલાને સજીવન કર્યા, એમ કહે છે; પણ આની વિગતમાં આપણે નહિ ઊતરીએ. ઇશુના ચમત્કાર કરતાં એનો ઉપદેશ અનંતગણા મહત્ત્વનો છે.

પશ્ચિમ દર્શન

યરુશલેમની પૂર્વે પોણો માઇલ દૂર જેતુનાગિરિ છે. ને જેતુનગિરિથી આગળ ચાલતાં યરુશલેમથી આશરે બે માઇલને અંતરે બેથનિયા ગામ છે. એ ગામમાં પરિષદ (પરાન) પહેલાં છ દિવસે ઇશુ આવ્યો. મરિયમ ને માર્થાને ઘેર એ વિયાળુ કરતો હતો. માર્થા પીરસતી હતી અને ઇશુએ સજીવન કરેલો એનો ભાઈ લાસાર ઇશુ સાથે બાજોઠ ઉપર જમવા બેઠો હતો, ત્યાં મેરીએ મોંઘામૂલું જટામાંસીનું એક શેર સુગંધી તેલ લીધું. ઇશુને ચરણે તેનો લેપ કર્યો અને પોતાના માથાના વાળથી એના પગ લૂછ્યા. ઘર સૌરભથી બહેકી ઊઠ્યું, એટલે યહૂદા ઇસ્કર્યોત નામે શિષ્ય, જે ઇશુને શત્રુને હાથ સોંપવાનો હતો, એણે કહ્યું: 'આ અત્તર ૩૦૦ રૂપિયામાં વેચીને રાંકને દીધું હોત તો?'

યહૂદા કાંઇ રાંકનો હિતચિંતક નહોતો પણ ચોર હતો. એની આગળ કોથળી રહેતી એમાંથી એ પૈસા ઉપાડી જતો.

ઈશુએ કહ્યું, 'એ તો એણે મારા દેહને આગોતરો જ છેલ્લો કરિયાવર કર્યો છે. રાંક તો તમારા ચિરસંઘાતી છે, એટલે જ્યારે ઈચ્છો ત્યારે એની સેવા તમે કરી શકો છો. પણ હું તમારો બે દિનનો જ અતિથિ છું. સકલ જગતમાં જ્યાં જ્યાં મારી કથા કહેવાશે ત્યાં ત્યાં આ બાઇની સેવાનું લોકો સ્મરણ કરશે.'

જેમ કોઇ રાજા રાજ્યાભિષેકને સારુ રાજધાનીમાં આવે, એમ ઇશુ યરુશલેમ આવ્યો. રાજા હાથીએ ચડીને આવે; ઈશુ અનારૂઢપૂર્વક ગર્દભશાવક ઉપર બેસીને આવ્યો. યહૂદિયામાં ભલભલા ગધેડે ચડે છે, ગધેડે ચડવામાં હીનપદ નથી માનતા. પણ હીનપદ હોય તો ય ઇશુ ક્યાં ઉચ્ચપદનો ભૂખ્યો હતો? એને તો શૂળીએ ચડવું હતું; ક્યાં સિંહાસન ઉપર બેસવું હતું?

એના માર્ગમાં લોકોએ પોતાનાં વસ્ત્ર પાથર્યાં, ઝાડપાન વેર્યાં ને હાથમાં ખજૂરીની ડાળખી લઇને એનાં દર્શન કરવા નીકળી પડ્યા. ભગવાનને નામે જે આવે છે તે ઇસ્રાયેલના રાજા'નો જયઘોષ થયો. જેતુનગિરિ ઉપરથી યરુશલેમને જોઇને ઇશુને આંસુ આવ્યાં. જ્યાં પોતે કથા કરી હતી ને પરચા બતાવ્યા હતા ત્યાંના લોકોને હાથે જ એને મરવાનું હતું એ અપરાધીની નગરી જે શિક્ષા ભોગવવાની હતી એનો વિચાર કરતાં એને રોવું આવ્યું. સાંજે ઈશુ બેથનિયા આવતો રહ્યો.

નિસ્તારપર્વ જે દિવસે પાળવાનું હતું તે ગુરુવાર આવ્યો. ઇશુ જાણતો હતો કે બીજે દિવસે એને મરવાનું છે. શિષ્યોને એનો સમાગમનો આજ છેલ્લો દિવસ હતો.

ગુરુવારે સાંજે ગુરુશિષ્ય જમવા બેઠા. ત્યાં પોતામાં શ્રેષ્ઠ કોણ એનો શિષ્યોમાં વિવાદ થયો, એટલે ઇશુએ એમને નમ્રતાનો પાઠ શીખવ્યો. અંગરખો ઉતારી નાખ્યો ને કેડે અંગૂછો બાંધ્યો. પછી કાંસામાં પાણી લઇને શિષ્યોના પગ ધોયા ને કેડે બાંધેલા અંગૂછાથી તે લૂછ્યા ને કહ્યું, 'હું તમારો આચાર્ય ને પ્રભુ થઇને તમારા પગ ધોઉં છું: તમારે પણ એકબીજાના પગ ધોવા જોઇએ.'

વિયાળુ ચાલતું હતું ત્યાં ઈશુએ કચવાઇને કહ્યું, 'તમારામાંથી એક મને શત્રુને હાથ સોંપશે' ઇશુ કોને ઉદ્દેશીને કહે છે, એમ તર્કવિતર્ક કરતા શિષ્યો એકબીજા સામું જોઇ રહ્યા. એક પછી એક બધાએ પૂછ્યું, 'ભગવન્! એ હું તો નહિ ને?'

ઈશુના માનીતા શિષ્ય જૉને પૂછ્યું, 'ભગવન્! એ કોણ?'

ઇશુએ કહ્યું, 'જેને હું રોટલાનું બટકું બોળીને આપીશ તે.' એણે બટકું બોળીને યહૂદા ઇસ્કર્યોતને આપ્યું ને કહ્યું, 'તારે કરવાનું છે તે શીઘ્ર કર.'

યહૂદા કોષાધ્યક્ષ હતો. એટલે સૌએ જાણ્યું કે પર્વ સારુ કાંઇ વસ્તુ વેચાતી લેવાની હશે કે રાંકને કાંઈક આપવાનું હશે. યહૂદા તરત ચાલતો થયો. એણે આ પહેલાં જ યહૂદી ધર્મગુરુ સાથે ઠરાવ કર્યો હતો કે ધર્મગુરુએ એને ત્રીસ રૂપિયા આપવા ને એણે ઇશુને બતાવવો.

ઇશુએ કહ્યું, 'હું એવે સ્થળે હવે જઇશ, જ્યાં તમે મારી પાછળ નહિ આવી શકો.' પીતરે કહ્યું, 'કેમ ન આવી શકું? હું તમારે કારણે મારા પ્રાણ આપવા તૈયાર છું!'

ઇશુએ કહ્યું, 'પ્રાણ આપવા તૈયાર છો, એમ કે? કાલ સવારે કૂકડા નહિ બોલ્યા હોય ત્યાં તું મને ઓળખતો જ નથી એમ કહીને ત્રણ વાર તું ખૂટવાનો છે.'

યરુશલેમથી પા ગાઉને અંતરે જેતુનગિરિની તળેટી આગળ ગેતશીમાની (તેલની ઘાણી નામે) વાડી છે, ત્યાં ઇશુ શિષ્યોને લઇને વારંવાર જતો. નિસ્તારભોજન પતવીને મોડી રાતે એ અગિયાર જણને લઇને ત્યાં ગયો. શિષ્યોને એક ઠેકાણે બેસાડીને પોતે એકાંતમાં પ્રાર્થના કરવા ગયો, પણ પીતર, જેઇમ્સ ને જૉનને ભેળા લઇ ગયો. એમને કહ્યું, 'મારા જીવને બહુ અસુખ થાય છે; તમે અહીં રહો ને મારી સાથે જાગરણ કરો.' થોડેક આઘે જઇને એ દંડવત્ પડ્યો ને રોતો રોતો પ્રાર્થના કરવા મંડ્યો: 'હે પિતા, જો બને તો આ પ્યાલો મને પા મા. તો પણ જેવી તારી ઇચ્છા, મારી નહિ.' પ્રાર્થના કરીને ઇશુ પાછો આવ્યો ને જુએ છે તો શિષ્યો શોકના માર્યા ઊંઘી ગયા છે. એણે કહ્યું, 'તમે ઊંઘતા શું હશો? જાગો ને પ્રાર્થના કરો. આત્મા તત્પર છે, પણ દેહ દુબળો છે.' પછી તેણે બીજી વાર આઘા જઇને પ્રાર્થના કરી. પાછો આવ્યો તો શિષ્યો સૂતા હતા, એ જોઇને બોલ્યો, 'ઘડીક નિદ્રા કરી લ્યો ને વિસામો ખાઇ લ્યો. મારે શત્રુને હાથ જવાને હવે વાર નથી.'

ત્રીજી વાર ઇશુ પ્રાર્થના કરવા ગયો, ને પાછો આવ્યો ત્યાં બાર માંહેલો એક યહૂદા આવ્યો ને એના ભેળું યહૂદી ધર્મગુરુ, મહાજન ને શાસ્ત્રીપુરાણીએ મોકલેલા અસિયષ્ટિધારી માણસોનું ટોળું મસાલ ને દીવા લઇને આવ્યું. યહૂદાએ શસ્ત્રધારી સાથે એવો સંકેત કર્યો હતો કે જેને હું ચુંબન કરું એને ઝાલી લેજો.

ઇશુએ શસ્ત્રધારી આગળ જઇને કહ્યું, 'તમે કોને ગોતો છો?' તેણે ઉત્તર વાળ્યો, 'નાસરતના ઈશુને.' ઇશુએ કહ્યું, 'એ હું જ.' આ સાંભળી શસ્ત્રધારી ઘડીક થંભી ગયા. મોડી વારે એમને સાન

આવતાં ઇશુએ કહ્યું, 'તમે મને ગોતતા હો તો આ બીજાને જવા દો.' યહૂદા પાસે આવ્યો ને 'નમસ્તે ગુરુદેવ' કરીને એણે ઇશુને ચુંબન કર્યું ઇશુએ કહ્યું, 'ચુંબન કરીને ઝલાવછ કે?'

ઇશુને ઝાલવા મંડ્યા એટલે પીતરે મહન્તના નોકરનો જમણો કાન તલવારથી કાપી નાખ્યો. પણ ઇશુએ એને હાથ લગાડીને સાજો કરી દીધો અને પીતરને કહ્યું, 'તલવાર મ્યાન કર; કારણકે જે તલવાર ધરશે તે તલવારથી જ મરશે '

ઈશુને પકડીને સૌ મહન્ત કાયાફા આગળ લઇ ગયા. ત્યાં મહાજન ને શાસ્ત્રીમંડળ ભેળું થયું હતું.

કાયાફાએ પૂછ્યું, 'તું ભગવાનનો પુત્ર છો?'

ઇશુએ કહ્યું, 'હા.'

કાયાફાએ કહ્યું, 'જોયું, કેવી ભગવન્નિન્દા કરે છે? હવે તમારો સર્વનો શો મત છે?'

બધા કહે, 'એનો વધ કરવો ઘટે છે.' એમ કરીને તેઓ ઇશુ ઉપર થૂંકવા ને એને થપ્પડ ને ધુસ્તા મારવા મંડ્યા.

સર્વ શિષ્યો નાઠા, પણ પીતર ને જૉન પલાયન કરતાં લાજ્યા એટલે તેઓ ઈશુની પાછળ આઘેઆઘે ચાલતા મહન્તને ઘેર આવ્યા. ટાઢ બહુ હતી એટલે આંગણામાં તાપણી કરી હતી, ત્યાં મહન્તના નોકરો ને સૈનિકો તાપતા હતા. પીતર તાપણી આગળ બેઠો.

પ્રથમ દ્વારગોપિકાએ તાપણીના પ્રકાશથી પીતર સામે નિરખીને જોયું ને કહ્યું, 'તું આ માણસનો શિષ્ય નથી?' પીતરે કહ્યું, 'હું એને ઓળખતો યે નથી!'

પીતર બ્હીનો ને ઊઠીને ડેલા આગળ ગયો. ત્યાં બીજી દાસીએ એને જોયો ને કહ્યું, 'આ માણસ ઇશુ ભેળો હતો.' એક માણસે કહ્યું, 'તું અવશ્ય એ ટોળી માંહેલો છે. તારી ગલીલી બોલી જ તને છતો કરે છે.' પીતરે સમ ખાઇને કહ્યું, 'હું એને ઓળખતો નથી.'

બે ઘડી પછી જે સેવકનો કાન પીતરે કાપ્યો હતો એના એક સગાએ પીતરને કહ્યું, 'વાડીમાં એના ભેળો મેં તને નહોતો જોયો?' પીતર સમસમરા ખાવા મંડ્યો ને બોલ્યો, 'ભાઇ, તું શું કહે છે તે હું સમજતો નથી.' આમ કહે છે ત્યાં કૂકડો બોલ્યો. ઇશુએ પીતર સામું કરુણા, પ્રેમ ને શોકમય દૃષ્ટિએ જોયું. પીતરને લાજી મરવા જેવું થયું ને પોતાની કાયરતા ને દુષ્ટતા સારૂ પોતાને ફિટકાર દેતો પોકેપોક મૂકીને રોયો.

મહન્ત ને મહાજને બુધવારે સવારે ઇશુને બાંધીને રોમન દેશપતિ પંતિય પીલાતને સોંપ્યો ને કહ્યું, 'આ પુરુષ પોતાને ભગવાનનો પુત્ર કહેવરાવે છે, એટલે અમારા શાસ્ત્ર પ્રમાણે એનો વધ કરવો જોઇએ.'

પીલાતે કહ્યું, 'તમે જાણો ને તમારૂં શાસ્ત્ર જાણે '

એટલે મહન્તે ખોટો આરોપ મૂક્યો ને કહ્યું, 'ઇશુ પોતાને રાજા કહેવરાવે છે ને રોમન કૈસરને કર ભરવાની ના પાડે છે.'

પીલાતે ઇશુને પૂછ્યું, 'તું રાજા છો?'

ઇશુએ કહ્યું, 'હા, પણ મારૂં રાજ્ય, ઇહલોકનું નથી. ઇહલોકનું હોત તો મને આમ ક્યાંથી ઝાલી શકત? હું તો સત્યની સાક્ષી પૂરવા અવતર્યો છું.'

પીલાતે કહ્યું, 'આ માણસનો કાંઇ અપરાધ હું જોતો નથી.'

એટલે મહન્ત ને યહૂદીઓની મેદિની વધારે કોપી ને કહ્યું, 'ગલીલથી યરુશલેમ પર્યંત સર્વ પ્રજાને આ માણસ ઉશ્કેરે છે ને અવળે માર્ગે ચડાવે છે.'

હવે નિસ્તારપર્વ ઉપર એવી રીત હતી, કે લોક જે એક બંધવાને છોડવા કહે એને દેશપતિએ છોડી મૂકવો. એટલે પીલાતે યહૂદીઓને પૂછ્યું, 'નામી ચોર બરબ્બાને છોડું કે ઇશુને?'

લોકોએ કહ્યું, 'આ માણસને નહિ પણ બરબ્બાને!'



બરબ્બાને છોડતાં પહેલાં પીલાતે મેદિની સમક્ષ પોતાના હાથ પાણીથી ધોયા ને કહ્યું, 'આ સત્પુરુષનું લોહી રેડાય તો એ મારે માથે નહિ.'

લોકોએ કહ્યું, 'ભલે અમારે માથે ને અમારી પ્રજા માથે.'

પછી પીલાતે ઇશુને ફટકા મરાવ્યા. ફટકા મારીને સૈનિકોએ ઇશુની ઠેકડી કરવા સારૂ એને ફ ટેલતૂરેલ જૂનો કૃષ્ણલોહિત વાઘો પહેરાવ્યો, કાંટાનો કિરીટ એને માથે મૂક્યો, ને એના હાથમાં રાજદંડ દાખલ સોટી આપી. પછી કિરીટ ઉપર ભાર દીધો એટલે ઇશુના શ્રીમુખ ઉપરથી શોણિતની ધારા ચાલી. 'યહૂદી મહારાજનો જય' બોલાવીને તેઓ એની આગળ ઘૂંટણીએ પડ્યા, એના ઉપર થૂંક્યા ને એના હા-



થમાંથી સોટી લઈને એને માથે મારી.

પીલાતને આશા હતી કે ઇશુને લોહીલોહાણ થએલો જોઇને લોકોને દયા આવશે; એટલે એણે એને હવે મેદિની સમક્ષ ઉપસ્થિત કર્યો ને કહ્યું, 'જુઓ આ પુરુષ'

પણ લોકોએ કહ્યું, 'એને શૂળીએ ચડાવો, શૂળીએ.'

પીલાતે પૂછ્યું, 'તમારા રાજાને શૂળીએ ચડાવું?'

મહન્તે કહ્યું, 'કૈસર વિના અમારે કોઇ રાજા નથી.'

હવે પીલાત ઇશુને છોડે તો એની રાજનિષ્ઠામાં ઊણપ દેખાય, એટલે ઇશુને શૂળીએ ચડાવવાની આજ્ઞા કરી.

ઇશુને કાલ્વારી (ગલ્ગતા=ખોપરી) નામે એક નીચી ટેકરીએ લઇ ગયા. વધ્ય માણસ પોતે પોતાનો વધસ્તંભ ઉપાડીને લઇ જાય એવી પ્રથા હતી, પણ ઇશુથી સ્તંભનો ભાર ઊપડે એમ હોતું. એટલે કુરેનીનો શિમોન નામે એક જણ ચાલ્યો જતો હતો એની પાસે સૈનિકોએ ઈશુનો સ્તંભ પરાણે ઊપડાવ્યો.

મોટું ટોળું પાછળપાછળ ચાલતું હતું, એમાં કેટલીક સ્ત્રીઓ રોતી હતી, એટલે ઇશુએ કહ્યું, 'યરુશાલેમની પુત્રીઓ, મારે સારૂ રૂઓ મા, તમારે પોતાને ને તમારી સંતતિને સારૂ રૂઓ.'


કાલ્વારી આવ્યા પછી સૈનિકોએ ઇશુનાં કપડાં ઉતાર્યાં, એને સ્તંભ ઉપર રાખ્યો, ને એના હાથપગમાં ખીલા મારીને સ્તંભ સાથે જડી દીધો. પછી સ્તંભ ઊંચો કર્યો ને ભોંયમાં ખાડો ગાળીને એમાં સ્તંભનો એક છેડો દૃઢ કરીને ખોસ્યો. ઇશુને બે પડખે બે ચોરને સ્તંભ સાથે એ જ વેળાએ જડ્યા. ઇશુએ પોતાના ઘાતકને અર્થે પ્રાર્થના કરી ને કહ્યું, 'હે પિતા, એને ક્ષમા કર; કારણ પોતે શું કરે છે તે એ જાણતા નથી.'

વધસ્તંભ ઉપર અપરાધીએ કરેલા અપરાધનો લેખ લખવા-ની રીત હતી; પણ ઇશુનો કાંઇ અપરાધ ન મળે એટલે એના સ્તંભ ઉપર 'યહૂદીરાજ નાસરતનો ઇશુ' એમ પીલાતે લખ્યું. યહૂદીને આ ન ગમ્યું, પણ પીલાતે કહ્યું, 'મેં લખ્યું તે લખ્યું.' મહન્તો, શાસ્ત્રીઓ ને મહાજને ઇશુની ઠેકડી કરતા સ્તંભને ફરતે ઊભા ને બોલ્યા, 'પોતાને બચાવી શકતો નથી; ને બીજાને બચાવવા નીકળ્યો હતો! સાચો હોય તો ઊતરી પડે સ્તંભથી'

બે ય ચોર પ્રથમ તો ઈશુને હસતા હતા; પણ એનું ધૈર્ય ને ગૌરવ જોઇને એક ચોરને પશ્ચાત્તાપ થયો, એટલે એણે પોતાના સાથીને વાર્યો ને ઈશુને કહ્યું, 'ભગવન્! તારૂં રાજ્ય સ્થપાય તે દિ મને સંભારજે.' ઇશુએ કહ્યું, 'આજ તું મારા ભેળો દેવલોક પામીશ'

ઇશુની મા મરિયમ કાલ્વારી આવી હતી ને ફાટતે હૈયે ઊભી હતી. માનીતો શિષ્ય જૉન પણ ત્યાં જ હતો. ઈશુએ જૉન સામી સાન કરીને મરિયમને કહ્યું, 'જો આ તારો દીકરો' અને મરિયમ સામું ચીંધીને જૉનને કહ્યું, 'જો આ તારી મા.'

ઇશુને નવ વાગ્યે સ્તંભે જડ્યો હતો. બપોર પછી ત્રણ વાગ્યે એણે દેહ છોડયો; એટલે પંદર ઘડી એણે પીડા વેઠી. મધ્યાહ્નથી તે ત્રણ વાગ્યા લગી યહૂદિયામાં બધે અંધારૂં ફેલાઇ



ગયું. અતિ સ્નેહથી ઇશુને શંકા થઇ કે રખેને પિતાએ પોતાથી એનું મુખ ઢાંકી લીધું હોય, એટલે એણે કહ્યું, 'મારા ભગવાન, મારા ભગવાન, તેં કેમ મારો ત્યાગ કર્યો છે?' પછી એણે કહ્યું, 'મને તરસ લાગી છે.' એક સૈનિકે એને મોઢે સરકો માંડ્યો એટલે ઇશુએ કહ્યું, 'પૂર્ણાહુતિ થઇ.' પછી એણે કહ્યું, 'પિતા, મારો જીવ હું તારે હાથ સોંપું છું.' એમ કહીને એણે માથું ઢાળ્યું ને દેહ છોડયો.

સાંજે અરિમતિયાના ઉગ્રભાગી યુસુફે ઇશુના મૃતદેહ ઉપર સ્વચ્છ અને આખું વસ્ત્ર નાખ્યું અને નીકદીમે આણેલ અઢી મણ બોળ અને અગર સહિત પોતા સારૂ ચણાવેલ નવી સમાધિમાં એને દાટ્યો —દેસાઇ વાલજી ગોવિંદજી

દિવાળીઘોડો

અંગ્રેજીમાં એને Wagtail કહે છે (એનું શાસ્ત્રીય નામ MOTACILA...) ધોબીના ધોકાની પેઠે અવ્યાહત ઊંચીનીચી થતી પૂંછડીને લીધે હિંદીમાં ધોબિન–નામથી એ ઓળખાય છે. બેડી દેડકા જેવી શરીરની બાંધણી, પૂંછડીનો અવિરત ઉત્પાત, અન્ય પક્ષીઓથી જુદી પડતી ચાલ તથા વિવિધ વર્ણવાળી શરીરશોભાથી દિવાળીઘોડો ગુજરાતમાં ખૂબ જાણીતું પક્ષી છે. ઉનાળો આવતાં એના માથે કલગી ઊગે છે અને એને લીધે એ અલોપ થઇ જાય છે; તેથી જે કોઇ એને પકડે તેના હાથમાં વિક્રમ રાજાના અંધારપછેડા જેવી, ધોળે દહાડે અદશ્ય થવાની કળા આવે, એવી આમિણ્ (વસ્તુતયા તો migration સ્થલાં-તરના અચૂક નિયમના આધારે હસ્તીમાં આવેલી) માન્યતાથી એ લબ્ધકીર્તિ થયું છે. છતાં એનો જીવનક્રમ ચાસના જેટલો સુવ્યવસ્થિત કે સરળ નથી. આખા હિંદુસ્તાનમાં ચાસની એક જ જાત થાય છે. એક વખત જોયા પછી એને ભૂલાતું

નથી; (કલકલીઓ સિવાય) બીજા કોઈ પક્ષી જોડે એનો ભ્રમ થતો નથી ત્યારે દિવાળીઘોડાના વિષયમાં આમ કહેવું અશક્ય છે. કારણ કે હિંદુસ્તાનમાં શિયાળો ગાળવા આવનાર દિવાળીઘોડાની ત્રણ ચાર જાતો છે. તેમાં યે નર અને માદાનાં રૂપ જુદાં વળી ઋતુ પરત્વે એમના શરીરના રંગ બદલાય, તે ઉપરાંત બચ્ચાં અને પુખ્ત ઉમરનાં પક્ષીઓના વર્ણમાં ભેદ. અને દિવાળીઘોડાની એક વિશિષ્ટ જાત તો બારે માસ હિંદુસ્તાનમાં રહેનારી: ન જાય ન આવે. તેનો તાલ પણ જુદો. ટૂંકમાં દિવાળીઘોડાના વિષયમાં આજસુધી સંપૂર્ણ પ્રકાશ પાડી શકાયો નથી એની જીવનવ્યવસ્થા જોવાના જેટલા પ્રયત્ન થયા છે, તે બધા યે ભેગા કરતાં પણ દિવાળીઘોડાનું જીવન કેટલેક અંશે એની 'કલગી'ની પેઠે ગુપ્ત જ રહ્યું છે.

દિવાળીઘોડા જગતમાં વ્યાપકપણે પથરાએલા છે. યુરપ એશિયાના બધા યે દેશોમાં એમનાં દર્શન ઋતુ પરત્વે થાય જ છે. ગુજરાતમાં આવીને શિયાળો ગાળી જતાં આ પક્ષીઓનું વર્ણન ટૂંકમાં આપું છું:

૧ સફેદ દિવાળીઘોડો–White wagtail (શાસ્ત્રીય નામ Motacilla Alba Dukhenensis) માથા ઉપરનો ભાગ સફેદ, પાંખો કાળી, માંહ્યમાંહ્ય ભૂરા ને સફેદ રંગની છાંટ; પૂંછડી કાળી; બાકીના શરીરના ઉપરના ભાગનાં પીંછાં રાખોડી; પેટ નીચેનો ભાગ ધોળો દૂધ જેવો; ગળામાં ધોળા પડદા પર અર્ધચંદ્રાકાર કાળું લાખું. આ એનો શિયાળુ પોશાક. ઉનાળામાં ગળાનો—દાઢીથી છાતી સુધીનો ભાગ સાવ કાળો બની જાય.

માદા આવી જ, પણ આછા રંગની. ભેજવાળી જમીન પર કે પાણીની પાસે ફરતાં આ પક્ષીઓની ચાર જાતો હિંદુસ્તાનમાં આવે છે. એક જાત કાશ્મીર અને તિબેટના હિમાલયમાં શિયાળો ગાળવા આવે છે. પશ્ચિમ સાઇબીરીઆ, કૉકેસસ અને ઉરલ પર્વતો અને વૉલગાના પ્રદેશોમાંથી દિવાળીઘોડાની એક જાત દિવાળી લગભગ ગુજરાતમાં આવે છે તે આખો શિયાળો અહીં જ ગાળી ફાગણચૈતરના અરસામાં પાછી સ્વદેશ ચાલી જાય છે. ત્રીજી જાત તુર્કસ્તાન, અફઘાનિસ્તાન ને પૂર્વ ઇરાનમાં માળા બાંધે છે અને શિયાળામાં ઠેઠ બેલગામ સુધી ફેલાય છે. ચોથી જાત ચીન ને સાઈબીરીઆમાંથી આવીને નેપાળ તથા આસામમાં શિયાળો ગાળી જાય છે.

૨ ચિત્રવર્ણ દિવાળીઘોડો–Large Pied wagtail (શાસ્ત્રીય-લૅટીન નામ: M. Maderaspatensis) ગંગાજમની ભાતવાળું આ પક્ષી બારમાસી છે. આ દેશનું વાસી ને અહીં જ માળા બાંધે છે. બારે માસ એની વસ્તી ગુજરાતમાં હોય છે.

માથું, છાતીનો ઉપરનો ભાગ તથા ઉપલું આખું શરીર–પીઠનો ભાગ સાવ કાળાં; પાંખો કાળી પણ વચ્ચે ધોળો લીસોટો; પૂંછડી કાળી; શરીરનો નીચેનો બધો ભાગ ધોળો. વિશેષતઃ નાકથી શરૂ થતો આંખ પર થઈ કાનની પાછળ પહોંચતો પહોળો ધોળો પટો. આથી ઝટ એ ઓળખાય છે.

માદા આવી, પણ સહેજ આછા રંગની.

દિવાળીઘોડાની કોઇપણ જાત હિમાલયની દક્ષિણે ઈંડાં મૂકની હોય તો એકલી આ જ. મધુર ઝીણો સીસોટી જેવો, ત્રીપદી સંગીતનો સૂર એના અવાજની વિશેષતા છે. મકાન કે ટેકરા પર તે બેસે છે; ઝાડ પર કદી નહિ."

૩ ભૂરો દિવાળીઘોડો Grey wagtail (M. Cinera) ઉપરનું શરીર વાદળી રંગની ભુરાશ પકડતું; માંહ્ય લીલા રંગનો ઓપ પડે; પૂંછડી કાળાં; શરીરનો નીચેનો ભાગ પીળો–પૂંછડી નીચે ચળકતો ઘેરો. ઉનાળામાં નરનાં હડપચી, ગળું અને ઉપલી છાતી કાળાં બને.

વિશેષતામાં એની પૂંછડી ખૂબ લાંબી છે, તેથી એ બધા દિવાળીઘોડામાં સૌથી વધારે લાંબું પૂંછડી હલાવનાર ગણાય છે.


એકાકી વિચરનાર આ પક્ષી કૉકેસસ અને ઉરલ પર્વતો, સાઇબીરીઆ તથા કામશ્ચાટકાથી આવીને શિયાળો આખા હિંદુસ્તાનમાં ગાળે છે.

૪ પીળો દિવાળીઘોડો–Yellow wagtail (M. Flaya). સાત ઇંચ લાંબું; માથું ઉપરના ભાગમાં વાદળી આછા રંગનું; બરડાનાં પીંછાં મેલા આછા પીળા રંગનાં; પાંખો ઘેરી બદામી; પૂંછડી કાળી; બહારનાં બે પીંછાં સફેદ; બાકીનો નીચેનો ભાગ પીળો. ઉનાળામાં આથી જુદો વર્ણ માદાનું ગાત્ર ગાઢું લીલા રંગનું, બાકી બધું ઉપર પ્રમાણે.

દિવાળીઘોડામાં સૌથી વધારે ક્લિષ્ટ અને ગૂંચવણભર્યું જીવન હોય તો આ વર્ગનું જ. એ ઉત્તર એશિયાથી આવે છે.

લવાજમ વધ્યું નથી

'કુમાર'નું લવાજમ આ વર્ષને માટે પાછળથી આઠ રૂપિયા કરવામાં આવેલું, તે શતાંક પ્રગટ થઇ ગયા પછી થનારા ગ્રાહકો માટે જ, અને તે પણ આ વર્ષ પૂરતું જ. આ બાબતની સ્પષ્ટતા અમે તે સમયે કરી હતી, તેમજ તે પછી દર મહીને નિયમિત સાંકળિયા નીચે છાપતા આવ્યા છીએ. છતાં અમે જોઇએ છીએ કે ઘણા માણસો હજી એવી ગેરસમજમાં છે કે આવતા વર્ષને માટે પણ 'કુમાર'નું લવાજમ આઠ રૂપિયા છે. કેટલાક તો એ મુજબ લવાજમો પણ મોકલ્યાં છે, અને અમે સમજીએ છીએ કે આવતા વર્ષ માટે બંધ થએલાઓમાંના ઘણાખરા પણ એ જ ગેરસમજથી બંધ થયા હશે તો એ બાબતમાં અમે ફરીથી સ્પષ્ટતા કરીએ છીએ કે 'કુમાર'નું **લવાજમ આવતા વર્ષને માટે હવે છ જ રૂપિયા છે અને ફરીથી તે ફેરવવાના અનિવાર્ય સંજોગોને લીધે ખબર ન અપાય ત્યાં સુધી એટલું જ રહેવાનું છે.**



વિલાયતમાં પક્ષી-પ્રેમીઓ પોતાના ઘર આગળ આવાં જુદીજુદી બનાવટનાં સાધનો રાખે છે, જેમાંથી પક્ષી કશો પણ બગાડ કર્યા વિના જોઈતા દાણા ચણી શકે છે.

૫ પીળા માથાવાળો: Yellow-headed Wagtail (M. Citreola). નરનો આખા માથાનો ભાગ ચળકતા પીળા રંગનો. દરેક ઋતુમાં આ વર્ગથી પીળો દિવાળીઘોડો જુદો પડી જાય છે, કારણકે પીળા માથાવાળામાં માથા ઉપર હમેશાં પીળો પટો અને કપાળમાં સહેજ પીળી છાંટ હોય છે.

બહુ કંટાળાભરેલાં ન લાગે તેથી ઉપરનાં વર્ણન ખૂબ ટૂંકાણમાં આપ્યાં છે. ચાંચ, પગ કે આંખના આકાર કે રંગની વાત કરી નથી, તેમ ઇંડાંની પણ વાત ચર્ચી નથી.

એનો આહાર જીવાત. પાણી પાસે રહે. પાણીમાં કે ભેજમાં થતાં જીવડાં ખાય. દડબડ દડબડ દોડે. બીજાં પક્ષીઓની પેઠે એ કૂદતું ચાલતું નથી; માણસની માફક ડગ ભરતું ચાલે છે. કોઇ જાત બબ્બે ચારચારના ટોળામાં ફરે એક જાત કેવળ એકાકી વિચરનારી. બધી જ જમીન પર રહેનારી માત્ર એક જાત મકાન કે નાનાં ઝાડ પર બેસે છે.

સંસ્કૃત ભાષામાં અને તે પ્રણાલિકાને આધારે ગુજરાતીમાં ખંજન પક્ષી એની ચપળતા માટે ખૂબ જાણીતું છે. સ્ત્રીની સુંદર આંખો ખંજન સાથે સરખાવાય છે. ('જાણે જાળે પડ્યાં ખંજન.' नेत्रे खंजनगंजने વગેરે) દિવાળીઘોડો એટલે ખંજન એવી માન્યતા છે. આમ માનવામાં કેટલીક અડચણ આવે છે.

માનવવંશવૃક્ષ

ઉત્ક્રાંતિવાદ પ્રમાણે મનુષ્યની ઉત્પત્તિ વાંદરામાંથી થયાનું મનાય છે. તથાપિ પહેલો મનુષ્ય કેવો હતો ને તે ક્યારે જન્મ્યો એ જાણવાનું તો હજી રહે જ છે. આ વિષયને લગતો એક સચિત્ર સરળ લેખ આ વર્ષના ચૈત્રના અંકમાં પ્રકટ થઇ ગયો છે તે તરફ વાચકોનું ધ્યાન ખેંચીએ છીએ હમણાં-હમણાં ડૉ. ગ્રેગરીએ માનવવંશશાસ્ત્રનો અભ્યાસ કરીને મનુષ્ય-



જાતિનો જન્મ પાંચ લાખ વર્ષ પહેલાં થયો એવું સિદ્ધ કર્યું છે. ઉપરના નકશામાં છેક નીચે જમણી બાજુએ માનવવૃક્ષની પહેલી ડાળી ઉપર બતાવેલો પિથેકૅન્થ્રૉપસ જાતિનો જાવા બેટમાંનો મનુષ્ય માનવજાતિનો પહેલો પૂર્વજ છે. એનો ચહેરો જોકે વાંદરાના જેવો હતો, છતાં તેને આજના મનુષ્ય પ્રમાણે બોલતાં આવડતું હતું ને તેના મગજનો પણ પૂર્ણ વિકાસ થએલો હતો. તે પછી મનુષ્યજાતિનું વંશવૃક્ષ જે રીતે વિકાસ પામતું ગયું તે ઉપર પ્રમાણે બતાવી શકાય. (ચિત્રમય જગત)

પારો

પારો આપણામાંના દરેકે મોટે ભાગે જોયો છે. અંગ્રેજીમાં એને 'મર્ક્યુરી' કહે છે. પારો એ પ્રવાહી છે અને શુદ્ધ ધાતુ છે. પ્રવાહી રૂપમાં પૃથ્વી ઉપર કોઈ ધાતુ જડી આવતી હોય તો તે પારો જ છે. બીજી ધાતુઓની પેઠે તે ખાણમાંથી જ નીકળે છે.

પાણીની માફક પારો જલદી ઠરી જતો નથી, તેમજ જલદી ઊકળી શકતો નથી. આ કારણથી ઉષ્મામાપક યંત્રો બનાવવામાં તે બહુ ઉપયોગી થઇ પડ્યો છે. અનાજને સડતું અટકાવવા માટે અનાજમાં મૂકવામાં પણ ઉપયોગી છે. પાણી કરતાં તે વજનમાં ભારે હોવાથી હવા કેટલા પ્રમાણમાં ભારે છે તે જોવાનાં 'ભારમાપક' યંત્રો (બૅરોમીટર) બનાવવામાં પણ તે વપરાય છે. 'ઉષ્મામાપક' (થર્મોમીટર) યંત્રો વડે વાતાવરણની ગરમી મપાય છે, તેમ ડૉક્ટરો દરદીનો તાવ તપાસે છે એ આપણે સૌ જાણીએ છીએ.

આ ઉપરાંત કાચની આરસીઓની પાછળ લગાડવાનું મિશ્રણ બનાવવામાં પણ પારાની ખાસ જરૂર પડે છે. અરીસાની પાછળ પારો જેટલો બરાબર લગાડ્યો હોય તેટલું વધુ ચોખ્ખું આપણું પ્રતિબિંબ જણાય.

પારાને જો આપણે હવામાં ઉઘાડો મૂકીએ તો તેની સપાટી પર કાળો પદાર્થ બાઝે છે. આ કાળો પદાર્થ હવામાંના પ્રાણવાયુ (ઑક્સિજન) મળવાથી બને છે.

પારાને આપણે ખૂબ ગરમ કરીએ તો તેની વરાળ બને છે; પણ તેને અનહદ ગરમ કરીએ તો તેનો રાતો પ્રાણિલ

(ઑકસાઇડ) બને છે. આ પદાર્થને આપણા લોકો 'હિંગળોક' કહે છે. ઘણા હિંગળોકમાંથી પાછો પારો બનાવે છે ને તે શકય છે. હિંગળોકમાંથી પ્રાણવાયુ છૂટો પડતાં પારો રહે છે.

હિંગળોક પાણીમાં ઓગળતો નથી, પણ તેજાબમાં ઓગળી શકે છે ને તેમાંથી જાતજાતનાં લવણો (Salts) બનાવી શકાય છે. આ લવણો બહુ જ ઝેરી હોય છે. એમાંનાં ઘણાં લવણો દવાઓમાં વપરાય છે, અને તે પણ પ્રમાણસર લેવાં જોઇએ.

પારાની ઉપર ફક્ત નત્રકામ્લ (સુરોખારનો તેજાબ) જ, જો જલદ હોય તો, સારી અસર કરી શકે છે પારાનો એક 'કાળો ગંધકિલ' (મરકયુરી સલ્ફેટ) હોય છે તેની ઉપર પણ કોઇ તેજાબ અસર કરી શકતો નથી; ફક્ત સુરોખારનો તથા મીઠાનો તેજાબ ભેગો કરીએ અને તેના મિશ્રણમાં તે કાળો 'પારદક ગંધકિલ' નાખીએ તો જ ઓગળી જાય છે. આ મિશ્રણને 'અમ્લરાજ' (એકવા રીજિયા) કહે છે.

વિશેષ પારાથી ઢોળ પણ ચડે છે. ઘણાં બાળકો પૈસા ઉપર પારો ઘસીઘસીને ઢોળ ચઢાવે છે. પૈસો જો સ્વચ્છ કાટ વગરનો નવો હોય તો તરત પારો ચઢી જાય છે.

સુરોખારના જલદ તેજાબમાં પારો ઓગાળી તે મિશ્રણ જે જગ્યાએ વીંછી કરડ્યા હોય તે પર લગાડવાથી તરત આરામ થઇ જાય છે. પૈસા પર તથા બીજી કોઇ એવી ધાતુ પર એ મિશ્રણ ઘસવામાં આવે તો તરત તે ધાતુ પર (ઢોળ) ચઢી જાય છે ને તે ચાંદી જેવી ચકચકિત બને છે.

આ ઉપરાંત વૈદકમાં પણ પારાના ઘણા ઉપયોગો છે.

રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ

જગત્ શાન્તિ માટે નોબેલપુરસ્કાર મેળવનારાઓ

૧૯૦૧—ડ્યૂનાઁ (Dunaunt) જીનેવા (સ્વિટ્ઝરલૅંડ)
પાસી (Passy) પારીસ (ફ્રાંસ)
૧૯૦૨—દ્યૂ કૉમ્યૂન (Du Commun)
ગોબાટ (Gobat) બર્ન (સ્વિટ્ઝરલૅંડ)
૧૯૦૩—ક્રેમર (Cremer) લંડન (ઇંગ્લંડ)
૧૯૦૪—આ વર્ષે ઇનામની રકમ ઇન્સ્ટિટયૂટ ફૉર ઇન્ટરનૅશનલ રાઇટ્સને મળી.—ઘેન્ટ (બેલ્જિયમ)ના
૧૯૦૫—સુટનર (Suttner) વીએના (ઑસ્ટ્રિયા)
૧૯૦૬—રૂઝવેલ્ટ (Roosvelt) વૉશિંગ્ટન (અમેરિકા)
૧૯૦૭—મોનેટા (Moneta) (ઇટલી)
રેનૉલ્ટ (Renault) પારીસ (ફ્રાંસ)
૧૯૦૮—આર્નલ્ડસન (સ્વીડન)
બાયર (Baier) કોપનહાગન (ડેન્માર્ક)
૧૯૦૯—એસ્ટરનેલિસ-ડિ-કૉન્સ્ટેન્ટ, પારીસ (ફ્રાંસ)
બિયરનેર્ટ (Beernaert) (બેલ્જિઅમ)
૧૯૧૦—આ વર્ષે આ. રકમ બર્ન (સ્વિટ્ઝરલૅંડ)ની આંતરરાષ્ટ્રીય શાન્તિસભાને મળી હતી.
૧૯૧૧—આસર (Asser) હાગ (હોલૅન્ડ)
ફ્રીડ (Fried) વીએના (ઑસ્ટ્રિયા)
૧૯૧૨—રૂટ (Root) (અમેરિકા)
૧૯૧૩—લાફોન્તેન (Lafontaine) બેલ્જીઅમ
૧૯૧૪— . . .
૧૯૧૫—
૧૯૧૬—
૧૯૧૭—આ વર્ષે ઇનામની રકમ (સ્વિટ્ઝરલૅંડ)ની જીનેવા આંતરરાષ્ટ્રીય રેડ ક્રૉસ સોસાએટીને આપવામાં આવી.
૧૯૧૮— . . . . .
૧૯૧૯—વૂડ્રો વિલ્સન (Wilson) સ્ટાઉન્ટન (અમેરિકા)
૧૯૨૦—બોર્ઝ્વા (Bourjeois) પારીસ (ફ્રાંસ)
૧૯૨૧—બ્રૅન્ટિંગ (Branting) સ્ટૉકહોમ (સ્વીડન)
લાંગે (Lange) (નૉર્વે)
૧૯૨૨—નાન્સેન (Nansen) ઑસ્લો (નૉર્વે)
૧૯૨૩— . . . . . .
૧૯૨૪— . . . . .
૧૯૨૫—ચૅમ્બરલેન (Chamberlain) લંડન (ઇંગ્લંડ)
ડૉસ (Dawes) (અમેરિકા)
૧૯૨૬—સ્ટ્રેસમાન (Stresseman) બર્લિન (જર્મની)
બ્રાયાં (Briand) પારીસ (ફ્રાંસ)
૧૯૨૭—કિવદ્દં (Quidde) પારીસ (ફ્રાંસ)
બ્વિસૉં (Buisson) પારીસ (ફ્રાંસ)
૧૯૨૮— . . . . .
૧૯૨૯—કૅલૉગ (Kellog) વૉશિંગ્ટન (અમેરિકા)
૧૯૩૦—સ્યાડરબ્લોમ (Soderblom) ઉપ્સાલા (સ્વીડન)

(ગ્યૂનિચ) —નરેન્દ્રદેવ વિદ્યાલંકાર

મફત વહેંચાતું વર્તમાનપત્ર

ATUAGDGLLIUTIT આ શબ્દનો આપણે ઉચ્ચાર નહિ કરી શકીએ; પણ તે પૃથ્વીના ઉત્તરધ્રુવ પ્રદેશના એક વર્તમાનપત્રનું નામ છે. તેનો અર્થ મફત વહેંચાતું વાચન. ગ્રીનલૅંડની ડેન રાજસત્તા તરફથી જાહેર ફંડના બળે તે નભે છે અને મફત વહેંચાય છે. ઇ. ૧૮૬૦માં ગ્રીનલૅંડને ગોધાબ શહેરમાં તે પહેલવહેલું પ્રકટ થયું. દર માસે તેની ૩૦૦૦ નકલો નીકળે છે અને તેના કેટલાક વાચકો ઉત્તર ધ્રુવથી માત્ર ૨૦૦ માઇલ છેટે જ વસે છે. તે બધાને પહોંચાડવા કુતરાગાડીઓ અને બરફમાં ઘસડાતી સ્લેજ ગાડીઓ વપરાય છે. એમ છતાં દૂરના વાચકોને ત્રણત્રણ મહિને સમાચારો મળે છે!

એરંડિયામાં ગુણ શેનો છે?

ડૉકટર અને વૈદ્યોની દવામાં એરંડિયું તો મુખ્ય ઉપયોગનું ગણાય છે. હમણાં તેના ગુણોનું સંશોધન કરતાં જણાયું છે કે તેમાં સોરીસીન (soricin) નામનો એક જલદ ક્ષાર છે. તે ભયંકર ઝેરને પણ બાળી નાખે છે. કોઇપણ જંતુને માર્યા સિવાય તેના ઝેરનો તો નાશ કરી શકે છે. દાકતરો માને છે કે આના વડે હવે નુકસાન વગર કેટલા યે રોગનું મારણ થઈ શકશે. એરંડિયું આજ સુધી તેનું સ્થાન ટકાવી શક્યું છે તે આ સોરીસીનને પણ આભારી ખરું જ.

કુમારસ્વામી કાર્તિકેયે નાનપણમાં એક વાર રમતમાં એક બિલાડીને એવો માર માર્યો કે તેને ડીલે સોળ ઊઠ્યા. ઘેર જઇને જુએ તો પોતાના જનની પાર્વતીને ડીલે એવા જ સોળ ઊઠેલા! એ જોઇ દુ:ખિત થએલા બાળકે એનું કારણ પૂછતાં માતાએ કહ્યું, 'એ બિલાડીનો અને મારો આત્મા ભિન્ન નથી. કોઇપણ આત્માને તું દુભવે કે દમે એ મને દુઃખ આપ્યા સમાન ગણજે.'


'અનેકાર્થી શબ્દ' ઘાણુ=એકીસાથે એક જ વખતમાં તળાય, ખંડાય કે પિલાય એટલો જથ્થો; સંહાર: દુર્ગંધ; લાકડું કોરી ખાનારૂં એક જાતનો કીડો.

ગણિતનો ચમત્કાર

૧૫૨૨૦૭ એ રકમને ૭૩ તથા તેના ઉત્તરોત્તર અવયવી વડે ગુણતાં અનુક્રમે પુનરાવર્તિત અંકો જ આવ્યા કરશે.

૧૫૨૨૦૭× ૭૩=૧૧૧૧૧૧૧૧
૧૫૨૨૦૭×૧૪૬=૨૨૨૨૨૨૨૨
૧૫૨૨૦૭×૨૧૯=૩૩૩૩૩૩૩૩
૧૫૨૨૦૭×૨૯૨=૪૪૪૪૪૪૪૪
૧૫૨૨૦૭×૩૬૫=૫૫૫૫૫૫૫૫
૧૫૨૨૦૭×૪૩૮=૬૬૬૬૬૬૬૬
૧૫૨૨૦૭×૫૧૧=૭૭૭૭૭૭૭૭
૧૫૨૨૦૭×૫૮૪=૮૮૮૮૮૮૮૮
૧૫૨૨૦૭×૬૫૭=૯૯૯૯૯૯૯૯

—જી.ડી. જોશી (આકોલા)



સપાટ ફૂટપટ્ટી વડે શાહીથી લીટીઓ આંકતાં, કાગળ પર ફૂટપટ્ટીની કિનાર અડવાથી ડાઘા પડે છે. ઉપલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ફૂટના બે છેડા પર બે સારી પેપરક્લિપ ભરાવી દેવાથી તે કાગળથી અદ્ધર રહેશે ને ડાઘ નહિ પડે.



'બી બૉટયુલિનસ' નામનું એક જ ચમચાપુર ટૉકિસન (ઝેર) આખી પૃથ્વી પરનાં માણસોને મારી નાખવાને પૂરતું છે.


૨૦૦૦ ફૂટની સીધી ઊંચાઈવાળા માઉન્ટ આથોસની ટોચે આવેલા સેંટ બૅસિલના મઠમાં પહોંચવા માટે માત્ર ચામડાની એક ડોળી જ દોરડું બાંધેલી લટકાવેલી છે; અને ત્યાં આજસુધી કદિ કોઇ સ્ત્રીએ પગ મૂકયો નથી.

યુનાઇટેડ સ્ટેટ્સનો હાલનો કુસ્તીનો ચૅમ્પિયન જિમ લૉન્ડૉસ પોતાના ખભા પર બે આદમીને લઇને એક માઇલ સતત દોડ્યો હતો.

૧૯માંથી ૧૨ બાદ કરતાં ૯ બાકી રહે. એમ કોઈ કહે તો નવાઇ લાગે ને? પણ જુઓ બાજુએ:

$$\begin{array}{r} XIX \\ XII \\ \hline ooIX \end{array}$$

આસ્ટ્રેલિયામાં એક જાતનાં સુગંધી પતંગિયાં થાય છે જેનો રંગ તથા વાસ ચૉકોલેટ જેવાં હોવાથી તેને ફ્લાઇંગ પર્ફ્યુમ કહે છે.



ગયા અંકમાં આપેલી આ આકૃતિ, ઉપર બતાવ્યા પ્રમાણે તીરની દિશામાં સળંગ એક જ લીટી દોરીને પેન્સિલ ઉપાડ્યા વિના આલેખી શકાશે.



આપણી મેંદાની સેવો જેવી 'સ્પેઘેટ્ટી' નામની એક અમેરિકન વાની થાય છે. લૉસ ઍન્જેલિસનો માર્કો મૉફુંના નામે ઇટાલિયન એ ખાવામાં ચૅમ્પીઅન (ચક્રવર્તી) ગણાય છે. એક બેઠકે ૧૩૮ માઈલ લંબાઈની સ્પેઘેટ્ટી તે ખાઇ શકે છે. દિવસમાં તે ચાર વાર ખાય છે. ઉપર બતાવ્યો તે તો માત્ર એક કોળિયો છે!

આ અંકમાંના એક લેખમાં 'કોલોરાડો' નદીની વાત આવે છે કોલોરાડોનો અર્થ 'લાલ' થાય છે. અમેરિકામાં લંબાઇમાં પાંચમે નંબરે આવતી આ નદી જે ઊંડી ખીણો (કૅન્યન્સ)માંથી વહે છે તેના પર્વતોમાં આયર્ન ઑકસાઇડનું તત્ત્વ હોવાથી તેનાં પાણીનો રંગ રતાશ પકડે છે.

હળદર અને સાજીખારને સરખે ભાગે પાણીમાં પલાળી ચોથા ભાગનો ગુંદર તેમાં મેળવવાથી કિરમજી રંગ બનશે.

'વીસ વર્ષનો હતો ત્યારથી મેં શ્રીમંત થવાનો સંકલ્પ કર્યો હતો.'

'પણ શ્રીમંત થયો તો નહિ?'

'ના; કેમકે પછી શ્રીમંત બનવા કરતાં સંકલ્પ બદલવો એ જ સહેલું લાગ્યું.'

ફ્રાંસની વિખ્યાત ટૅનિસ રમનારી સુઝાં લૅંગ્લૅં તેની ૧૧ વર્ષની કારકિર્દીમાં માત્ર એક જ વખત હારેલી.

નેપાળનો વૈરાગી ગાયત્રી નામે સાધુ આજ ત્રીસ વર્ષથી એક જ પગે ઊભો છે.

ઍડૉલ્ફ હિટ્લર

અનુસંધાન પૃ. ૫૭૫-૭થી

નાઝી-સૈન્યનું આધિપત્ય આપવામાં આવ્યું ને બર્લિન પર ચડી જવાની બધી તૈયારી કરી. પરંતુ બીજે દિવસે સવારે ફૉન કારે સરકારી સૈન્યને વ્યવસ્થિત રીતે એકત્ર કરીને નાઝીઓ પર એટલો તો જોરાવર હલ્લો કર્યો કે હિટ્લર અને લુડેન્ડૉર્ફને પોતાના સૈન્ય સાથે નાસી જવું પડ્યું. બવેરિયાની સરકારે એ બંનેને પકડી તેમના પર રાજસત્તાને ઉથલાવી નાખવાનો પ્રયત્ન કર્યા બદલ કેસ ચલાવ્યો. તેમાં લુડેન્ડૉર્ફની મહાયુદ્ધમાંની ઉત્કૃષ્ટ સેવા લક્ષમાં લઈને તેને છોડી મૂકવામાં આવ્યો ને હિટ્લરને પાંચ વર્ષ સખ્ત મજૂરીની સજા ફરમાવવામાં આવી; પરંતુ તેને પણ અંતે દશ મહિનાની અંદર જ છોડી મૂકવામાં આવ્યો.

આ અનુભવ ઉપરથી હિટ્લર એક મોટો પાઠ એ શીખ્યો કે અત્યાચાર ને યુદ્ધના કરતાં કાયદેસર માર્ગ વધુ શ્રેયસ્કર છે. આથી હવે તેણે જર્મન પાર્લામેન્ટમાં પોતાનું સંખ્યાબળ વધારવા તરફ પાર્લામેન્ટમાં પોતાનું બધું લક્ષ વાળ્યું. પરિણામે હિટ્લરની નૅશનલ સોશ્યાલિસ્ટ પાર્ટી જર્મનીમાં આજ મુખ્ય સ્થાન ધરાવે છે ને આખા જર્મનીનું લક્ષ હિટ્લર તરફ ખેંચાઈ રહ્યું છે.

એનું વક્તૃત્વ એટલું મોહક ને ચિત્તવેધક છે કે પ્રત્યેક શ્રોતા પર તેની અસર થયા સિવાય રહેતી નથી. તેનો ચહેરો બહુ રૂઆબદાર નથી, છતાં તેની તેજસ્વી આંખો, ફ્રેંચ કટવાળી મૂછો ને કાળા ચકચકતા કેશ બહુ આકર્ષક છે અને જર્મનીમાં તો એ Der Schoene Adolf (રૂપસુંદર ઍડૉલ્ફ) તરીકે ઓળખાય છે.

તેની ભાવનાપ્રધાન ને ઉન્માદક ભાષણપદ્ધતિ તથા તેના ઉત્સાહ તેમજ આવેશ વડે જ તેણે આજ આખા જર્મનીને વશ કર્યું છે. તરુણ તરુણીઓમાં હિટ્લર બહુ જ લોકપ્રિય થયો છે એનું કારણ એની નિર્ભય નેતૃત્વશક્તિ ને ઉદાત્ત દેશપ્રીતિ છે. જગતમાંની વેપારમંદી, બેકારી, કરજનો વધતો જતો બોજો ઈ. ક્ષતિને લીધે આજે જ્યારે જર્મન રાષ્ટ્ર મરવા પડ્યું છે એવે સમયે રાષ્ટ્રનો ઉદ્ધાર કરવાને આગળ વધેલા આવા રાષ્ટ્રવીરનું કોણ સન્માન ન કરે?

ખડક સમા અડગ અને અજેય હિન્ડનબુર્ગ કે ચાણક્યબુદ્ધિ દક્ષ રાજપુરુષ બ્રૂનીંગ જેવાથી જે ન સાધી શકાયું તે કરી બતાવવાની મહત્ત્વાકાંક્ષા રાખનાર આ ઍડૉલ્ફ હિટ્લર જનતાને આજે નથી જોઈતો એમ નહિ. અને જર્મનીમાં હિટ્લર જો ચૂંટાઈ આવે તો તો જર્મનીની જ શું, પણ પડોશનાં ઇતર રાષ્ટ્રોની સુદ્ધાં કુંડલીઓ બદલાઈ જશે.

('ચિત્રમય જગત' ઉપરથી)

૭૫ રૂપિયાનાં ઈનામો વહેંચતી નવી હરીફાઈની યોજના

ગયા અંકમાં જાહેર કર્યા મુજબ આ નીચે, રૂ. ૭૫ની કિંમતનાં લવાજમો તથા ઇનામો વહેંચતી યોજનાની વિગતો આપીએ છીએ. તેમાં ભાગ લેવાને માટે નીચેની શરતો છે:

(૧) ભાગ લેનાર આ ચાલુ વર્ષનો (પોષ ૧૯૮૮થી માગશર ૧૯૮૯ સુધીનો—એટલે કે ૧૯૩૨ની સાલનો) તેમજ આવતા વર્ષનો—૧૯૩૩નો—પણ ગ્રાહક હોવો જોઇએ.

(૨) પ્રશ્નોના ઉત્તર ટૂંકામાં ટૂંકા તથા મુદ્દાસર અને પૃષ્ઠસંખ્યા સાથે આપવા જોઇએ. નમૂના દાખલ અમે ગયા અંકમાં પૂછેલા પ્રશ્નોના ઉત્તર આ નીચે આપ્યા છે.

(૩) ઉત્તરો મોડામાં મોડા ફેબ્રુઆરીની ૧૦મી તારીખ સુધીમાં કુમાર કાર્યાલયમાં પહોંચવા જોઇએ.

(૪) ઈનામો નીચેના ક્રમમાં વહેંચવામાં આવશે:

૧ પહેલું ઇનામ: જેના બધા જ પ્રશ્નો સાચા હોય તેને—(અથવા એક કરતાં વધુ જણના પ્રશ્નો બધા સાચા હોય તો તેવાઓમાંથી ચિઠ્ઠી નાખીને આવતાં જેનું નામ નીકળે તેને): 'કુમાર'નાં બે લવાજમ રૂપે. રૂ. ૧૨–૦

તે પછી અનુક્રમે સાચા ઉત્તરો આપનારાઓને, તેમની સંખ્યાના પ્રમાણમાં નીચેના ક્રમમાં:

૪ ઇનામ–દરેક રૂપિયા ૬ નું–'કુમાર'ના એક વર્ષના લવાજમ રૂપે. કુલ રૂ. ૨૪–૦

૫ ઇનામ–દરેક રૂપિયા ૩નું –'કુમાર'ના છ માસના લવાજમ રૂપે. કુલ રૂ. ૧૫–૦

૧૧ ઇનામ–દરેક રૂ. દોઢનું–'કુમાર'ના ત્રણ માસના લવાજમ રૂપે. કુલ રૂ. ૧૬–૮

૬ ઇનામ દરેક રૂ. સવાનું. ચિત્રશતકનું પુસ્તક રૂ. ૭–૮

(૫) ઉત્તરોની તપાસણીમાં, ચિઠ્ઠી નાખવામાં તથા ઇનામોની વહેંચણીમાં તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે.

(૬) ઉપરનાં બધાં ઇનામો રોકડેથી નહિ પણ જેની તેની વિ-

ગતમાં જણાવ્યા મુજબ લવાજમ અથવા પુસ્તક રૂપે જ આપવામાં આવશે. જેમનાં લવાજમ ૧૯૩૩ના વર્ષ માટે ભરાઈ ચૂક્યાં હશે તેમને તે પછીના વર્ષના ગ્રાહક તરીકે ચાલુ ગણી લઇને વસુલ આપવામાં આવશે.

ગયા અંકમાં પૂછેલા નમૂનાના પ્રશ્નોના ઉત્તરો નીચે મુજબ છે.

પૃ. ૪૬૫ 'લોપાયલી નગરીની ભૂમિમાં' કાવ્યની છેલ્લી લીટી.

પૃ. ૪૧૧ કાઉન્ટ ફૉન લ્યુકનેરનો 'કુમાર'ના વાચકોને સંદેશો.

પૃ. ૪૧૬ રશિયાની જાતીય સભાની બેઠક મળી, જેમાં વીરા ફિગ્નરે ભાગ લીધો.

પૃ. ૪૦૯ સામેની પ્લેટ ઉપર. ઈ.સ. પૂર્વે પર[illegible]માં.

પૃ. ૩૪૭ અત્યાર લગી જે માનતા આવ્યા હીએ કે પ્રકાશનાં કિરણો સીધી લીટીમાં જ જાય છે તેને બદલે સૂર્યની પાસેથી જતાં તે ગુરુત્વાકર્ષણથી આકર્ષાઈ વાંકા વળે છે.

પૃ. ૩૩૮ આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ

પૃ. ૩૧૨ સ્ટુઅર્ટપુરમ્–કાળાનગરીના કાળાઓ

પૃ. ૨૮૫ ચાહના રાજા લિપ્ટનના ચરિત્રમાં.

આ ઢબે હવે નીચેના પ્રશ્નોના ૪૦ ઉત્તરો પૃષ્ઠસંખ્યા સાથે ટૂંકામાં ટૂંકી રીતે છતાં સંપૂર્ણ વિગતપૂર્વક લખી મોકલો.

હજી યે આનાકાની?

આ સામેના પાના પર વાર્ષિક સાંકળિયું આપેલું છે તેના પર બે ઘડી ધ્યાનપૂર્વક નજર ફેરવી જોશો તો જણાશે કે કેટલી વિવિધ, કેટલી રસપૂર્ણ, કેટલી સમૃદ્ધ, વાચન વિચાર ને વિનોદની સામગ્રી ગયા આખા વર્ષ દરમ્યાન 'કુમારે' આપી છે. એમાં આપેલી વાર્તાઓ, કાવ્યો ને લેખોની યાદી ઉપરાંત ખાસ ધ્યાન ખેંચે છે તે 'કુમાર'નું હમેશનું વિશિષ્ટ અંગ–– તેનાં પૂર્ણરંગી અને બહુરંગી ચિત્રો. 'કુમારે' ગયા વર્ષમાં ૨૩ ત્રિરંગી અને ૪૪ વિવિધરંગી ચિત્રો આપ્યાં છે. એ ઉપરાંત આખા વર્ષ દરમ્યાન તેનાં સવા છસ્સો પાનાંમાં ૩૨૭ બીજાં સાદાં ચિત્રો વાંચનની સાથે આપ્યાં તે જુદાં. આ પછીનાં બે પૃષ્ઠો પર પથરાએલી એ સમૃદ્ધ સામગ્રી તમને વરસે છ રૂપિયાગાં મળી છે એ બાબત ફરીથી વિચાર કરી જોશો તો, અમારી ખાતરી છે કે, આવતે વર્ષે ગ્રાહક રહેવા બાબત હજી યે તમારા મનમાં કાંઇ પણ આનાકાની હશે તો ટળી જશે.

પ્રશ્નો

નખીરા તળાવ કોના સ્મરણમાં બંધાયું છે?

સુપરમેરીન શું છે ને શાને માટે પ્રખ્યાત છે?

"મારો કોને લોભ ન નડશે,
મારો કાંઇ શોક ન કરશો." એ કોણે ગાયું છે?

વિટવૉટર્સરૅન્ડ શું છે ને ક્યાં છે?

અબ્જદ પદ્ધતિ શું છે?

પુંગી એટલે શું?

સ્ટૅમ્પ નામનું યંત્ર શા કામમાં આવે છે?

સેજદો કરવો એટલે શું?

"પ્રેમ જો અંતરમાં હશે તો
એ પાંગરીને કદી ફૂલ ખીલશે." કોની કવિતા? કયે પાને?

પ્રફુલ્લચંદ્ર મુકરજી કોણ છે?

ડાળી વિનાનું ઝાડ કયું?

લેફાટાયા શું છે અને ક્યાં છે?

દુનિયાની ઊંચામાં ઊંચી પોસ્ટ ઑફિસ ક્યાં આવી?

ગુરમટાની કાચી જેલના અનુભવમાં કોની વાત આલેખાએલી છે?

સંવત [illegible]ની વસંતપંચમીએ કઇ વિદ્યાપીઠની સ્થાપના થઇ?

સપ્તર્ષિનું બીજું નામ શું?

જ્કરા શું છે?

ભીમ ગુજરાતી કોણ હતો?

ગુજરાતમાં કેટલી જાતનાં પક્ષીઓ થાય છે?

કયા ઝાડનાં પાંદડાં બ્રહ્મદેશમાં પોટકાં બાંધવામાં વપરાય છે?

ઇંગ્લંડનું ચિત્રકળા મંડળ 'રૉયલ ઍકેડેમી' ક્યારે સ્થપાયું?

કાચની ચીમનીની શોધ કોણે કરી?

ઇન્ફ્રારેડ કિરણો શું છે અને ક્યારે શોધાયાં?

મેઘધનુષના રંગો યાદ રાખવા માટે કયો અંગ્રેજી શબ્દ છે?

આંધળો માણસ પણ ઓળખી કાઢે એવી વનસ્પતિ કઇ?

હાથીઓના મૃત્યુ વિષેની દંતકથાને આધારે કઇ વાર્તા આવી ગઇ?

મૂળતત્ત્વો ૧૩૭ નહિ પણ માત્ર ૯૨ છે એવું હમણાં કયા હિંદી ગણિત શાસ્ત્રીએ સિદ્ધ કર્યું છે?

હિંદમાં સ્વદેશીની પ્રવૃત્તિના આદ્ય દ્રષ્ટા કોણ?

ડ્યુબેન્ડૉર્ફ એરોડ્રોમ ક્યાં આવ્યું?

"ગરુ અગસ્ત્યે જડતા ઉલેચવા
પીધો હતો સાગર અંજલિ મહીં;
માણી હતી એમ સહસ્ર રાત્રિઓ,
સંસારની એક જ રાત્રિએ ચડી."—એ કોણે ગાયું?
અને કયા કાવ્યમાં એનું સૂચન છે?

દુનિયામાં સૌથી વધુ વસ્તીવાળું શહેર કયું? ને તેની વસ્તી કેટલી?

તાજમહાલ બાંધનાર કારીગરનું નામ શું?

ગ્રેફાઇટ શું છે ને શા કામમાં આવે છે?

આઠ આપકળાઓ કઇ?

૧૯૦૭ની સાલથી આપણું કયું ચલણી નાણું ચાલુ થયું?

દુનિયાભરમાં અભેદ્ય અને ભયંકર ગણાતું ગાઢામાં ગાઢું જંગલ કયું અને ક્યાં આવ્યું?

લીગ ઑફ નેશન્સનો સ્થાપક અને પિતા કોણ?

ડેવિડ ગૅરિક કોણ હતો?

કયા કયા હિંદીઓને નોબલ ઇનામ મળ્યાં અને તે શા માટે?

હીનયાન શું છે?

કુમાર

પોષ'૮૮થી — માગશર'૮૯

વર્ષ નવમું

મુખ્ય ચિત્રો

પૂર્ણરંગી

વિવિધરંગી